॥ શ્રી ॥

માનતુંગાચાર્ય વિરચિત મહાપ્રભાવિક

# શ્રી ભક્તામર સ્તોત્ર

( પંચાંગી વિવરણ )

સંકલનકાર :

રસિકલાલ છગનલાલ શેઠ

B. Com

॥ શ્રી ॥

માનતુંગાચાર્ય વિરચિત મહાપ્રભાવિક

શ્રી

# ભક્તામર સ્તોત્ર

(ઐતિહાસિક પૂર્વભૂમિકા, મૂળ, અન્વય,
અર્થ અને પરમાર્થ સહિત પંચાંગી વિવરણ)

સંકલનકાર

રસિકલાલ છગનલાલ શેઠ. B. Com.

**ગ્રંથમાળા**—માતુશ્રી ડાહીબાઈ ગ્રંથમાળા, પુષ્પ-૧
**પ્રકાશક**—નિરંજન રસિકલાલ શેઠ
૧૮, પટેલ કોલોની, સિદ્ધનાથ રોડ, વડોદરા.
**ત્રીજી આવૃત્તિ**—પ્રત ૨૦૦૦,
**પ્રકાશન તિથિ**-વિ સં. ૨૦૪૪-દેવદિવાળી, ઈ.સન. ૧૯૮૭
**પ્રાપ્તિસ્થાન**— (૧) શ્રી રમણલાલ છગનલાલ શેઠ
૨૦, વણિક નિવાસ, કામાગલી,
ઘાટકોપર, મુંબઈ-૮૬.
(૨) શ્રી ધીરજલાલ વૃજલાલ શાહ
નં. ૨૩, રિદ્ધિશ્વર સોસાયટી,
અમદાવાદ-૧૩.
(૩) શ્રી નિરંજન રસિકલાલ શેઠ-પ્રકાશક
**મૂલ્ય**—રૂા. ૫-૦૦
**મુદ્રક**—સુનિલ નાનાલાલ શાહ, સર્વોદય મુદ્રણાલય
મુ. સાદરા, પી. નં. ૩૮૨૩૨૦.
(જિ. અમદાવાદ).
**નોંધ**—(આ પુસ્તિકાના સર્વ હક્ક લેખકને સ્વાધિન છે).

આ ધાર્મિક પુસ્તિકા પ્રભુસ્તુતિની છે,
તેની કોઈ પણ પ્રકારે આશાતના કરશો નહિ.

## મિચ્છામિ દુક્કડમ્

શ્રી ભક્તામર સ્તોત્રના પરમાર્થ ભાવોનું વિવરણ કરતાં મતિમંદતાથી કે ક્ષયોપશમના અભાવે જિનવચનથી કંઈપણ વિપરિત લખાઈ ગયું હોય તો અનંતા સિદ્ધ ભગવંતોની સાક્ષીએ તેનું "**મિચ્છામિ દુક્કડમ**" લઉં છું.

# સમર્પણ

પરમાર્થથી

આ યુગની આદિના કરનારા પરમ ઉપકારી

**પ્રથમ તીર્થંકર ભગવંત**

## શ્રી ઋષભનાથ જિનેશ્વરને

જેમણે

આ યુગમાં સૌ પ્રથમ **મોક્ષમાર્ગ** પ્રવર્તાવીને ભવ્ય

**જીવોને મોક્ષ પામવાનો રૂડો રાહ બતાવ્યો.**

卐

વ્યવહારથી

## સ્વ. કુમારી કલાને

જે વર્ષોથી ખૂબ ભાવપૂર્વક નિરંતર

**શ્રી ભકતામર સ્તોત્રનો પાઠ કરતી હતી**

અને ફળસ્વરૂપે

**અંતિમ સમયે શ્રી ભક્તામર સ્તોત્રની**

અંતિમ ગાથાનું અંતિમ ચરણ

**"તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ ।।"**

પૂરેપૂરું બોલીને અંતિમ શ્વાસ લઈને

**શ્રી આદિનાથ પ્રભુને સમર્પિત થઈ ગઈ**

---

રસિકલાલ છગનલાલ શેઠ. B. Com.

[ વડોદરા    દેવદિવાળી    વિ. સં. ૨૦૪૪ ]

# આભાર-દર્શન

ઘણા સંત-સતીજીઓને આ સ્તોત્રના પરમાર્થ કહેવાનું બનતું ત્યારે સહેજે પુછતા, "આ જ્ઞાન કોની પાસેથી મેળવ્યું ? "ગુરૂ કોણ ?"

પ્રત્યુત્તરમાં કહેવાનું થતું, "ગુરૂગમથી જ્ઞાન પ્રાપ્ત કરવાનો લાભ તો નથી મળ્યો, પણ પરોક્ષ રીતે ઘણા સંત-સતીજીઓને જેમ જેમ સ્વાધ્યાય કરાવવાનું થયું, અને તે આજ સુધી ચારસોથી વધુ સંખ્યામાં થયું છે, અને ત્યારે તેઓશ્રી આશંકારૂપે જે પ્રશ્નો ઉઠાવતા ગયા, તેમ તેમ સિધ્ધાંતના ઊંડાણમાં ઉતરવાનું મારે થયું છે; અને ઊંડુ ચિંતવન કરવાનું પણ થયું." આ અરસામાં પૂ. અમોલખ ઋષિજીની બત્રીસી તથા પૂ. ઘાસીલાલજી મહારાજ સાહેબની ટીકાઓ અવલોકવાનું પણ બન્યું અને બધાના આધારે આ પરમાર્થ ઘડાયા. આમ પૂજ્ય સંત-સતીજીઓનો મહદ્ ઉપકાર મારા ઉપર પ્રત્યક્ષ રહેલો છે અને પરોક્ષ ઉપકાર તો જિનેશ્વર ભગવંતો કે જેમનો માર્ગ અને શાસન પામવાનું સદ્ભાગ્ય મળ્યું છે તેમનો તો અસીમ ઉપકાર મારા ઉપર-આપણા સહુ ઉપર છે જ.

આ પરમાર્થ ઘટાવવાનું શ્રેય પણ વીતરાગ વાણીને જ છે. જે કંઈ દોષ રહી ગયો હોય તે મારો છે. તે બદલ જિનેશ્વર ભગવંત પાસે ક્ષમા યાચું છું.

ચિંતવન સમયે ઘણી વખત આત્મસ્ફુરણા પણ થઈ છે. અને તે જ ભાવ પાછળથી સિદ્ધાંતમાં વાંચવા મળ્યા છે. આથી સ્પષ્ટ પ્રતીતિ થઈ કે જ્ઞાન અંતરમાં જ પડેલું છે. માત્ર તેને પ્રગટાવવાનો પુરૂષાર્થ કરવાની જ ખામી છે. અને આપણામાં જો પ્રબળ જિજ્ઞાસા પ્રગટે તો અંતરમાંથી જ તેનો ઉકેલ અવશ્ય મળે છે. જિજ્ઞાસુ ભાઈ-બહેનોના અંતરમાં શ્રધ્ધાદીપ પ્રગટાવવા માટે જ આ અનુભવની વાત અત્રે લખી છે.

મારા પિતાશ્રી શેઠ છગનલાલ ચતુરભાઈ અત્યંત સુખી અને સૌરાષ્ટ્રના વાંકાનેર રાજ્યના નગરશેઠ હોવા છતાં અત્યંત ધાર્મિક વૃત્તિવાળા તથા જૈન તત્ત્વજ્ઞાનના જાણકાર હતા અને માતુશ્રી ડાહીબેન અત્યંત દયાળુ સ્વભાવના અને સંત સતીજીઓની ખૂબ ભક્તિભાવપૂર્વક સેવા કરવાવાળા હતા. તેથી સહેજે બચપણથી જ ધાર્મિક સંસ્કારની અસર હતી; જે સંસ્કારોનું સીંચન કોલેજકાળના મોહમયી મુંબઈ નગરીના વસવાટ દરમ્યાન સગપણની રૂએ ભાણેજ અને પરમમિત્ર એવા શ્રી જયસુખલાલ પ્રભુલાલ શાહ જામનગર જે પોતે બચપણથી જ અત્યંત ધાર્મિક વૃત્તિના તથા નવતત્ત્વ આદિના પ્રખર જાણકાર હતા–તેમણે કર્યું. પણ તે સંસ્કારો સુષુપ્ત દશામાં પડેલા હશે, તે વડોદરા આવવાનું બનતાં ઘણા સંત-સતીજીઓના સમાગમમાં આવવાથી વિકાસ પામ્યા જેના પરિપાક રૂપે આ ગ્રંથનું જૈન તત્વજ્ઞાનની દૃષ્ટિએ સંકલન થયું અને આજે આપના કરકમલમાં મુકવા સમર્થ થયો છું. તે બદલ સંત-સતીજીઓ ઉપરાંત મારા પિતાશ્રી, માતુશ્રી તથા પરમ મિત્ર એવા શ્રી જયસુખભાઈનો હું અત્યંત ઋણી છું.

પાંચેક વર્ષ પહેલાં ધર્માનુરાગી ભાઈશ્રી રસીકલાલ ચંદુલાલ શાહની પ્રેરણાથી શ્રી વરલી મૂર્તિપૂજક સંઘોના આમંત્રણથી શ્રી ભક્તામર સ્તોત્રના પરમાર્થ કહેવા માટે વરલી-મુંબઈ જવાનું થયેલું; ત્યારે જિજ્ઞાસુ સોલીસીટર શ્રી હરખચંદભાઈ ગડાએ સૂચન કરેલ કે શ્રી. ભક્તામર સ્તોત્રના દરેક શબ્દના અન્વયાર્થ આપવામાં આવે તો સહુને વિશેષ ઉપયોગી થાય તેમનું સૂચન વધાવીને આ નવું સંસ્કરણ સંપૂર્ણ અન્વયાર્થ સાથે આપના કરકમળમાં મૂકતાં હર્ષ થાય છે. તેનું સઘળું શ્રેય શ્રી હરખચંદભાઈ, તેમના પિતાશ્રી સંઘ પ્રમુખ શ્રી બાબુભાઈ, શ્રી ચંદુભાઈ ઠક્કર, શ્રી મોહનલાલ ભૂતાજી, વગેરે ત્યાંના ભક્તામર પ્રેમી ભાઈબહેનોને છે, ઉપરાંત

શ્રી. ખરતર ગચ્છ સંઘ તરફથી આર્થિક સહયોગ પણ નીચે પ્રમાણે મળેલ છે તથા વરલી સંઘોના બીજા પણ જે જે ભાઈ બહેનોએ આર્થિક સહયોગ મારું બહુમાન કરતી વખતે આપેલ તે બદલ તે સહુનો આભાર માનું છું.

રૂા. ૩૧૦૦ શ્રી. વરલી ખરતર ગચ્છ સંઘ હા. સંઘપ્રમુખ શ્રી બાબુભાઈ ગડા.

રૂા. ૧૯૦૦ મારૂં બહુમાન કરતી વખતે શ્રી. વરલી સંઘોના ભાઈબહેનોએ આપેલ રકમ તે આ પ્રકાશનમાં વાપરી છે.

રૂા. ૫૦૦૦

રૂા. ૧૫૦૦ ભાઈ શ્રી કાંતિલાલ સુખલાલ શાહ જે મુંબઈના શ્રી મૂર્તિપૂજક સંઘના અગ્રણી કાર્યકર છે ને ત્યાંની બધી પાઠશાળાઓનું સંચાલન કરતી સંસ્થાના માનદ મંત્રી છે. તેમના સહયોગ બદલ ખૂબ આભાર માનું છું.

શ્રી. ચંપકનગર સ્થા. જૈન સંઘ નવા વાડજના પ્રમુખ શ્રી ધીરજલાલ વૃજલાલ શાહનો-પ્રકાશન તથા વીતરણ કાર્યની સંપૂર્ણ જવાબદારી સંભાળી લેવા બદલ ખૂબ આભાર માનું છું.

આનું મુદ્રણકાર્ય સુઘડ ને ઝડપી કરી આપવા બદલ શ્રી. સર્વોદય મુદ્રણાલય સાદરાવાળા શ્રી બીપીનભાઇનો આભાર માનું છું.

આ ઉપરાંત જે કોઈ ભાઈબહેનોએ આ કાર્યમાં સહકાર આપ્યો હોય કે શુભેચ્છા પાઠવી હોય તે સર્વનો આભાર માનું છું.

૧૮, પટેલ કોલોની, સિદ્ધનાથ રોડ<br>વડોદરા-૧ (૩૯૦ ૦૦૧) } રસિકલાલ છગનલાલ શેઠ

મિચ્છામિ દુક્કડમ્

આ લખાણ માત્ર ઉપર ઉપરથી વાંચી જવું પુરતું નથી. આત્માને કલ્યાણકારી એવું તત્ત્વજ્ઞાન તેમાં પરમાર્થથી ગુંથેલું હોઈ વારંવાર ચિંતન મનન કરવા યોગ્ય છે.

# પ્રસ્તાવના

આ નાનકડી પણ આગવી પુસ્તિકાની પ્રસ્તાવના લખતાં અતિ આનંદ અનુભવું છું. શ્રી રસિકભાઈ સાથેનો પરિચય બહુ જ ટુંકો છે; પણ ટુંક પરિચયમાં તેઓશ્રીએ મારા અને અમારા સૌના મનને ખુબજ આકર્ષ્યું છે. તે આકર્ષણનું કારણ તેમની ધર્મ પ્રત્યેની શ્રધ્ધા, જ્ઞાનની વિશાળતા, આચરણની દ્રઢતા, સમતા આદિ ગુણોમાં રહેલું છે. જૈનદર્શનનું આ વિશિષ્ઠ તત્ત્વજ્ઞાન તેઓશ્રીએ પાછલી ઉંમરે ગુરૂગમનો લાભ પામ્યા વગર ત્રણ ચાર વર્ષમાં મેળવ્યું તે તો ખરેખર આશ્ચર્યજનક છે. તે તેમની તન્મયતા અને જૈનધર્મ પ્રત્યેની અતૂટ શ્રધ્ધાનો પુરાવોછે. સંસારત્યાગ વગર ધાર્મિક જ્ઞાન પ્રગટ ન થાય તેવી જે વિચારધારા ઘર કરી ગઈ છે...કે અમે સંસારમાં છીએ, છૂટે તેમ નથી - તેથી જ્ઞાન કેવી રીતે મળે ? વિગેરે જે વિચારો છે તે શ્રી રસિકભાઈના દાખલાથી ખોટા પુરવાર થાય છે. સંસારમાં રહ્યા છતાં અલ્પ સમયમાં તેમણે જે પ્રગતિ સાધી છે તે ખરેખર પ્રશંસનીય છે.

મદ્રાસ મારા ઘરે તેઓશ્રીએ શ્રી ભક્તામરના જે પરમાર્થ કહ્યા તે સાંભળી બધાને ખરેખર આનંદ અને આશ્ચર્ય થયા. આ સ્તોત્રનો પાઠ તો હું, તમે અને આપણે હરહંમેશ કરીએ છીએ; પણ આ સમજ ન હતી કે આ સ્તોત્રમાં આટઆટલું તત્ત્વજ્ઞાન, ભાવ, ભરેલા છે, તેનો તો રસિકભાઈના સમજાવવાથી ખ્યાલ આવ્યો અને તેઓશ્રી પ્રત્યે માન, પ્રેમ, ઉપકારની લાગણીઓ ઉદ્‌ભવી. પુજ્ય શ્રી માનતુંગાચાર્યે તો આપણા ઉપર આ સ્તોત્ર ગુંથીને મહાન ઉપકાર કર્યો જ છે. પણ જો શ્રી રસિકભાઈ આપણને પરમાર્થ ન સમજાવે તો આચાર્યદેવે આ સ્તોત્ર રચી આપણા ઉપર જે ઉપકાર કર્યો, તે આપણને પૂર્ણપણે ન ફળે. ધારો કે આપણે નદી પાર કરવી છે. નાવ છે.

નાવમાં હલેસા પણ છે, બધું જ સાધન તૈયાર છે પણ નાવિક નથી. તો નદી પાર કોણ કરાવશે ? શ્રી રસિકભાઈ આપણા માટે નાવિક બન્યા છે. ભવસાગર પાર કરાવવા તૈયાર થયા છે. વાર છે ફકત આપણા પુરૂષાર્થની. માર્ગ પણ ઘણો જ સરળ બતાવ્યો છે. તેઓશ્રીએ ખૂબખૂબ શ્રમ લઈ આ પુસ્તિકા તૈયાર કરી છે, ખૂબ જ ઉત્કૃષ્ટ રસથી પરમાર્થનું દોહન કર્યું છે; અને તે કાર્ય કરતા અનંતા કર્મોની બેડીથી તેઓ મુક્ત થયા હશે. ત્રણેક વર્ષથી ઘણા સંત–સતીજીઓને આના પરમાર્થ કહેતાં તેમને પણ અતિ લાભ થયો; તત્ત્વચિંતનના ઊંડાણમાં જવાનું થયું અને તેના પરિપાક રૂપે આ ગ્રંથનું નિર્માણ થયું. આ પ્રમાણે જ્ઞાનદાન એ સ્વપર કલ્યાણક છે; એમ તેમણે ખંત અને ઉત્સાહપૂર્વક સાબીત કર્યું.

પ્રસ્તુત પુસ્તિકામાં આચાર્યશ્રીએ તીર્થંકર પ્રભુના ગુણગાન કરવાની સાથે સાથે પરમાર્થથી સમસ્ત જૈન તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ ગુંથી લીધું છે. 'ભક્તામર' શબ્દથી શરૂઆત કરીને 'જીવ' તત્ત્વની જે ત્રણ દશા બહિરાત્મ દશા, અંતરાત્મ દશા ને પરમાત્મ દશાનું સ્વરૂપ તે એક જ શબ્દથી પરમાર્થથી કહી દીધું છે. તે આચાર્ય. શ્રીની કવિત્વશક્તિની તથા સિધ્ધાંતના પારગામીપણાની પ્રતીતિ આપે છે. પ્રત્યેક સંસારી જીવ શરૂમાં તો બહિરાત્મ દશામાં જ એટલે કે મિથ્યાત્વ અને અજ્ઞાનરૂપી અંધકારમાં જ પડેલો હોય છે. તે દશા કેમ દૂર કરવી અને પ્રભુપદને કેમ પ્રાપ્ત કરવું તેનો અતિ રૂડો અને સરળ માર્ગ આ સ્તોત્રની ગાથાએ ગાથાએ બતાવેલો છે. જેનું મનન અને ચિંતવન કરીને અને તે માર્ગને આદરીને વાચક પોતાનું આત્મકલ્યાણ સાધશે એ જ અભ્યર્થના.

ખાસ કરીને આ સ્તોત્રમાં મોક્ષમાર્ગના પાયારૂપ સમ્યગ્દર્શન ઉપર એટલે કે જીવના રૂડા ભાવ પર ઠેકઠેકાણે આચાર્યશ્રીએ ભાર મુકેલો છે, તેવા રૂડા ભાવને, સમકીતને આપણે કેમ પામીએ ? અને પછી સમ્યક જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી, મોક્ષમાર્ગનું, બ્રહ્મચર્ય અને અહિંસા વ્રતને ઉપલક્ષણે પંચ મહાવ્રતનું, આઠે કર્મોનું અને તેને કેમ

ખપાવવા, તીર્થંકર નામ કર્મનું, તીર્થંકર પ્રભુના કેવળ મહોત્સવ વખતે રચાતા સમવસરણાદિનું તથા તે વખતે પ્રગટતા દિવ્ય અતિશયોનું, તીર્થંકર પ્રભુનું અને તેમના કહેલા વીતરાગ માર્ગનું અનન્યપણું, અને છ દ્રવ્યાદિનું જે સ્વરૂપ સુંદર ઉપમાઓમાં ગુંથી લીધું છે તેને આપણે શ્રદ્ધાપૂર્વક અંતરમાં ઉતારશું તો જૈનાગમમાં રહેલા વિશાળ તત્વજ્ઞાનની આપણને થોડી ઝાંખી થશે.

ધર્મશાસ્ત્ર અને આધ્યાત્મિક શાસ્ત્રના ઘણા ગ્રંથો હાલ પ્રસિદ્ધ થયા છે. જે દાર્શનિક ચર્ચાઓથી ભરેલા હોઈ સામાન્ય જનતા માટે ઘણા ઘણા ઊંચા છે. તેનો લાભ ગુરૂગમ વગર સામાન્ય જનતા ન મેળવી શકે પરંતુ પ્રસ્તુત પુસ્તિકામાં સરળ ભાષામાં સંક્ષેપમાં જૈન દર્શનના બધા જ મુખ્ય સિધ્ધાંતોનો સમાવેશ થાય છે તે અત્યંત ઉપકારી છે. આવા તાત્વિક સ્વરૂપના પરમાર્થ હજી સુધી આપણા સમાજમાં કોઈએ ઘટાવ્યા નથી તે જ આની વિશેષતા છે. સાધુ સાધ્વીજી, શ્રાવક, શ્રાવિકા, ચારે વર્ગને ઉપયોગી થાય તેવી વિશેષતા ધરાવતી આ પુસ્તિકા છે. જેનો બધા લાભ લેશે એવી આશા રાખુ છું. બાકી તો વાચક, વાંચ્યા બાદ મનન કરવાથી આની ઉપયોગીતા સમજી શકશે.

વાંચકવૃંદ ! આ ગ્રંથના અધ્યયનથી, મનનથી, સદુપયોગથી, શાશ્વત સુખ મેળવવા ભાગ્યશાળી બને અને વિવિધ તાપરૂપી અગ્નિમાં તપી રહેલા આ સંસારમાંથી વિમુક્ત થઈ, શાંત, શીતળ બને; કેવળ જ્ઞાન પ્રગટાવી શાશ્વત સુખ મેળવવા ભાગ્યશાળી બને તે જ અભ્યર્થના.

અને શ્રી રસિકભાઈ—કે જેમના નિરાભિમાનીપણાનું આપણે પણ અભિમાન લઈએ—તેવા રસિકભાઈ માટે પણ એ જ પ્રેમભરી ભાવના છે. અને તેઓશ્રીનો સદાય વિકાસ થતો રહે અને આત્મલક્ષને જલદી પહોંચે તે જ ભાવના છે.

**સુરેન્દ્રભાઈ એમ. મહેતા, પ્રમુખ.**
શ્રી ગુજરાતી શ્વે. સ્થા. જૈન એસોસીએશન.—મદ્રાસ-૭

## શ્રી ભક્તામર સ્તોત્રના પ્રશ્નો

(૧) "ભક્તામર" શબ્દના શબ્દાર્થ ને પરમાર્થ લખો. તેમાં નવ તત્ત્વનું સ્વરૂપ કેવી રીતે ઘટે છે તે સમજાવો.

(૨) સ્તોત્ર શબ્દનો અર્થ સમજાવો. તે ક્યારે ને કેવી રીતે કરવું જોઈએ જેથી તેનો લાભ મળે.

(૩) તેની રચના કોણે, ક્યાં ને કેવા સંજોગોમાં કરી તે લખો.

(૪) તેની રચનાનો હેતુ જણાવો.

(૫) તેની પહેલી ગાથામાં જ ચાર ગતિનું ૧૮ પાપસ્થાનકનું, ૭ માસનું સ્વરૂપ કેવી રીતે બતાવ્યું છે તે લખો.

(૬) ભોજરાજાએ આચાર્યશ્રીને કેટલી જંજીરોથી બંધાવ્યા હતા? પોતાની જાતને બંધાવા દઈને રાજાને ને આપણને શું બોધ પરમાર્થથી આપ્યો?

(૭) પાપ અને તમસ્ નો પરમાર્થ સમજાવો.

(૮) પહેલીજ ગાથામાં સમ્યક્ત્વનું સ્વરૂપ કયા કયા શબ્દોથી સૂચવાય છે, તેના પરમાર્થ લખો. તેનું શું ફળ મળે?

(૯) જીવમાત્ર અનાદિ અનંતકાળથી કઈ દશામાં રહેલા છે? તેમાંથી કેમ છુટાય?

(૧૦) રાજા ચમત્કારથી અંજાયેલો છે, તે ચમત્કારોના પ્રભાવોને આચાર્યશ્રીએ એકપણ શબ્દનો બોધ દીધા વગર સ્તુતિની શરૂઆતથી જ કેવી રીતે દૂર કર્યા?

(૧૧) સંસારની ગતિ કેટલી છે? તેમાં ઋદ્ધિમાં સૌથી ચડિયાતી કઈ ગતિ છે? મોક્ષની પ્રાપ્તિ કઈ ગતિમાંથી થાય છે, સૌથી દુઃખમય ગતિ કઈ છે તે પ્રમાણ આપીને જણાવો.

(૧૨) આ સ્તુતિ શ્રી નવકાર મંત્રના કયા પદની કેવી રીતે છે?

(૧૩) આ સ્તુતિ કોની છે? તેની સાબિતિ આપો.

(૧૪) ભવસાગર તરી જવાનો સૌથી સરળ ને સચોટ ઉપાય શું બતાવ્યો છે? ક્યાં, કેવી રીતે?

(૧૫) તીર્થંકરોની સ્તુતિ અનાદિકાળથી કોણ ક્યારે, કયા પાઠથી કરે છે તે લખો?

(૧૬) અનાદિકાળની સ્તુતિનો પાઠ કરવાને બદલે આચાર્યશ્રીએ પોતે જ નવી સ્તુતિ રચવાની પ્રતિજ્ઞા કેમ કેવા શબ્દથી કરી?

(૧૭) યતિના ધર્મ (ગુણ) કેટલા છે? તેના નામ લખો. તેમાંના કયા ધર્મનું સ્વરૂપ ત્રીજી ને ચોથી ગાથામાં કઈ ઉપમાઓથી બતાવે છે તે લખો.

(૧૮) પ્રભુના ગુણોનો મહિમા અને પોતાની લઘુતા ક્યાં કેવી રીતે કહી છે.

(૧૯) પોતે અલ્પમતિ, શક્તિહીન હોવા છતાં કઈ શક્તિથી પોતાની પ્રતિજ્ઞા પૂરી કરશે, તેની ઉપમાઓ સાથે લખો. બાળ અને પંડિતનું સ્વરૂપ સમજાવો.

(૨૦) પ્રભુનું સંસ્તવ કરવાથી જીવાત્માને શું ફળ મળે તેની ઉપમા સાથે લખો.

(૨૧) શક્તિ વિના ભક્તિ કરું છું એ ક્યાં કઈ ઉપમાઓથી કહ્યું છે?

(૨૨) કોયલની ઉપમાનો પરમાર્થ જણાવો.

(૨૩) સૂર્યની ઉપમા તીર્થંકરને કેવી રીતે ઘટે છે?

(૨૪) સંત સમાગમની મહત્તા ક્યાં કઈ ઉપમાથી બતાવી છે?

(૨૫) જગતના સર્વ પાપોને દૂર કરવાની શક્તિ શેમાં રહેલી છે?

(૨૬) અન્ય ધર્મસ્થાપકોની અપેક્ષાએ તીર્થંકર ભગવંતનું ખાસ બિરુદ શું છે? તે ક્યાં કઈ ઉપમાથી કહ્યું છે?

(૨૭) શ્રી ભક્તામરના સારરૂપ કઇ ગાથા છે? કેવી રીતે?

(૨૮) ભાવપૂર્વક જે ભગવાનની ભક્તિ કરે તેને શું ફળ

મળે ? ક્યાં કઈ ઉપમાથી કહ્યું છે ?

(૨૯) સમકિત એટલે શું ? તેનું સ્વરૂપ ક્યાં કઈ ઉપમાથી કહ્યું છે ? તેની મહત્તા શું છે ?

(૩૦) મિથ્યાત્વનું સ્વરૂપ કઈ ગાથામાં કયા શબ્દથી કહ્યું છે ? તેનું ફળ શું છે ?

(૩૧) તીર્થંકર નામ ગોત્રનું સ્વરૂપ ક્યાં કઈ ઉપમાથી કહ્યું છે ?

(૩૨) તીર્થંકરનું સમવસરણ એટલે શું ? તેની રચના કોણ ક્યારે કરે ? તેમાં કેટલા પ્રકારના જીવો આવે ? કોણ ન આવી શકે ? કેમ ? ત્યારે પ્રભુ શું કરે ?

(૩૩) તીર્થંકર કોને કહેવાય ? કયા કર્મોનો ક્ષય કરવાથી તે પદની પ્રાપ્તિ થાય ? દરેક યુગમાં કેટલા તીર્થંકર થાય ? વર્તમાન શાસનપતિનું નામ લખો.

(૩૪) સોળે કળાએ ખીલેલા પૂર્ણિમાના ચંદ્ર કરતાં પણ પ્રભુના મુખની શોભા કેમ વધે તે દાખલા સહિત સિદ્ધ કરો.

(૩૫) તીર્થંકરના ગુણોને "શુભ્ર" કેવી રીતે કહ્યા છે ? તેનો યશ ક્યાં ફેલાય છે ?

(૩૬) જે એકમાત્ર જિનેશ્વરનો સમ્યક્ પ્રકારે આશ્રય લે છે, તેને હવે ત્રણે લોકમાં કોઈપણ સ્થળે જતાં કોણ કેમ ન અટકાવી શકે ?

(૩૭) બ્રહ્મચર્ય વ્રતનો મહિમા કઈ ગાથામાં કઈ ઉપમાથી બતાવ્યો છે ?

(૩૮) પાંચે મહાવ્રતોમાં સૌથી શ્રેષ્ઠ વ્રત કયું છે ? કેવી રીતે શ્રેષ્ઠ તે સિદ્ધ કરો ? આ રૂડા વ્રતની ભાગ્યશાળી જીવોએ આરાધના કરી તેના પ્રસિદ્ધ દૃષ્ટાંત આપો. તેની આરાધના કરવાનું ફળ શું મળે ?

(૩૯) ચાર ઘાતિકર્મ કયા છે ? તેને ઘાતિ કેમ કહ્યા છે ?

તેનો ક્ષય કેમ થાય? તેનો સંપૂર્ણ ક્ષય કરવાથી આત્માના કયા ગુણો પ્રગટે? ત્યારે તે મહાત્મા કયા પદને પ્રાપ્ત કરે?

(૪૪) પ્રભુને **"અનેરા દિપક"** કયાં કેમ કહ્યા છે? લોકના સર્વ દિપકો કરતાં તે અનેરા દિપક કઈ કઈ રીતે ચડિયાતો છે તે સિદ્ધ કરો.

(૪૫) **"અનેરા દિપક"** કહીને પ્રભુના કયા ગુણની વાત કરી છે તેની સાર્થકતા સમજાવો.

(૪૬) જગતને પ્રકાશતાં સૂર્ય કરતાં પણ પ્રભુનો મહિમા ચડિયાતો કેમ કહ્યો છે?

(૪૭) સર્વજ્ઞ જિનેશ્વરોને સૂર્યની ઉપમા શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કયાં કેવી રીતે આપી છે?

(૪૮) આઠે કર્મોમાં આત્મામાં મહાઅંધકાર પેદા કરનારૂં કયું કર્મ છે? તેને નષ્ટ કરવાથી કયો ગુણ જિનેશ્વરોને પ્રગટે છે? તે કઈ ગાથામાં કેવી રીતે સિદ્ધ કર્યું છે?

(૪૯) મોહનીય કર્મના ઉદય સાથે બીજા કયા કયા કુલક્ષણો જીવમાં નિયમા હોય?

(૫૦) કેવળજ્ઞાનની સાથે અવિનાભાવી કયો ગુણ હોય?

(૫૧) રત્નત્રયી એટલે શું? તેની આરાધના કરવાથી જીવને કયા ગુણોની પ્રાપ્તિ થાય?

(૫૨) રત્નત્રયીમાં જ્ઞાનનો મહિમા કયાં કઈ ઉપમાથી કહ્યો છે?

(૫૩) આત્માની સાથે પરભવમાં પણ કયા ગુણો સાથે જાય? કયા ગુણો આ ભવ પૂરતા જ હોય?

(૫૪) કઈ ગાથાથી આચાર્યશ્રીએ ક્ષાયિક સમકિતની માગણી અને કેમ કરી છે?

(૫૫) અન્ય દેવોના દર્શનથી પણ જીવને સમ્યક્દ્દષ્ટિની પ્રાપ્તિ થાય, તે કેવી રીતે?

(૫૬) ત્રણે લોકમાં તીર્થંકર ભગવંત જેવા પુત્રને બીજી

કોઈ માતા જન્મ આપી શકતી નથી તે સિદ્ધ કરો. કઈ ઉપમાઓ ભગવાન ને માતાજીને આપી છે, તે સાર્થક છે?

(૫૭) તીર્થંકર ભગવાનને ચંદ્રને સૂર્યથી પણ તેજસ્વી ક્યાં અને કેવી રીતે કહ્યા છે?

(૫૮) લોકો મૃત્યુથી બહુ બીતા હોય છે, તો તેને જીતવાનો ઉપાય ક્યાં કયો બતાવ્યો છે?

(૫૯) જિનેશ્વર કથીત વીતરાગ માર્ગ જેવો મોક્ષદાયી બીજો કોઈ માર્ગ નથી તે સિદ્ધ કરો?

(૬૦) મૃત્યુંજયી થવાનો માર્ગ ક્યાં કેવી રીતે કહ્યો છે?

(૬૧) તીર્થંકર ભગવંતોને કયા જ્ઞાન ક્યારે હોય છે?

(૬૨) સિદ્ધ પરમાત્માના ગુણોનું વર્ણન કયા વિશેષણોથી ક્યાં અને કર્યું છે? તે વિશેષણોની સાર્થકતા સમજાવો.

(૬૩) કયા અલંકારનો ઉપયોગ કરીને જિનેશ્વરને બુદ્ધ, શંકર વિધાતા અને વિષ્ણુ સિદ્ધ કર્યા છે? કેવી રીતે તે સમજાવો?

(૬૪) જિનેશ્વરને ચાર વખત નમસ્કાર કરવાનો હેતુ શું છે?

(૬૫) જિનેશ્વરને કરેલો નમસ્કાર આપણને કેવો લાભદાયી નીવડે છે?

(૬૬) નમસ્કારની ગાથામાં જિનેશ્વર માટે કેવા યથાર્થ વિશેષણો પ્રયોજ્યા છે. તેની સાર્થકતા સમજાવો

(૬૭) "નિરવકાશતયા" શબ્દના શબ્દાર્થને પરમાર્થ લખો.

(૬૮) દોષોને ગર્વિષ્ઠ કેમ કહ્યા છે?' સ્વપ્નમાં પણ પ્રભુ તે પાસે કેમ ફરકી શકતા નથી?

(૬૯) અષ્ટ મહાપ્રતિહાર્યો એ શું છે તે કોને હોય? એના નામ લખો. એ દરેકનું સ્વરૂપ કઈ કઈ ગાથામાં કેવી કેવી ઉપમાથી કહ્યું છે તે પરમાર્થ સાથે જણાવો?

(૭૦) ભાવમંડળનો પ્રભાવ ને વિશેષતા શું છે?

(૭૧) જિનેશ્વરની વાણીને શ્રદ્ધાપૂર્વક સાંભળે તે કઈ ગતિ પામે? દૃષ્ટાંત આપી સિદ્ધ કરો.

(૭૨) શ્રી કલ્યાણમંદિર સ્તોત્રમાં આને લગતી કઈ ગાથાઓ છે ?

(૭૩) "અહિંસા ધર્મ"નું સ્વરૂપ કયાં કઈ ઉપમાથી કહ્યું છે ?

(૭૪ કર્મનું સ્વરૂપ કઈ કઈ ગાથામાં કેવી કેવી ઉપમાથી કહ્યું છે ?

(૭૫) બધી પ્રકૃતિઓમાં જીવાત્માને સંસારચક્રમાં ભમાવનાર કઈ પ્રકૃતિઓ મુખ્યત્વે છે ? તે બધી દૂર કરવાનો સરળ ને સચોટ ઉપાય કયો કહ્યો છે ?

(૭૬) ભોજરાજાને ઐરાવત હાથીની ને સિંહની ઉપમા કેમ ઘટે છે ?

(૭૭) દાવાનળની ઉપમાથી કઈ પ્રકૃતિ કેવી રીતે કહી છે ?

(૭૮) લોભ પ્રકૃતિને શેની ઉપમા આપી છે? તેની યથાર્થતા કહો.

(૭૯) જૈનદર્શનમાં અનુક્રમનું ખૂબ જ મહત્ત્વ છે, તેમ છતાં આચાર્યશ્રીએ બીજા માનકષાયને સૌથી પ્રથમ કેમ કહ્યો છે તેનો પરમાર્થ લખો.

(૮૦) " મકરધ્વજ-તુલ્ય-રૂપા "નો શબ્દાર્થ ને પરમાર્થ લખો. તે સ્વરૂપ કેવી રીતે પ્રાપ્ત થાય ?

(૮૧) આ સ્તોત્રમાં કઈ ગાથામાં કેટલા ભયના સ્થાન કહ્યા છે ? તે બધા દૂર કેમ થાય ?

(૮૨) કર્મબંધનોથી બંધાયેલો જીવાત્મા તે સર્વ બંધથી મુક્ત કેમ થઈ શકે ?

ક્રોધ, માન, માયા ને લોભનો ક્ષય કરવાથી અનુક્રમે કયા ગુણો પ્રગટે ?

(૮૪) શરીરના બધા અંગોને જ જીરોથી બાંધી રહેવા છતાં મસ્તક બાંધી શકયો નથી તેનો પરમાર્થ સમજાવો.

(૮૫) જિનેશ્વરના ગુણરૂપી માળા કંઠે ધારણ કરવી તેનો પરમાર્થ કહો. તેનું ફળ શું મળે ?

**ઇતિ સમાપ્તમ્**

# શુદ્ધિપત્રક

| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૭ | ૧ | ધ્રામ | ધામ |
| ૫૦ | ૧૪ | સ્રમકીતતું | સમકીતતું |
| ૫૬ | ૧૨ | શસાંક | શશાંક |
| ૬૧ | ૧ | વતિ: | વર્તિં: |
| ૬૭ | ૧૧ | દ્વવસે | દ્વિવસે |
| ૬૭ | ૧૪ | નમૈ: | નમ્રૈ: |
| ૬૯ | ૧૫ | માણિષુ | મણિષુ |
| ૭૪ | ૨૩ | ત્વામવ્યં | ત્વામવ્યયં |
| ૭૬ | ૨૧ | વિધાનાન્ | વિધાનાત્ |
| ૮૦ | ૧૧ | દોષે: | દોષૈ: |
| ૮૨ | ૧ | માસેનં | માસનં |
| ૮૬ | ૮ | ઉચ્ચ: | ઉચ્ચૌ: |
| ૮૭ | ૧૧ | ચા | આ |
| ૮૭ | ૧૭ ને ૨૧ | ત્રેલોક્ય | ત્રૈલોક્ય |
| ૮૮ | ૩ | એ | ખે |
| ૮૯ | ૧ | મરૂત | મરુત્ |
| ૯૫ | ૭ | અભૂય | અભૂત્ |
| ૧૦૭ | ૧૨ | પણાસોઈ | પણાસેઈ |
| ૧૦૭ | ૧૩ | નાસોઈ | નાસેઈ |
| ૧૦૭ | ૧૬ | ઉસમેણ | ઉવસમેણ |

ॐ अर्हत्

# શ્રી ભક્તામર સ્તોત્ર

શ્રી આદિનાથાય નમ :
શ્રી આદીશ્વરાય નમ :
શ્રી ઋષભદેવાય નમ :

વર્તમાન અવસર્પિણી કાળમાં સિદ્ધ થયેલા ચોવિસ જિનેશ્વરોની સ્તુતિ.

**આદિનાથ અષ્ટાપદે, નેમનાથ ગીરનાર,**
**સમેતશિખર ઉપરે, વીસ જિન સુખકાર,**
**વાસુપૂજ્ય ચંપાપુરી, પાવાપુરી મહાવીર,**
**હાથ જોડી પ્રણમું સદા, સિદ્ધ થયા ગંભીર.**

'વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર પ્રભુ શ્રી આદિનાથ સ્વામી અષ્ટાપદ પર્વત ઉપરે, બાવીસમા શ્રી નેમનાથ ભગવાન ગીરનાર પર્વત ઉપરે, બારમા શ્રી વાસુપૂજ્ય સ્વામી, ચંપાપુરી નગરીએ, ચોવીસમા ચરમ તીર્થંકર શ્રીમહાવીર સ્વામી કે જેમનું શાસન વર્તમાન કાળે પ્રવર્તે છે, તે પાવાપુરી મોઝાર તથા બાકીના વીસે તીર્થંકર ભગવંતો

શ્રી સમેતશીખરજી પર્વત ઉપરે સિદ્ધ થયા, તેમને સદાકાળ હું બંને હાથ જોડીને પ્રકૃષ્ટ ભાવે વંદણા નમસ્કાર કરૂં છું.

અનાદિ અનંત કાળમાં થઈ ગયેલા અનંતા સિધ્ધ ભગવંતોને વંદણા નમસ્કાર કરીને શ્રી ભક્તામર સ્તોત્રના વિવરણની શરૂઆત કરૂં છું.

શ્રી ભકતામર સ્તોત્ર, બીજી ગાથાના છેલ્લા ચરણમાં 'તં. પ્રથમં જિનેંદ્રમ્' કહીને વર્તમાન અવસર્પિણી કાળના પ્રથમ જિનેશ્વર શ્રી આદિનાથ પ્રભુના તીર્થંકર સ્વરૂપનું સ્તવન છે.

## શ્રી આદિનાથ પ્રભુનું ચરિત્ર

શ્રી આદિનાથ પ્રભુનો જીવ, ત્રીજા આરાના જતા શેષ ચોરાસી લાખ પૂર્વ ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના બાકી રહ્યા ત્યારે, સર્વાર્થસિદ્ધ વિમાનમાં ૩૩ સાગરોપમનું આયુષ્ય ભોગવીને, ત્યાંથી ચ્યવીને વનિતા નગરીને વિષે ઈક્ષ્વાકુ કુળમાં નાભિરાજાને ઘેર મરૂદેવાં માતાજીની કુક્ષીમાં અષાડ વદ ૪ ના, ઉપજ્યો. પ્રભુનો જીવ ગર્ભમાં ઉપજતાં માતા મરૂદેવીએ ચૌદ મહાસ્વપ્ન જોયાં. તેમાં પ્રથમ વૃષભનું સ્વપ્ન જોયું ત્યાર બાદ નવ માસ ને ચાર દિવસ પછી ચૈત્ર વદી ૮ના પ્રભુનો જન્મ થયો.* પ્રભુની બંન્ને જાંઘમાં વૃષભ અર્થાત્ બળદનું લાંછન હતું. ને વળી માતાજીએ પ્રથમ સ્વપ્ન વૃષભનું જોયું હતું તેથી પ્રભુનુ નામ ઋષભદેવ પાડયું.

પ્રભુનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું. તેમાં ૨૦

લાખ પૂર્વ કુંવરપણે રહ્યા. યૌવન અવસ્થા પ્રાપ્ત થતાં નાભિરાજાએ તેમને રાજ્યગાદીએ સ્થાપ્યા. પ્રભુએ ૬૩ લાખ પૂર્વ ન્યાયપૂર્વક રાજય કર્યું; યુગલિયા ધર્મનું સુનંદાદેવી સાથે લગ્ન કરીને નિવારણ કર્યું ને અસિ, મસિ અને કૃષિ ઈત્યાદિક ૭૨ કળા પુરૂષોને શીખવી અને ૬૪ કળા સ્ત્રીઓને શીખવી અક્ષર જ્ઞાનની યોજના કરી લિપિજ્ઞાન બ્રાહ્મી કુંવરીને આપ્યું અને ગણિતશાસ્ત્ર બીજી પુત્રી સુંદરીને શીખવ્યું. બ્રાહ્મી લીપિ સૌથી જુની છે.

એક લાખ પૂર્વનું આયુષ્ય બાકી રહ્યું, ત્યારે પ્રભુએ પોતાના જયેષ્ઠ પુત્ર ભરતને રાજગાદીએ બેસાડી, પોતે ચાર હજાર પુરૂષો સાથે ચૈત્ર વદી ૮ ના 'સંયમ અંગીકાર કર્યો. સંયમ લીધા પછી એક હજાર વર્ષે પુરિમતાલ નગરીએ ફાગણ વદ ૧૧ ના રોજ કેવળજ્ઞાન ઉપજ્યું. એમ છદ્મસ્થપણું તથા કેવળપણું મળીને એક લાખ પૂર્વનો સંયમ પાળીને અષ્ટાપદ પર્વત ઉપર, પદ્માસને બેસીને દશ હજાર સાધુ સહિત ભગવાન મહા વદ ૧૩ ના મોક્ષ પધાર્યા.

પ્રભુના પાંચે કલ્યાણક ઉત્તરાષાઢા નક્ષત્રમાં થયા. પ્રભુનો રાજ્યાભિષેક પણ ઉત્તરાષાઢા નક્ષત્રમાં થયો હતો તે અપેક્ષાએ કહ્યું; જો કે પ્રભુ નિર્વાણ અભિજીત નક્ષત્રમાં પામ્યા હતા.

પ્રભુનું દેહમાન ૫૦૦ ધનુષ્યનું હતું ને વર્ણ સોનેરી હતો.

પ્રભુને સુમંગલા અને સુનંદા નામે બે રાણી હતી; ભરત,

બાહુબલિ આદી ૧૦૦ પુત્રો હતા ને બ્રાહ્મી ને સુંદરી નામે બે પુત્રીઓ હતી. સુનંદાથી બાહુબલિજી ને સુંદરીનો જન્મ થયો હતો : બીજા બધા સુમંગલાથી. થયા હતા

**નોંધ:–** * બીજી માન્યતા પ્રમાણે ચ્યવન અષાડ વદ ૨ ના ને પ્રભુનો જન્મ સવા નવ માસે ચૈત્ર વદ ૯ ના ને દીક્ષા પણ ચૈત્ર વદ ૯ ના ને નિર્વાણ શત્રુંજય પર્વત પર મહા વદ ૧૪ ના પામ્યા.

જૈનેતર લોકો પણ ભગવાન ઋષભદેવને આર્ય સંસ્કૃતિના પ્રણેતા અને ધર્મના આદ્ય સંસ્થાપક તરીકે માને છે.

શ્રીમદ્ ભાગવત્ કહે છે કે ધર્મની સંસ્થાપના માટે ઈશ્વરે 'ઋષભ' નો અવતાર ધારણ કર્યો. તેમને મહાવિષ્ણુના અવતાર તરીકે વર્ણવ્યા છે.

વેદ તથા પુરાણોમાં તેમને 'પરમાત્મા' કહીને ઘણી ભક્તિ સભર રુચાઓ તથા મંત્રો રચવામાં આવ્યા છે.

શિવ પુરાણમાં તેમને સમષ્ઠિમાં વસનારા કલ્યાણકારી શિવ, કૈલાસ પર્વતના વાસી કહ્યા છે. વાત આગળ જતા આવે છે :– ' આ પ્રમાણે મારો નવમો અવતાર ' ઋષભ ' તરીકે થશે. ઋષભ અવતારના પરિણામે ધર્મની ફરી સ્થાપના થશે અને દીન–હીન લોકોનો ઉદ્ધાર થશે.'

બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે :–' મરૂદેવીએ ઋષભ નામે દિવ્ય બાળકને જન્મ આપ્યો, જે ક્ષત્રિય કુળમાં સૌથી વધુ યશસ્વી અને શ્રેષ્ઠ હતો. '

પ્રભાસ પુરાણ : ' ભગવાન નેમનાથે રેવતગીરી (ગીરનાર) અને આદિનાથે શત્રુંજયગીરીને પોતાના પવિત્ર પગલાથી પવિત્ર કર્યા તેથી આ બંને પહાડો સંતો માટે નિર્વાણ મેળવવાના પ્રેરણાદાયી કેન્દ્રો બન્યા.'

સ્કંદપુરાણ : ' ભગવાન ઋષભદેવ પવિત્ર, સંપૂર્ણ, સર્વોત્તમ ને પૂજ્ય છે.'

નાગપુરાણ : ૬૮ તીર્થની જાત્રાથી જે ફળ મળે તે જ ફળ આદિનાથ પ્રભુનું નામસ્મરણ કરવાથી પ્રાપ્ત થાય છે.'

અગ્નિપૂરાણ : 'ઋષભ' મરૂદેવીની કુક્ષીથી જન્મ્યા હતા અને ભરત ઋષભદેવના પુત્ર હતા જેના નામથી આ દેશનું નામ ભારત વર્ષ પડ્યું.'

મનુસ્મૃતિ : 'મહાન સંતો અને દેવોના પણ પૂજ્ય ' આ યુગમાં સર્વ પ્રથમ વિશ્વ માટે નીતી-નિયમોના ઘડનારા સૌના અગ્રણી અને પ્રથમ જિન ' ઋષભદેવ' હતા.'

બૌદ્ધ ધર્મના ' ન્યાયબિંદુ ' ગ્રંથમાં અને તામિલ ભાષાના વેદ સમાન 'તીરૂ કુરલ 'માં પણ શ્રી ઋષભદેવને સર્વજ્ઞ પરમાત્મા કહ્યા છે.

## શ્રી ભક્તામર સ્તોત્રની ઉત્પત્તિ કથા

ભોજરાજા નામે એક વિખ્યાત, ઉદારચિત્ત, સમભાવી, વિદ્વાન રાજા માળવા દેશમાં આશરે વિ. સં. ૧૦૭૫ થી ૧૧૧૭ સુધી રાજ કરતો હતો. તેની પાટનગરી ધારાનગરી હતી. તેણે પોતાની નગરીમાં ઘણા કવિઓને બોલાવીને માન-પાન સહિત રાખ્યા હતા. તેની રાજ-સભામાં કહે

છે કે ત્યારના સમયના ભારત વર્ષના નવ કવિરત્ન હતા. જેમાં કવિ કાલીદાસ, કાદંબરીના રચયિતા બાણ ભટ્ટ, તેમના સસરા મયૂર ભટ્ટ, માઘ, સુબંધુ, **વરરુચિ**, ધનપાલ આદિ ઘણા પંડિતો હતા રાજા પોતે એક સારો કવિ તથા સંસ્કારી વિદ્વાન હતો તથા દરેક ધર્મ પ્રત્યે પોતે શૈવધર્મી હોવા છતાં સમભાવ રાખતો. આમાંના કેટલાક કવિ હિંદુ ધર્મી તો કોઈ જૈન ધર્મી હતા. રાજા એવો તો સાહિત્યનો રસિયો હતો કે રાજ્યસભામાં રાજ્યને લગતું કાર્ય શરૂ કરતાં પહેલાં કાયમ એક બે કલાક વિદ્વાનો સાથે કાવ્યશાસ્ત્ર વિનોદમાં ગાળતો, સાથે સાથે તેમની શક્તિની જુદી જુદી રીતે કસોટી પણ કરતો અને નવાજેશો પણ એકેક શ્લોકના એકેક લાખ સોનામહોરો આપીને કરતો.

એકદા બાણ કવિને પોતાની પત્ની સાથે રાત્રિના કંઈ પ્રણય કલહ થયો. તેથી પત્ની એવી તો ક્રોધે ભરાણી કે રાત્રિભર કવિએ કંઈ કેટલીએ વિનવણીઓ કરવા છતાં તેનો ક્રોધ શાંત થયો નહિ. ને હવે તો પરોઢિયું થવા આવ્યું હતું. તેથી અકળાઈને કવિએ પોતાની પત્નીને કહ્યું : અરે માનુની, હવે તો શાંત થા! લોકો પણ હવે તો અવરજવર કરવા લાગ્યા છે, ત્યારે આપણા કલેશ કંકાસને કોઈ સાંભળશે તો આપણે સારા નહિ લાગીએ. એમ કહીને કવિ તો તેની પત્નીના ચરણે નમી પડચા. પણ કવિપત્ની તો શાંત થવાને બદલે તેના પતિને મસ્તકે લાતનો પ્રહાર કરીને જંપ્યા.

બનવા કાળ છે તે બરાબર તે જ સમયે કવિના સસરા મયૂર ભટ્ટ નિત્ય કર્મ પતાવવા માટે ત્યાં થઈને નીકળેલા. તેમણે દિકરી-જમાઈ વચ્ચેનો આ વાર્તાલાપ ને દિકરીએ મારેલી લાતનો અવાજ બરાબર સાંભળ્યો. તેથી તેમના પગ થંભી ગયા; ને સહજ રીતે દિકરીને ઉદ્દેશીને બોલાઈ ગયું, 'મા ઉચિતમ્.' એટલે કે હે પુત્રી ! આ પ્રમાણેનું તારું વર્તન યોગ્ય નથી.

પુત્રી પિતાનો અવાજ ઓળખી ગઈ અને ઝરૂખામાં આવીને પિતાને ઉદ્દેશીને બોલી :–' હે પિતાજી ! આપની વાત બરાબર છે કે મારે માટે આમ કરવું યોગ્ય નથી પણ ઓ પિતાશ્રી ! તમે પણ સાંભળો કે પિતાએ ઊઠીને પુત્રીનું ચરિત્ર સાંભળવું તે પણ ઉચિત નથી. અને અયોગ્ય વર્તાવનો દંડ મળવો જ જોઈએ, માટે જો હું પતિવ્રતા હોઉં તો તમારા શરીરે કોઢ ફુટી નીકળજો. આમ કહીને પોતાના મોઢામાં રહેલા તાંબુલની પિચકારી તેણીએ પિતા પર છાંટી. જ્યાં જ્યાં પિચકારીના છાંટા ઉડયા. ત્યાં ત્યાં તુરત જ કોઢ ફુટી નીકળ્યો. આ રીતે પોતાની પવિત્રતા પૂરવાર કરી પિતાને જાણે સાનમાં કહેતી હોય કે મારું વર્તન અયોગ્ય ન હતું,

મયૂર ભટ્ટ તો આથી જરા છોભતાઈ ગયા, પણ હજી પરોઢિયાનો આછો અંધકાર હતો તેમાં નિત્યકર્મ ભાગોળે પતાવીને તે ઘરમાં આવીને ભરાઈને બેઠા. આમ ત્રણ દિવસ રાજસભામાં ન ગયા.

હવે આ બધા પંડિતોનો એક વણલખ્યો નિયમ હતો કે કાં તો માંદા હોય અગર તો બહારગામ ગયા

હોય તો જ રાજ્યસભામાં ન જતા. તે સિવાય બરાબર સમયસર બધાં પહોંચી જતા. રાજા પણ જો કોઈ વધુ દિવસ ન આવે તો તેમની ખબર કઢાવતો અને કોઈ બીમાર હોય તો વૈદ આદિનો તુરત પ્રબંધ કરાવતો. તેથી હવે વધુ દિવસ રાજ્યસભામાં નહિ જાઉં તો રાજા ખબર કાઢવા આવશે તેથી કોઢના ચાંઠા ન દેખાય તે પ્રમાણે વસ્ત્ર પરિધાન કરીને ચોથે દહાડે રાજ્યસભામાં ગયા ત્યારે બનવા કાળ તે કાવ્યશાસ્ત્રના કોઈ વિનોદમાં રાજા ને સમગ્ર સભાએ મયૂર ભટ્ટને ખૂબ શાબાશી આપી. હવે પહેલેથી જ સસરા–જમાઈ વચ્ચે પંડિતાઈમાં સ્પર્ધા ચાલ્યા કરતી ને એક બીજા એક બીજાનો તેજોદ્વેષ કરવા સદા તત્પર રહેતા. બાણભટ્ટથી આ પ્રશંસા સહન થઈ નહિ તેથી પોતાના સસરાને કોઢ નીકળ્યાનું જાહેર કરીને તેમને ભરસભામાં હલકા પાડ્યા.

મયૂર ભટ્ટને આથી ખૂબ આઘાત લાગ્યો ને રાજ્યસભામાંથી સીધા પોતાના ઈષ્ટદેવ સૂર્યનારાયણના મંદિરે ગયા. ત્યાં ત્રણ દિવસના નકોરડા ઉપવાસ કરીને સૂર્યદેવની ઉપાસના કરતા તેમણે 'સૂર્ય–શતકની' રચના કરી. આથી સૂર્યનારાયણ પ્રસન્ન થયા. તેમનો કોઢ મટાડી દીધો ને કાયા તો કંચનવરણી બનાવી દીધી. મયૂર ભટ્ટ તો પછી સીધા ઘરે ન જતાં પહેલાં રાજ્યસભામાં આવ્યા. ને સૂર્યદેવની કૃપાથી કોઢ મટી ગયાનું જાણી રાજા ભોજ તથા સારીયે રાજ્યસભા પ્રસન્ન થયાં. પણ બાણ ભટ્ટથી આ સહન ન

થયું. મયૂર ભટ્ટ તો મહાન ચમત્કારી પુરૂષ છે વિગેરે પ્રશસ્તિવચનો સાંભળી, બાણુ ભટ્ટે તે જ ક્ષણે રાજાને કહ્યું કે ચમત્કારથી જ જો વ્યક્તિની મહત્તાનું માપ તમને લાગતું હોય તો હું પણ તમને આથી મોટો ચમત્કાર બતાવીશ. આ જ સભામાં અને આ જ ક્ષણે મારા હાથના કાંડા ને પગના પોંચા કપાવી નાખો ને મને મારી ઈષ્ટદેવી ચંડીમાતાજીના મંદિરે પહોંચાડી દો. રાજા તથા સભાજનોએ બહુ સમજાવવા છતાં જ્યારે બાણુ ભટ્ટે આ હઠ જતી ન કરી, ત્યારે તેમના કહેવા પ્રમાણે હાથના કાંડા અને પગના પોંચા કપાવી નખાવી તેમને ચંડીદેવીના મંદિરે પહોંચાડી દીધા.

બાણુ ભટ્ટે પણ સસરાની જેમ જ ત્રણ દિવસની ચંડીદેવીની ઉપાસના કરીને 'ચંડી શતકની' રચના કરી ને ચોથે દિવસે સવારેચંડી દેવી પ્રસન્ન થયા ને હાથના કાંડા ને પગના પોંચા નવપલ્લવિત કરી દીધા ને ભટ્ટજી પણ મંદિરેથી સસરાની જેમ સીધા રાજ્યસભામાં આવ્યા.

આથી તેમની પણ ચમત્કારી પુરૂષ તરીકે ઘણી પ્રશંસા થઈ. રાજા ભોજ અને માળવા દેશના લોકોમાં પણ હિંદુ ધર્મનો પ્રભાવ વધ્યો અને મયૂર અને બાણુ ભટ્ટની તો પૂજા થવા લાગી. અને સાથે સાથે જૈન ધર્મની ને જૈન આચાર્યોની વિના કારણુ નિંદા થવા લાગી. રાજ્યસભામાં ને બહાર ખુલ્લે આમ કહેવાવા લાગ્યું કે જૈન ધર્મમાં આ કાળમાં કોઈ પ્રભાવિક સાધુઓ રહ્યા

જ નથી. બધા માત્ર શારીરિક કષ્ટ વેઠીને પોતાના પેટ ભરે છે. વિગેરે વિગેરે નિષ્કારણ નિંદા સાંભળી ધનપાલ આદિ જે જૈન કવિઓ તથા શ્રાવકો હતા તેમના અંતરમાં ખૂબ દુઃખ થવા લાગ્યું. પણ રાજા તથા પ્રજાને કહે શું ? તેથી તે બધા જ્યારે પરમ પ્રભાવિક માનતુંગાચાર્ય કે જે દૂરના પ્રદેશમાં ચાતુર્માસ માટે રહેલા હતા, તેમના દર્શનાર્થે ગયા, ત્યારે બધી વાત કરી અને આનું નિરાકરણ કરવા વિનંતિ કરી.

આચાર્યશ્રીએ કહ્યું :–જૈન સાધુઓ માત્ર આત્મ કલ્યાણ માટે જ દૃષ્ટિ રાખે છે. છે. તેથી લબ્ધિઓ પ્રાપ્ત કરેલ હોવા છતાં પણ આવા ચમત્કારો બતાવવાનું ઈષ્ટ ગણતા નથી. માટે તમે બધા જે રીતે ધર્મકરણી કરતા હો તે રીતે કર્યા કરો. અન્ય આપણી નિંદા કરે કે પ્રશંસા તેથી આપણે જરાપણ વિચલિત થવું ન જોઈએ. સદ્ધર્મ કર્યા કરશો તો યથાકાળે તેનો પ્રભાવ પડશે જ. જે અવસરે જોશું.'

ચાતુર્માસ પૂર્ણ થયે આચાર્યશ્રી તો ગ્રામાનુગ્રામ વિહાર કરતા કરતા પોષ માસમાં ધારાનગરી પધાર્યા છે ને નગર બહાર ઉદ્યાનમાં બિરાજ્યા છે. ધનપાળ કવિ આદિ શ્રાવકો દર્શને ગયા છે. દર્શન કરી માંગલિક સાંભળી બધા સ્વસ્થાને ગયા છે ને આચાર્યશ્રી તો બીજો પ્રહર શરૂ થતાં કાઉસગ્ગ ધ્યાનમાં સાધુ સામાચરી પ્રમાણે જિનમુદ્રાએ ઊભા રહ્યા છે.

તે દિવસે ધનપાલ કવિને આથી રાજ્યસભામાં જવાનું જરા મોડું થયું છે ને રાજાએ તેમને યાદ કર્યા છે. રાજસેવકોએ જણાવ્યું કે તેમના ગુરૂના દર્શને જવાથી કવિ હજી આવ્યા નથી. આ વાત ચાલે છે ત્યાં જ કવિ રાજયસભામાં આવી ગયા. રાજાને વંદન કરી પોતાની જગ્યાએ બેસવા જાય છે ત્યાં રાજાએ કહ્યું :– કવિ! તમે તો ભારે સ્વાર્થી લાગો છો! અમને કહેવરાવ્યું હોત તો અમે ગુરૂના દર્શને સાથે આવત. તમારી ભક્તિમાં તેથી ભાગ પડાવત નહિ. રાજાના આવા નિર્મળ ભાવ જોઈ કવિએ કહ્યું :–સભાનું કામ પૂરું થયે ફરી દર્શને જઈશું. ત્યારે દ્વેષિલા ખંધા મંત્રીઓને થયું કે રાજા જો સામે પગલે દર્શન કરવા જશે તો જૈન આચાર્ય ને તેમના ધર્મનો પ્રભાવ વધશે. તેથી રાજા ન જાય ને આચાર્યશ્રી દોષમાં આવે તેવી મુત્સદ્દીભરી વાત કરી કે 'હે મહારાજાધિરાજ! તમે દર્શને જશો તો તમને એકલાને જ લાભ મળશે. તેના કરતાં બહેતર એ છે કે ગુરૂજીને અત્રે પાલખી મોકલાવીને સન્માન સાથે તેડી લાવીએ તો સારીયે સભાને તેમના દર્શન અને ધર્મબોધનો લાભ મળશે.' ખંધા દરબારીઓ જાણુતા હતા કે જૈન સાધુ કદાપિ પાલખીનો ઉપયોગ નહિ કરે તેથી રાજાનો અનાદર થશે.

રાજાને પણ આ વાત ઠીક લાગી. રાજસેવકોને પાલખી લઈને ગુરૂને તેડી લાવવાનો આદેશ આપ્યો. રાજસેવકો ગયા. પણ મૂનિ તો કાઉસગ્ગ ધ્યાનમાં હતા. તેથી રાજસેવકોની વિનંતિનો કશો જવાબ વાળ્યો નહિ.

કેમકે જૈનાચાર પ્રમાણે કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા મુનિ જ્યાં સુધી વિધિપૂર્વક કાઉસગ્ગ પાળે નહિ, ત્યાં સુધી ધ્યાનમાં એકતાન રહે. બહારની દુનિયામાં શું બની રહ્યું છે તેનું લેશ પણ લક્ષ હોય નહિ, પછી જવાબ આપવાની વાત જ ક્યાં રહી ?

પણ રાજા ને રાજસેવકો આ આચારથી અજાણ છે. તેથી રાજસેવકો રાજાને જઈ ને નિવેદન કરે છે કે ગુરૂ તો કશો જવાબ આપતા નથી; ત્યારે રાજા બીજી વાર, પછી ત્રીજી વાર પાછા મોકલે છે પણ છતાં કશો જવાબ ન મળવાથી હવે પેલા ખંધા દરબારીઓ રાજાને ભંભેરણી કરે છે. 'આમ તે હોય ? ન આવી શકાય તેમ હોય તો ના તો કહે ને ? આ તો રાજસભા ખોટી થાય છે છતાં આપની આજ્ઞાનો અનાદર કરે છે. ખંધા મંત્રીઓને થાય છે કે આપણી સોગઠી બરાબર લાગી.

મુનિશ્રી તો પોતાનો આચાર પ્રભુના કહ્યા પ્રમાણે યથાર્થ પાળી રહ્યા છે. છતાં રાજાને એમ થાય છે કે મારી વિનંતિ ન સ્વીકારી. આથી રાજાનું અહમ્ પ્રથમ ઘવાયું. તેથી વિવેક ગયો ને ક્રોધ આવ્યો. ને સેવકોને આજ્ઞા કરી. જે સ્થિતિમાં સાધુ હોય તે જ સ્થિતિમાં ઉંચકીને આ રાજસભામાં હાજર કરો.' રાજાના ભાવ સાથે ભાષા પણ બદલાઈ ગઈ.

રાજાની આજ્ઞા મુજબ રાજસેવકો મુનિને ધ્યાનની ઊભી મુદ્રામાંજ ઊંચકીને રાજસભામાં લઈ આવ્યા. પછી

મંત્રીઓએ ને ખુદ રાજાએ પણ આચાર્યશ્રીને ધર્મબોધ દેવા વિનંતિ કરી. પણ મુનિએ હજી કાઉસગ્ગ પાળેલો નહિ તેથી કશો જવાબ વાળ્યો નહિ ને ધ્યાનમાં રહ્યા.

મુનિશ્રી તો લબ્ધિધારી હતા. પોતે જાણતા હતા કે રાજાને ચમત્કાર જોવાની ઈચ્છા છે ને રાજા-પ્રજા ચમત્કારોથી અંજાયેલા છે. પણ ચમત્કાર કરવાનો જૈન મુનિઓનો વહેવાર (કલ્પ) નથી. તેથી ધ્યાન ધરીને રહ્યા છે. વળી પ્રભુએ પણ ઉત્તરાધ્યયન સૂત્રમાં સાધુ સામાચારીના ૨૬મા અધ્યયનમાં બીજા પ્રહરમાં ધ્યાન ધરવાનું કહ્યું છે. તે પ્રમાણે પોતે તો ધ્યાનમાં રહેલા છે. તેથી પોતાની જાતને રાજાનો ઉપસર્ગ થશે ને સહન કરવું પડશે છતાં અંતે ધર્મનો ઉદ્યોત થશે એમ જાણે છે તેથી પ્રભુ સાથે એકાકાર બનીને ધ્યાનમાં મગ્ન રહ્યા છે.

પણ રાજાનો ગુસ્સો હવે ઘણો વધી ગયો. વિવેકે સંપૂર્ણપણે વિદાય લીધી ને રાજાએ આજ્ઞા કરી કે :–' આ સાધુને પણ હવે બતાવો કે રાજાજ્ઞાનું અનાદર કરવાથી શું ફળ મળે છે ?' રાજાએ તો મુનિશ્રીને 'આપાદ કંઠ' કહેતા પગના અંગુઠાથી તે ગળા સુધી લોખંડની જંજીરો જકડીને ને હાથપગમાં તીક્ષ્ણ ખીલાવાળી બેડીઓ પહેરાવીને કારાગ્રહમાં પૂરી દો. ને કંઈપણ હલચલ કરે કે તુરત જ મને ખબર આપજો, આમ આજ્ઞા આપીને રાજસભા બરખાસ્ત કરીને પોતે ગુસ્સામાં રાજમહેલે ચાલ્યો ગયો.

આ પ્રમાણે કહેવાય છે કે મુનિશ્રીને ૪૯ જંજીરોથી

જકડીને તેના ઉપર ૪૮ તાળા લગાવીને અંધારી કોટડીમાં પૂરી દેવાયા.

આખા નગરમાં આ જ વાત ચર્ચાતી રહી. એક બાજુ જાણે યોગીહઠ ને બીજી બાજુ રાજાનો ચમત્કાર જોવાનો લોભ. આનું શું પરિણામ આવશે તે જોવાને શ્રાવકો ને અન્ય લોકો તો કારાગૃહને વીંટળાઈ ને ઊભા રહ્યા છે. સારીએ રાત આ જ સ્થિતિમાં પસાર થઈ છે. બીજા દિવસે બ્રાહ્મમુહૂર્તે મુનિવરે આ સ્તવનનો પાઠ કરવો શરૂ કરેલ છે. રાજાને તરત ખબર પહોંચાડવામાં આવતા રાજા જલદી કારાગૃહે આવી પહોંચ્યો છે.

જેમ જેમ ગાથા બોલાતી જાય છે તેમ તેમ અકેક જંજીર ને તાળું તુટતા જાય છે. આ જોઈ રાજા ને અમાત્યો ઢીલા પડી જાય છે, આમ ૪૭ ગાથા મુનિશ્રી બોલી ગયા. ત્યારે હવે એક તાળુ ને બે જંજીર જે હાથે બાંધેલી હતી તે બાકી રહ્યા છે. બંને હાથ પ્રભુને વંદન કરતાં હોય તેમ જોડેલા હતા. ત્યારે મુનિશ્રીએ રાજાને નિર્દોષ ભાવે કહ્યું :–' હે રાજા ભોજ ! તારી નગરીમાં બહુ ચમત્કારી પુરુષો વસે છે એમ સાંભળવામાં આવેલ છે. તો મારી અરજ છે કે મને આ જંજીરોના બંધનમાંથી પોતાના ચમત્કાર વડે છોડાવે.'

રાજા મુનિવરની વાતનો મર્મ પામી ગયો. બાણ ભટ્ટ, મયુર ભટ્ટ જે ચમત્કારીક ગણાતા હતા તેમના પ્રત્યે નજર ફેરવીને મુનિને બંધનમાંથી છોડાવવા સંકેત કર્યો. પણ કોઈ આગળ આવ્યું નહિ. ત્યારે મુનિવરે છેલ્લી ૪૮મી ગાથા

બોલીને પોતાની જાતે **પ્રભુપ્રાર્થનાથી** પોતાને જે બંધનમાં રાજાએ નાખેલ તેનાથી મુક્ત થઈ ગયા. ભોજરાજા તેમના ચરણમાં નમી પડયો. બહુ પ્રભાવિત થયો. આચાર્યશ્રીએ મૌન ઉપદેશથી જાણે બધાને સદ્‌બોધ આપ્યો કે બીજાને આંજવા માટે કરેલા ચમત્કારો માત્ર પોતાના ઘમંડનું જ પ્રદર્શન કરે છે. તેનાથી ન તો ચમત્કાર કરનારનું ભલું થાય છે, ન તો જોનારાનું. તેથી માત્ર માનાદિ કષાયોની જ વૃદ્ધિ થાય છે. અને સાધક સાધનામાર્ગમાં ભૂલો પડી જઈ પોતાનું જ અકલ્યાણ કરી બેસે છે."

મુનિશ્રીએ પોતાના આચાર ધર્મમાંથી જરાપણ ડગ્યા વગર અને ધર્માપદેશનો એક પણ શબ્દ કહ્યા વગર રાજા તથા ધારાનગરીની પ્રજાને વીતરાગ ધર્મનું ને પ્રભુપ્રાર્થનાના ફળનું મહત્ત્વ પોતે જાતે ઉપસર્ગ વેઠીને આમ સમજાવ્યું ને ધર્મની પ્રભાવના કરી.

## શ્રી ભક્તામર સ્તોત્રનું અપૂર્વ માહાત્મ્ય.

શ્રી માનતુંગાચાર્યે આ સ્તોત્રથી પ્રથમ જિનેશ્વર શ્રી આદિનાથ પ્રભુના તીર્થંકર સ્વરૂપની સ્તુતિ કરી છે. તેનું કારણ બતાવતા શ્રીમદ્ રાજચંદ્ર લખે છે :–" સિદ્ધ ભગવાન કેવળ અમૂર્તપદે સ્થિત હોવાથી તેમનું સ્વરૂપ સામાન્ય ભાવથી ચિંતવવું દુર્ગમ્ય છે. અર્હત્ ભગવાનનું સ્વરુપ સામાન્ય ભાવથી ચિંતવવું તો તેવું જ દુર્ગમ્ય છે પણ સયોગી પણાના અવલંબનપૂર્વક ચિંતવતા સામાન્ય જીવોને પણ તેમની ચંચળ વૃત્તિ સ્થિર કરવાનો તે કંઈક સુગમ

ઉપાય છે. જેથી અર્હંત્ ભગવાનની સ્તવનાથી સિદ્ધ ભગવાનની સ્તવના પણ થવા છતાં આટલો વિશેષ ઉપકાર જાણી શ્રી આનંદઘનજીએ પણ તેમની ચોવીશી ચોવીશ તીર્થંકરની સ્તવના રૂપે રચી છે.”

આ સ્તોત્રની રચના આત્માની ઉચ્ચદશાએ વિરાજતા એવા આચાર્ય પ્રવરના શ્રીમુખે અદ્‌ભૂત સંયોગોમાં થઈ છે. તેમાં તેમણે સમસ્ત જૈન તત્ત્વજ્ઞાનને પ્રભુના ગુણ ગાવાની સાથે વણી લીધું છે. આથી એના પરમાર્થ અને ભાવની યથાર્થતા સામાન્ય જનોને સમજમાં ન આવે તે સ્વાભાવિક છે, તેની એકેક ગાથા, એકેક પદ, એકેક શબ્દ એવા તો અર્થ ગંભીર છે કે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય આદિ મહાન પૂર્વાચાર્યોએ આ સ્તોત્રના પદ્યોના પોતાની ટીકાઓમાં ઠેરઠેર અવતરણો લીધા છે. વિશેષમાં આ સ્તોત્રની ગાથાઓનું પહેલું કે છેલ્લું ચરણ લઈ જેટલી પાદપૂર્તિઓ રચાઈ છે, જેટલી ભાષામાં અનુવાદો થયા છે તેટલા બીજા કોઈ સ્તોત્રના થયા નથી. હાલ તેના ગુજરાતી, હિંદી, કન્નડ, અને અંગ્રેજી ભાષામાં પદ્યાનુવાદો ઉપલબ્ધ છે—આ બધું આ સ્તોત્રનું માહાત્મ્ય કેટલું બધું રહેલું છે તે કહી બતાવે છે.

આ સર્વ ગાથાનો યથાર્થ પરમાર્થ તો જે આત્મજ્ઞાની છે તે જ પામી શકે તેમ છે. વ્યાકરણના નિયમ અનુસાર આ કાવ્યમાં અનેક મંત્ર ગુંથી લીધા છે જે ગુરુગમ્ય છે.

## આચાર્ય શ્રી માનતુંગાચાર્ય — પરિચય

આ મહાપ્રભાવિક સ્તોત્રના રચયિતા શ્રી માનતુંગ નામે આચાર્ય છે. તેમ આપણુને સ્પષ્ટ રીતે આચાર્યશ્રીએ આ સ્તોત્રની છેલ્લી ગાથામાં " **તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મી** " એમ કહીને જે કોઈ વ્યક્તિ **શુદ્ધ ભાવથી** આ સ્તવન કરશે તેને " માનતુંગી " કહેતા મોક્ષ રૂપી લક્ષ્મી અવશ્ય અવશપણે પ્રાપ્ત થશે એમ નિશ્ચયથી કહેવા સાથે પોતાનું નામ સ્તોત્રના રચયિતા તરીકે ખૂબીપૂર્વક ગુંથી લીધું છે. તે તેમની કાવ્યશક્તિની પણ અપૂર્વ કુશળતા બતાવે છે.

શ્રી માનતુંગાચાર્યની સંસારપણાની કે સાધુ જીવનની, કશી પણ ચોક્કસ માહિતી મળતી નથી. પણ આ સ્તોત્રની રચના જે સંયોગોમાં થઈ છે તેની દંતકથા પરંપરાથી જે ચાલી આવે છે તે પ્રમાણે તેઓશ્રી માળવા દેશમાં જ્યારે રાજા ભોજ રાજ્ય કરતો હતો ત્યારે જૈન મુનિ તરીકે વિચરતા હતા; અને એક મહાસમર્થ લબ્ધિવંત જૈન આચાર્ય હતા. તેની પ્રતીતિ તો આ સ્તોત્રની અદ્‌ભુત રચનાથી પણ આપણુને થાય છે.

જૈન ધર્મમાં "માનતુંગ" નામના ઘણા આચાર્યો થયા છે. પણ તેમાંના જે કોઈ 'માનતુંગાચાર્યે' આ સ્તોત્રની રચના કરી હશે તે પોતે પોતાના યુગના જૈન દર્શનના પારગામી, એવા એક સમર્થ આચાર્ય હશે તે નિઃશંક વાત છે. કેમકે શ્રી આદિનાથ પ્રભુના ગુણગાન

ગાવા સાથે સમસ્ત જૈન દર્શનનું તત્ત્વજ્ઞાન જે ખૂબીપૂર્વક તેમણે ગુંથી લીધું છે તે તેમની અજોડ કવિત્વ શક્તિ સાથે જૈન તત્ત્વજ્ઞાનનું અપૂર્વ પારગામીપણું પણ પુરવાર કરે છે. એવા આચાર્યશ્રીને આપણા કોટી કોટી વંદન હો.

હાલમાં, આ એક જ રચના ઉપલબ્ધ છે. પણ એ રચના **'શ્રી ભક્તામર સ્તોત્ર એટલું બધું તો પ્રભાવિક છે કે તે એક જ કૃતિથી પણ 'શ્રી ભકતામરની' જેમ આચાર્યશ્રી પોતે પણ અમર બની ગયા છે.**

## નિયમો

જૈન ધર્મના એક પ્રખર ચિંતક શ્રી. વા. મો. શાહ પોતાના સ્વાનુભવથી કહે છે કે " જે કોઈ લાગલાગટ ત્રણ માસ સુધી આ ભક્તામર સ્તોત્રનો શ્રદ્ધાપૂર્વક પાઠ કરે છે, તેને મારા સ્વાનુભાવથી કહું છું કે અવશ્ય કંઇને કંઈ ચમત્કારિક ફળ મળે છે. છેવટે તેના અંતરમાં અપૂર્વ આત્મશાંતિ તો પ્રગટે છે. "

તેવી અપૂર્વ શાંતિ મેળવવા પ્રાર્થના કરતી વખતે નીચેના નિયમો પાળવા.

(૧) બની શકે તો પદ્માસને નહિતર પલાંઠી વાળીને સ્થિર બેસવું.

(૨) પૂર્વ કે ઉત્તર દિશા તરફ મુખ રાખવું.

(૩) પાઠ કરતી વખતે ચિત્તની એકાગ્રતા, હૃદયના શુદ્ધ ભાવ અને શરીર–વસ્ત્રાદિની ચોકખાઈ રાખવી.

(૪) આ સ્તોત્રનો પાઠ દિવસ કે રાત્રિના ૧૨ વાગ્યાના સંધિકાળ સિવાય ગમે ત્યારે કરી શકાય છે. તેમ છતાં પ્રાતઃકાળે ચિત્તની એકાગ્રતા વધુ રહે છે તેથી ત્યારે

કરવો વધુ સારું છે. પણ જ્યાં ૨૪ કલાકનો અખંડ પાઠ ચાલતો હોય ત્યારે તો સંધિકાળનો બાધ નથી કહ્યો. ત્યારે પણ ચાલુ રાખવો. કેમ કે ૨૪ કલાકનો અખંડપાઠ અત્યંત લાભદાયી કહ્યો છે.

(૫) પાઠની શરૂઆત કરવા માટે શુકલ પક્ષ–શુદિ ને પૂર્ણતિથિ એટલે કે પાંચમ, દશમ, પૂનમ પ્રારંભ કરવા યોગ્ય છે. વિશેષમાં શુદિ ૧, ૩, ૬, ૮, ૧૧ અને ૧૩ના પણ શરૂ કરી શકાય.

(૬) આ સ્તોત્ર ગુરૂમુખેથી સાંભળી કંઠસ્થ કરીએ તો ઉત્તમ. તે માટે સદ્‌ગુરૂ સમીપે જવું જોઈએ ને સવિનય પાઠ લેવા જોઈએ. તેવો યોગ ન હોય તો ગ્રંથનો ઉપયોગ કરી કંઠસ્થ કરવું.

(૭) પાઠ કરતી વખતે ઉચ્ચારશુદ્ધિનું ધ્યાન રાખવું.

(૮) પાઠ એક વાર શરૂ કર્યા પછી નિરંતર ચાલુ રાખવો.

## પ્રભુસ્તવનથી શું લાભ ?

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૯–સૂત્ર ૧૪ માં ગૌતમસ્વામી વીર પ્રભુને પૂછે છે :–

"थय थुइ मंगलेणं भन्ते । जीवे किं जणयइ ?"

અર્થ :–હે પૂજ્ય ! સ્તવન અને સ્તુતિરૂપ ભાવમંગલ કરવાથી જીવને શું લાભ થાય ?

ચરમ તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામી ગૌતમસ્વામીને જવાબ આપતાં ફરમાવે છે :–

थय थुइ मंगलेणं नाणदंसण चरित्त बोहिलाभं जणयइ। नाणदंसणचरित्तबोहिलाभसंपन्ने य णं जीवे अन्तकिरियं कप्पविमाणोववत्तिगं आराहणं आराहेइ॥

અર્થ :– પ્રભુના સ્તવન અને સ્તુતિરૂપી ભાવમંગલ કરવાથી જીવ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી સદ્ધર્મ–બોધિ-લાભ પામે છે, અને તે બોધિ–બીજ કહેતાં સમ્યગ દર્શન પામેલો જીવ સંસારનો અંત લાવે અને નિર્વાણપદે પહોંચાડે તેવી અથવા તો (ચરમ શરીરી ન હોય તો) કલ્પ વિમાનની ઉચ્ચ દેવગતિને પામે તેવી આરાધના કરે છે.

અને તેથી જ **ભક્તિ–માર્ગમાં સર્વત્ર સ્તવન –સ્તોત્રનું મહત્વ સ્વીકારવામાં આવ્યું છે. જિન પ્રભુના તેવા અનન્ય ભક્તિસભર સ્તોત્ર શ્રી ભક્તામર સ્તોત્રના શ્રવણ અને પઠનથી જીવને લાભ જ** છે, પણ પાઠ કરતી વખતે કે સાંભળતી વખતે તેના ભાવ પણ જાણતા હોઈએ તો પ્રભુ પ્રત્યેની આપણી તન્મયતા અપૂર્વ પ્રકારની થાય છે. તેથી હવે સ્તોત્રનો મૂળ પાઠ, અન્વય, શબ્દાર્થ અને તાત્ત્વિક વિવેચનરૂપ પરમાર્થ શ્રી આદિનાથ પરમાત્માનું સ્મરણ કરીને અત્રે પ્રગટ કરશું જેથી સુજ્ઞજનો ભક્તિ-ભાવપૂર્વક આ સ્તોત્રનો પાઠ કરી પોતાનું આત્મશ્રેય સાધે. કેમકે ભગવાનની ભક્તિના માધ્યમથી સ્વાત્મદૃષ્ટિ પ્રાપ્ત કરવી, અર્થાત્ આત્માનુભૂતિ પામવી એ જ ભક્તની સર્વોત્તમ ભાવના હોય છે.

ૐ

॥ નમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ ॥

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વ સાહુણં

એસો પંચ નમુક્કારો, સવ્વ – પાવ – પ્પણાસણો ।
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલમ્ ॥

શ્રી ભક્તામર સ્તોત્રનો પાઠ શરૂ કરતાં પહેલા બોલાતી સ્તુતિ.
(શાર્દૂલવિક્રીડિતમ્)

અર્હન્તો ભગવન્ત ઇન્દ્રમહિતા સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પુજ્યા ઉપાધ્યાયકાઃ ।
શ્રી સિદ્ધાંત–સુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ
પંચૈતે પરમેષ્ટિનઃ પ્રતિદિનં, કુર્વન્તુ નો મંગલમ્ ॥૧॥
બ્રાહ્મી ચંદનબાલિકા ભગવતી, રાજેમતી દ્રૌપદી,
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા, સીતા સુભદ્રા શિવા ।
કુન્તિ શીલવતી નલસ્ય દયિતા, ચૂલા પ્રભાવત્યપિ,
પદ્માવત્યપિ સુંદરી પ્રતિદિનં; કુર્વન્તુ નો મંગલમ્ ॥૨॥
વીરઃ સર્વસુરા સુરેન્દ્ર મહિતો, વીરં બુધા સંશ્રિતાઃ
વીરેણાભિહતઃ સ્વકર્મ–નિચયો, વીરાય નિત્યં નમઃ ।
વીરાત્તીર્થમિંદ પ્રવૃતમતુલં, વીરસ્ય ઘોરં તપો
વીરે શ્રીધૃતિકીર્તિકાંતિ નિચયો, હે વીર ! ભદ્રં દિશઃ॥૩॥

ૐ

## શ્રી આદિનાથાય નમઃ

"આદિ પુરૂષ આદીશ જિન, આદિ સુવિધિ કરનાર,
ધરમ-ધુરન્ધર પરમ ગુરુ, નમો આદિ અવતાર."
ત્રિભુવનાઽભયદાન વિધાયિને, ત્રિભુવનાઽદ્ભુત વાંછિત દાયિને ।
ત્રિભુવન પ્રભુતાપદશાલિને, ભગવતે ઋષભાય નમો નમઃ ॥

## શ્રી ભક્તામર સ્તોત્રમ્

(વસંતતિલકા વૃતમ્)

**ભક્તામર પ્રણત - મૌલિ - મણિ - પ્રભાણા**
**મુદ્યોતકં દલિત - પાપ - તમો - વિતાનમ્ ।**
**સમ્યક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા-**
**વાલમ્બનં ભવ - જલે પતતાં જનાનામ્ ॥૧॥**

**યઃ સંસ્તુતઃ સકલ - વાઙ્મય તત્ત્વબોધા -**
**દુદ્ભૂત - બુદ્ધિ - પટુભિઃ સુરલોક - નાથૈઃ ।**
**સ્તોત્રૈર્જગત્ત્રિતય - ચિત્ત - હરૈરુદારૈઃ,**
**સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ ॥૨॥(યુગ્મં)**

**અન્વયાર્થ :–** **ભક્ત** (ભક્તિવંત) **અમર** (દેવ) **પ્રણત** (રૂડા ભાવથી નમેલાં) **મૌલિ** (મુગટ) **મણિ** (મણિઓની) **પ્રભાણામ્** (પ્રભાને, કાંતિને, તેજ કિરણોને) **ઉદ્યોતકં** (પ્રકાશિત કરનારા) **દલિત** (નાશ કરનારા) **પાપ** (૧૭ પ્રકારના પાપ) **તમો** (તમસ્=અંધકાર તે મિથ્યાત્વરૂપી અંધકાર) **વિતાનં** (સમૂહ) **ભવજલે** (ભવસાગરમાં)

**પતતાં** (પડેલાં) **જનાનામ્** (મનુષ્યોને) **યુગ** (યુગાન્ત) **આદૌ** (આદિમાં, શરૂઆતમાં) **આલમ્બનમ્** (આશ્રયરૂપ, શરણરૂપ) **જિન** (જિનેશ્વરના) **પાદયુગમ્** (બંને ચરણોને) **સમ્યક્** (સમ્યક્ ભાવથી, રૂડા પ્રકારે, ભલીભાંતિ) **પ્રણમ્ય** (પ્રણામ કરીને)... **॥ ૧ ॥**

**સકલ** (સમસ્ત) **વાઙ્મય** (જિનવાણી, શાસ્ત્રો) **તત્ત્વ** (તત્ત્વ-જ્ઞાનના) **બોધાત્** (અર્થબોધથી) **ઉદ્ભૂત** (બની છે) **બુદ્ધિ** (બુદ્ધિ) **પટુભિઃ** (પટુ=નિપુણ) **સુરલોકનાથૈઃ** (દેવ લોકના અધિપતિ, ઇન્દ્ર) **જગત્** (જગત. લોક) **ત્રિતય** (ત્રણે) **ચિત્તહરૈઃ** (ચિત્તને હરનારા) **ઉદારૈઃ** (વિશાળ અર્થવાળા) **સ્તોત્રૈઃ** (સ્તવનોથી) **યઃ સંસ્તુતઃ** (જે સ્તવાયેલા છે એટલે કે જેમની સ્તુતિ કરવામાં આવી છે) **તં** (તે) **પ્રથમં જિનેન્દ્રમ્** (પહેલા જિનેશ્વરની) **કિલ** (ખરેખર) **અહં** (હું) **અપિ** (પણ) **સ્તોષ્યે** (સ્તુતિ કરીશ) **॥૨॥**

અર્થઃ–ભક્ત દેવોના પ્રણામ કરતાં **નમેલાં મસ્તકોને વિષે** રહેલા મુકટમાં જડેલા મણિઓની પ્રભાને પ્રકાશિત કરનારા અશુભકર્મરૂપી પાપ અને અજ્ઞાન રૂપી અંધકારના સમૂહનો નાશ કરનારા તથા સંસારરૂપી સમુદ્રમાં પડેલા મનુષ્યોને યુગની આદિમાં આશ્રયરૂપ એવા શ્રી જિનેન્દ્ર ભગવાનના બંને ચરણોને રૂડા પ્રકારે **નમસ્કાર** કરીને....(૧)

સમસ્ત શાસ્ત્રોના તત્ત્વજ્ઞાનથી ઉત્પન્ન થયેલી નિપુણ બુદ્ધિ દ્વારા ત્રણે લોકના ચિત્તનું હરણ કરનાર વિશાળ અર્થવાળા સ્તોત્રો વડે સ્વર્ગાધિપતિ ઇંદ્રોએ પણ જેમની સ્તુતિ કરેલી છે એવા પ્રથમ જિનેશ્વર શ્રી આદિનાથ પ્રભુની હું પણ ખરેખર સ્તુતિ કરીશ જ........(૨)

**પરમાર્થ** :–આ બંને ગાથા યુગ્મ છે–સાથે લેવાની છે. આથી વર્તમાન અવસર્પિણી કાળમાં ધર્મની આદિના

કરનારા એવા પ્રથમ જિનેશ્વર તીર્થંકર ભગવંત શ્રી આદિનાથ પ્રભુને નિર્દેશીને 'તં પ્રથમં જિનેન્દ્રમ્' કહીને આચાર્યશ્રીએ પોતાની ભાવભરી અંજલી આ સ્તોત્રના મંગલાચરણ રૂપે આપી છે.

સ્તોત્રની શરુઆત 'ભક્તામર' શબ્દથી અદ્‌ભુત રીતે કરીને સારાયે સ્તોત્રનો અને સમસ્ત જૈનદર્શનનો સાર આ એક પ્રથમ શબ્દથીજ આચાર્યશ્રીએ કહી દીધો છે, જૈનદર્શનનું સર્વ તત્ત્વજ્ઞાન 'નવ તત્ત્વ'[1]માં સમાઈ જાય છે અને તે નવ તત્ત્વમાં 'જીવ' તત્ત્વ તે જ પરમાર્થ તત્ત્વ છે. અજીવ તત્ત્વ તે તેના પ્રતિપક્ષ રુપ છે અને પુણ્યથી મોક્ષ સુધીના બાકીનાં સાતે તત્ત્વ તો 'જીવ' તત્ત્વની પર્યાય રુપ છે. તેમાં જીવને માટે મુખ્ય ઉપાદેય તત્ત્વ તે મોક્ષ તત્ત્વ છે. જીવ અને મોક્ષ તત્ત્વની વાત અત્રે 'ભક્તામર' શબ્દથી કહીને આચાર્યશ્રીએ કમાલ કરી છે. તે માટે સુજ્ઞવાચકોને પ્રસ્તાવના જોવા વિનંતિ છે. તે કમાલ 'ભક્તામર' શબ્દના પ્રયોજનમાં છે. તેને 'શ્લેષ' અલંકાર રુપે અત્રે વાપર્યો છે. તેથી તેનો સરળ શબ્દાર્થ "ભક્ત દેવો" એમ થાય છે અને પરમાર્થ એ છે જે કોઈ જીવાત્મા જિનેશ્વર દેવને ખરા ભાવપૂર્વક

(૧) નવ તત્ત્વની ગાથા, ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય. ૨૮. ગાથા. ૧૪–
"જીવાજીવાય બન્ધોય, પુણ્ણ પાવાસવો તહા, ।
સંવરો નિજ્જરા મોક્ખો, સન્તે એ તહિયા નવ ॥૧૪॥
"જીવ, અજીવ, બન્ધ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ આ નવ તત્ત્વ છે.

નમે છે, તેમના ચરણનું શરણું લે છે, તેવો જીવ પ્રથમ બહિરાત્મદશામાંથી નીકળી 'ભક્ત' કહેતા 'સમકિતી' બને છે અને અમર કહેતા 'દેવ' પદ અથવા તો અજર-અમર પદ અર્થાત્ આ સ્તોત્રના અંતઃચરણમાં જે 'માન તુંગી લક્ષ્મી' કહી તે શીવપદને પમાડવાની જે સ્તોત્રમાં શક્તિ રહી છે તે 'ભક્તામર' સ્તોત્ર. આ ભાવ પ્રગટ રીતે ૩૫મી ગાથામાં પ્રભુની વાણીને સ્વર્ગ કે મોક્ષ અપાવનારી કહીને કહ્યા છે, અને આજ ભાવ શ્રી સિદ્ધસેન દિવાકરજીએ કલ્યાણ મંદિર સ્તોત્રની અંતિમ બે ગાથામાં કહ્યા છે. આ શાશ્વતા ભાવ છે તેમાં ત્રણે કાળમાં રજમાત્ર ફરક પડે નહિ. આ રીતે પ્રભુભક્તિ જીવાત્માને બહિરાત્મદશામાંથી બહાર કાઢી અંતરાત્મદશામાં પ્રવેશ કરાવી પરમાત્મદશા સુધી પહોચાડે છે.

'ભક્તામર'થી શરુઆત કરીને'જનાનામ્'કહેતા ચારે ગતિ[૨]માં મનુષ્યોને જ પ્રભુ-ચરણ આલંબન રુપ છે એમ કહેવામાં પણ તાત્પર્ય રહ્યું છે. દેવગતિ શુભગતિ છે. તેમ છતાં દેવ સીધા મોક્ષે જઈ શકતા નથી એમ જૈન દર્શન કહે છે. તેથી ભક્ત એટલે કે સમકિતિ દેવો નિયમા મનુષ્ય ગતિને પામીને પ્રભુભક્તિનું આલંબન લઈ ને મોક્ષને પામે છે.

(૨) ચાર ગતિ – (૧) નરક ગતિ (૨) તિર્યંચ ગતિ (૩) મનુષ્ય ગતિ ને (૪) દેવગતિ. આ ચાર સંસારચક્રની ગતિ છે. ને પાંચમી જીવને આરાધવા યોગ્ય ઉત્તમગતિ તે મોક્ષગતિ છે.

'પાપ તમો વિતાનમ્' કહીને 'પાપ'થી સત્તર પ્રકારના પાપો અને 'તમસ્'થી મિથ્યાત્વ નામનું અઢારમું પાપ-સ્થાનક અત્રે દર્શાવ્યું છે.

તે અઢારે પ્રકારના ભવોભવના પાપોના જે સમુહ જીવે એકઠા કર્યા હોય તે એક જ વાર સમ્યગ પ્રકારે પ્રભુ પ્રાર્થના કરવાથી નાશ પામે છે. આ પ્રકારે અઢાર પાપ-સ્થાનક કહેતા જડ કર્મનું અર્થાત્ બીજા અજીવ તત્ત્વનું સ્વરુપ અને આશ્રવના પાંચ હેતુ (૧) મિથ્યાત્વ (૨) અવ્રત (૩) પ્રમાદ (૪) કષાય ને (૫) અશુભ યોગ, અમૈત્રી આદિ ચાર કુભાવના ને ત્રણ શલ્યનું સ્વરૂપ કહ્યું છે.

જડકર્મનો ચૈતન્ય સ્વરુપી આત્મા સાથે સંયોગ તે બન્ધ તત્ત્વ, તે પુણ્ય રુપે બંધ થાય તે દેવાદિ ગતિથી સુચવ્યું ને પાપ રુપે બંધ થાય તે પાપ અને તમસ્થી સૂચવાય છે. વળી પાપ અને તમસ્નો સમૂહ–ઢગલે ઢગલા જીવને વળગે છે, કહીને 'આશ્રવ' તત્ત્વનું સ્વરુપ કહ્યું ને 'સમ્યક્' કહીને સંવર અને પ્રણમ્ય કહીને નિર્જરા તત્ત્વનું સ્વરુપ પરમાર્થથી કહ્યું અને પ્રભુ ભક્તિનો આશ્રય લઈને સંવર તત્ત્વની આરાધના કરી જે કોઈ કર્મની નિર્જરા કરે તે અવશ્ય મોક્ષ ગતિને પામે. આ પ્રમાણે નવે તત્ત્વનું સ્વરુપ અત્રે ગુંથી લીધું છે.

ત્રીજા ચરણમાં 'યુગાદૌ [1]' એટલે 'યુગની આરંભે' કહીને છ દ્રવ્ય[2]માં 'કાળ' દ્રવ્યનું સ્વરુપ બતાવ્યું છે;

---

નોંધ – (૧) જંબુદ્રીપ પ્રજ્ઞપ્તિના પહેલા વક્ષસ્કારમાં તીર્થંકર શ્રી ઋષભદેવજીનું, કાળચક્રનું ને છઆરાનાભાવનું વિસ્તૃત કથનછે.

અને આ વર્તમાન અવસર્પિણી કાળમાં જુગલિક ધર્મનું નિવારણ કરીને પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ભગવાને ધર્મચક્રની સ્થાપના કરીને ભવિ જીવોને માટે મોક્ષના દ્વાર ખોલી આપ્યા. તેથી સંસાર સાગરમાં પડેલા જીવોને આલંબન રૂપ શ્રી આદિનાથ પ્રભુને કહ્યા.

પ્રથમ આરાથી ત્રીજા આરાના અંતભાગ સુધી જુગલિયા ધર્મ જ હોય છે ને જુગલિયા કાળ કરીને

---

(૨) છ દ્રવ્ય (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) જીવાસ્તિકાય (૫) પુદ્‌ગલાસ્તિકાય (અજીવ) ને (૬) કાળ દ્રવ્ય. તેનું સ્વરુપ ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૮ મું ગાથા ૭ થી ૧૨ સુધીમાં બતાવ્યું છે તથા ભગવતીજી સૂત્રમાં પણ કહ્યું છે.

(૩) ઠાણાંગ સૂત્રના બીજા સ્થાનમાં કહ્યું છે કે કાળ અનંતો છે. તેનું માપ જૈનદર્શનમાં કાળચક્રથી કાઢવામાં આવે છે. એક કાળચક્ર વીસ ક્રોડાક્રોડી સાગરોપમ વર્ષનું છે. તેના બે વિભાગ છે. જે દરેકને અર્ધ કાળચક્ર કહેવામાં આવે છે, તે દરેક દસ દસ ક્રોડાક્રોડી સાગરોપમના છે. તેને (૧) ઉત્સર્પિણી ને (૨) અવસર્પિણી કહેવામાં આવ્યા છે. ઉત્સર્પિણી કાળમાં દરેક પદાર્થના ભાવ ચઢીયાતા થતા જતા હોય છે ને અવસર્પિણી કાળમાં હીન પર્યાય અર્થાત્ ઉતરતા ભાવ થતા હોય છે. તે દરેક અર્ધ કાળચક્રના છ– છ, આરા કહ્યા છે. વર્તમાનમાં અવસર્પિણી કાળ ચાલે છે. તેના છ આરામાં પ્રથમ આરો, ચાર ક્રોડાક્રોડી સાગરોપમનો. બીજો ત્રણ, ત્રીજો, બે ને ચોથો એક ક્રોડાક્રોડી સાગરોપમ ન્યુન (ઓછા) ૪૨ હજાર વર્ષનો છે, ને પાંચમો ને છઠ્ઠો આરો દરેક એકવીશ હજાર વર્ષનો છે. આમાંના પહેલા ત્રણ આરા જુગલિકના હોય છે ને ત્રીજા આરાના અંતભાગમાં જુગલિક ધર્મનું નિવારણ કરી. કેવળી પરૂપતિ ધર્મચક્રની તીર્થંકર ભગવાન સ્થાપના કરે છે. જે વર્તમાનકાળમાં શ્રી આદિનાથ પ્રભુએ કરી (જુઓ આદિનાથ ચારિત્ર). *

નિયમા દેવગતિમાં જ જાય છે. તેથી તે સમયે મોક્ષગતિ ત્રીજા આરાના અંતભાગથી ખુલે છે ને ચોથા આરાના અંત ભાગ સુધી ચાલુ રહે છે. ચોથા આરાના જન્મેલા પાંચમા આરામાં પણ મોક્ષે જાય. પણ પાંચમા આરાના જન્મેલા માટે મોક્ષના દ્વાર પાછા બંધ થઈ જાય છે. તેમ છતાં આચાર્યશ્રીએ પ્રભુભક્તિ કરવાથી જીવાત્મા શિવ લક્ષ્મી પામે તેમ કહ્યું, તેમાં કશો વિરોધાભાસ નથી. કારણ કે પાંચમા આરાનો જીવ પણ પોતાનો પુરુષાર્થ ઉપાડે તો એકાવતારીપણું પામી શકે જે પરમાર્થથી ત્રીજા ભવે અવશ્ય મોક્ષ અપાવે. તેથી શિવલક્ષ્મી પ્રભુના ભક્તને અવશપણે વરે, તેમ જે કહ્યું તે યોગ્ય જ કહ્યું છે.

આ પ્રમાણે પહેલી ગાથામાં ચારે ગતિમાં ભક્ત દેવો અને મનુષ્યો જ પ્રભુ પ્રાર્થના કરી શકે તેમ કહ્યું અન્ય જીવો કહેતા, નારકીઓ, તિર્યંચો અને ભક્ત નહિ તેવા એટલે કે મિથ્યાત્વી દેવો પ્રભુની પ્રાર્થના કરી શકે નહિ તેમ સિદ્ધ થયું. કારણ કે પ્રભુની પ્રાર્થના પણ જીવનું એટલું પુણ્ય હોય તો જ કરી શકે છે, અન્યથા નહિ. મિથ્યાત્વી દેવો, દેવગતિ પામવા છતાં, પણ કુતૂહલ ખાતર પ્રભુના સમવસરણમાં આવે, પ્રભુના વખાણ ઈન્દ્રની સભામાં થતા હોય ત્યારે સહન કરી ન શકવાથી કસોટી કરવા આવે તે સંગમ દેવ અને પ્રભુ મહાવીરના દૃષ્ટાંતે, અને પૂર્વ ભવના વેરના કારણે ઉપસર્ગ દેવા માટે પણ આવે તે કમઠદેવ અને પાર્શ્વનાથ પ્રભુના દૃષ્ટાંતે, પણ

ભક્તિભાવે તો કદાપિ કાળે ન આવી શકે કારણ કે મિથ્યાત્વમાં પડેલા છે. નારકીના જીવો તો પોતાનું ક્ષેત્ર છોડી શકતા નથી તેમજ બાર પ્રકારના દુઃખો નિરંતર ભોગવી રહ્યા છે તેથી તે બચારા જીવને પ્રભુ પ્રાર્થના યાદ પણ કઈ રીતે આવે ? ને તિર્યંચના જીવોમાં પંચેદ્રિય ગર્ભજ તિર્યંચ પ્રભુના સમવસરણમાં આવી શકે અને પ્રભુ દર્શનના કે પ્રભુ ભક્તિના ભાવ અંતરમાં જાગે પણ ખરા પણ તિર્યંચ ગતિમાં મનુષ્ય જેવી ભાષા સમિતિ ન હોવાથી પ્રભુ પ્રાર્થના મનુષ્યની જેમ ન કરી શકે. તે દેડકાના ભવમાં રહેલા નંદ મણીયારના જીવના દષ્ટાંતે. આમ સમુચ્ચય સંસારી જીવમાં માત્ર સમકિતી દેવો અને મનુષ્ય પર્યાયમાં રહેલા કર્મભૂમિના મનુષ્યો જ પ્રભુ પ્રાર્થના રૂડી રીતે કરી શકે એમ સુંદર રીતે આચાર્યશ્રીએ અત્રે પરમાર્થથી આપણને કહ્યું.

આચાર્યશ્રી માનતુંગાચાર્ય પણ પોતે મનુષ્ય પર્યાયમાંજ રહેલા છે અને વીતરાગ માર્ગના સાધુ છે. તે પોતે ભોજ રાજાના કારાગૃહમાં અડતાલીસ અડતાલીસ લોખંડની જંજિરો અને તાળાઓથી બંધાઈને બંદી અવસ્થામાં પડેલા છે. હાથ કે પગ પણ હલાવી ચલાવી શકે તેવી સ્થિતિમાં રહ્યા નથી. સાવ નિરાધાર દશામાં હોવા છતાં પોતે એમ બતાવવા માગે છે કે 'નિર્બળ કો બળ રામ' તે ઉક્તિ અનુસાર પોતાને પ્રભુ પ્રાર્થનાનો મોટામાં મોટો આધાર રહેલો છે. અને પોતે મહાન

લબ્ધિવંત હોવા છતાં, બાણ ભટ્ટની જેમ ભોજ રાજાને પડકાર કરવાને બદલે અત્યંત નમ્રતાથી પ્રભુસ્મરણનો આશ્રય લે છે. અને જુઓ તેથી ખરેખર શું બને છે? તેમના સઘળા બંધનો તડોતડ આપ મેળે તૂટી જાય છે ને પોતે બંધનમુક્ત દશાને પામે છે. તેજ પ્રમાણે પોતે પોતાના દૃષ્ટાંતથી જગતના જીવોને કહેવા માગે છે, શ્રદ્ધા બેસાડવા માગે છે કે અરે ઓ જગતના જીવો! તમે મહાન ચક્રવર્તી છ ખંડના ધણી હો! કે ત્રણ ખંડના ધણી વાસુદેવ હો! કે માંડલિક રાજા મહારાજા હો, શેઠ સેનાપતિ હો કે મોટા જાગીરદાર હો! કે સામાન્ય કક્ષાના માનવી હો! પણ તમે બધા એક પણ અપવાદ વગર મારી જેમ જ કર્મરાજાના ૧૪૮, ૧૪૮ કર્મ બંધનોથી અનાદિ કાળથી બંધાયેલા છો. કર્મ પ્રકૃતિઓના તે એકસો ને અડતાલીસ બંધનોથી જો તમારે મુક્ત થવું હોય, તો તમે પણ મારી જેમ જ તમારી જાતનું સંપૂર્ણપણે અત્યંત નમ્રતાથી તીર્થંકર ભગવંતોને ચરણે સમર્પણ કરીને જો તેમની પ્રાર્થના, તેમનું નામ સ્મરણ કરશો તો તમે પણ અવશ્ય કર્મ રાજાના સર્વ બંધનોથી મુક્ત બનીને, એટલે કે સર્વથા કર્મ રહિત બનીને, તમારા શુદ્ધ સ્વરૂપને પ્રગટાવશો પરમાત્માપદને પામશો, સ્વસ્થાને પહોંચીને સિદ્ધશિલાએ અવશ્ય વાસ કરશો એવી અપ્રતિમ શક્તિ પ્રભુ પ્રાર્થનામાં રહેલી છે. પુરૂષાર્થ જીવાત્માએ પોતે જ કરવાનો છે, અવલંબન તીર્થંકર પ્રભુનું કે તેમના માર્ગનું છે.

બીજી ગાથામાં ઇંદ્રોએ પણ તમારી સ્તુતિ કરેલી છે એમ કહીને તીર્થંકર ભગવંતોના પાંચે કલ્યાણકનું સૂચન છે. કલ્યાણક પાંચ હોય છે: (૧) ચ્યવન (૨) જન્મ (૩) દીક્ષા (૪) કેવળ (૫) નિર્વાણ. જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિના પાંચમાં વક્ષસ્કારમાં તીર્થંકરોના જન્મ અભિષેકના મહોત્સવ સમયે બધા-૬૪ ઇંદ્રો મેરૂ પર્વતે બાળ-પ્રભુને લઈને આવે છે ને પ્રભુનો અભિષેક જળધારા કરીને કરે છે. ત્યારે બધા ઇંદ્રો અને દેવો વતી શક્રેંદ્ર પ્રભુની સ્તુતિ નમોત્થુણંનો પહેલો ને બીજો પાઠ સંપૂર્ણ બોલીને કરે છે. આ પાઠો સૂત્રમાં આપ્યા છે. આને **"શક્રસ્તવ"** કહે છે. પછી પૂર્વાચાર્યોએ સામાયિક સૂત્રની રચના કરીને આ પાઠોને તેમાં સાતમા પાઠ તરીકે મૂકેલ છે.

આ પ્રમાણે અનંતા તીર્થંકરોની ઇંદ્રોએ રૂડી મજાની સ્તુતિ તો કરેલી છે. આચાર્યશ્રીની પ્રભુભક્તિ એવી તો ઉત્કટ અત્યારે બની છે તેથી કહે છે કે હે પ્રભુ! તમારી સ્તુતિ ઇંદ્રોએ કરેલી છે તેમ છતાં હું પણ અવશ્ય કરીશ. આમ પોતે દૃઢ પ્રતિજ્ઞા જાણે કે લે છે.

બુદ્ધ્યા વિનાઽપિ વિબુધાર્ચિત-પાદ-પીઠ !
સ્તોતું સમુદ્યત-મતિર્વિગત-ત્રપોઽહમ્
બાલં વિહાય જલ સંસ્થિતમિન્દુબિમ્બ-
મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ॥૩॥

**અન્વયાર્થ :-** વિબુધ (દેવ) અર્ચિત (પૂજાએલુ) **પાદપીઠ** (બાજોઠ) **જલસંસ્થિતં** (પાણીમાં રહેલા) **ઇન્દુ** (ચંદ્ર) **બિમ્બં**

(પ્રતિબિંબને) **બાલં** (બાળકને) **વિહાય** (છોડીને) અન્ય: (બીજો) **કઃ** (કયો) **જનઃ** (માણસ) **સહસા** (વગર વિચાર્યે) **ગ્રહીતું** (પકડવાને) **ઇચ્છતિ** (ઈચ્છે છે) **બુદ્ધયા** (બુધ્ધિ) **વિના** (વિનાનો) **અપિ** (છતાંપણ) **વિગત** (રહિત) **ત્રપઃ** (લજ્જા) **અહં** (હું) **સ્તોતું** (સ્તુતિ કરવાને) **સમુદ્યત** (તૈયાર, પ્રવૃત્ત) **મતિઃ** (થયો છું.) ॥૩॥

અર્થ :—જેમનું ચરણાસન પણ દેવો વડે પૂજાએલું છે એવાં હે પ્રભુ ! પાણીમાં રહેલા ચંદ્રમાના પ્રતિબિંબને બાળક સિવાય બીજો કયો માનવી વગર વિચાર્યે પકડવાને ઈચ્છે? (અર્થાત્ કોઈ ન ઇચ્છે.) તેવી જ રીતે બુદ્ધિહીન હોવા છતાં પણ લજ્જારહિત થઈ તમારી સ્તુતિ કરવા હું પ્રવૃત્ત થયો છું....(૩) પરમાર્થ ચોથી ગાથા સાથે.

હવે ત્રીજીથી બાવીસમી ગાથા સુધી આચાર્યશ્રી દરેક ગાથાના પ્રથમ બે ચરણમાં પોતાનો હેતુ કહે છે અને છેલ્લા બે ચરણમાં સામાન્ય જનો પણ સરળતાથી સમજી શકે તેવી સુંદર ઉપમાવાળા દૃષ્ટાંતો આપીને તે હેતુના ભાવને સ્પષ્ટ કરે છે: અને આ રીતે પોતાની ઉત્તમ કવિત્વ શક્તિનો આપણને આસ્વાદ કરાવે છે.

સિદ્ધાંતની અર્થ ગંભીર વાત દૃષ્ટાંત આપીને સમજાવવી એ જૈન સંતોની આગવી શૈલી છે, તેથી જ કહેવાયું છે કે "**વિના દૃષ્ટાંત નહિ સિદ્ધાંત**" જૈન દર્શનનું પરમ ગંભીર તત્વજ્ઞાન આ ઉપમાઓમાં જ આચાર્યશ્રીએ અદ્‌ભૂત રીતે ગૂંથી લીધું છે, તે હવે જોઈશું.

**વક્તું ગુણાન્-ગુણસમુદ્ર! શશાંક-કાન્તાન્**
**કસ્તે ક્ષમઃ સુરગુરુ-પ્રતિમોઽપિ બુદ્ધ્યા?**
**કલ્પાંત - કાલ - પવનોદ્ધત - નક્ર - ચક્રં**
**કો વા તરીતુમલમમ્બુનિધિં ભુજાભ્યામ્ ?॥૪॥**

**અન્વયાર્થ** :- ગુણસમુદ્ર ! (હે ! ગુણોના સાગર) **કલ્પાંત-કાલ** (પ્રલયકાળ) **પવન** (પવનની) **ઉદ્ધત** (આંધિથી) **નક્રચક્રં** (મગરમચ્છાદિ જળચરો) **અમ્બુનિધિં** (મહાસાગરને) **ભુજાભ્યાં** (બે હાથ વડે) **તરિતું** (તરવાને) **કઃ** (કોણ) **અલમ્** ( સમર્થ) ? **વા** (અથવા, તેવી રીતે) **શશાંકકાન્તાન્** (ચંદ્રમા જેવા ઉજ્વળ) **તે** (તમારા) **ગુણાન્** (ગુણોને) **વક્તું** (કહેવાને) **બુદ્ધ્યા** (બુધ્ધિ વડે) **સુરગુરુ** (દેવોના ગુરુ બૃહસ્પતિ) **પ્રતિમઃ** (સરખા) **અપિ** (પણ) કઃ (શું) **ક્ષમઃ** (સમર્થ થાય) ? **॥૪॥**

**અર્થ** : હે ગુણોના સાગર ! કલ્પના અંતે વાતી પ્રલયકાળની આંધિથી જેને વિષે મગર મચ્છાદિ જળચર જીવો ઉછળી રહ્યા છે એવા મહાસાગરને પોતાના બે હાથ વડે તરવાને કોણ સમર્થ થાય છે? ( અર્થાત્ કોઈ જ નહિ) તેવી રીતે ચંદ્રમા સમાન તમારા ઉજ્જવળ ગુણોનું વર્ણન કરવાને દેવોના ગુરુ બૃહસ્પતિ સમાન બુદ્ધિમંત પણ શું સમર્થ થાય ? ન જ થાય.

**પરમાર્થ** :- સ્તોત્ર રચનાનો સંકલ્પ કરી ચુકેલા આચાર્યશ્રી ત્રીજી ગાથામાં પોતાને બાળક સાથે સરખાવીને પોતે કેવા બાળક જેવા અલ્પજ્ઞ છે તે સુચવીને, સામે પક્ષે પ્રભુના ગુણો જે ગાવા પોતે તત્પર થયા છે તે કેટલા

બધા–મહાસાગર જેટલા અપરંપાર રહેલા છે તેમ ચોથી ગાથામાં પ્રભુને "ગુણસમુદ્ર" કહીને બતાવ્યું છે. તો હવે પોતે જે કાર્ય કરવાનો સંકલ્પ કર્યો છે તે કાર્યની મહત્તા અને વિકટતાનો ખ્યાલ જાણે હવે પોતાને આવેલ છે. તો હવે તે સંકલ્પ પાર પડશે કેમ? આમ કહીને પોતાની અત્યંત લાઘવતા ને નમ્રતા અને પ્રભુનું અચિંત્ય માહાત્મ્ય અત્રે પરમાર્થથી કહ્યું છે. ભક્તિસભર સંતોની સદાને માટે આવી વિશિષ્ઠતા રહેલી છે. પરમાર્થથી અત્રે જૈનદર્શનનું યતી ધર્મનું [૧] સ્વરૂપ પ્રગટ કર્યું છે. અને તે દશે[૧] ગુણોની ચિંતવણા કરી આચારમાં ઉતારવાનું અત્રે સુચન છે.

"પાણીમાં રહેલા ચંદ્રમાના પ્રતિબિંબને અબોધ બાલક સિવાય કોણ પકડવાને ઈચ્છે"? આ દષ્ટાંત રામાયણ ચરિત્રના પ્રસિદ્ધ શ્રીરામના બાળપણાનું લઈને જૈન દર્શનના 'બાળ' કહેતા સિદ્ધાંતના અબોધપણા સાથે સુંદર રીતે ઘટાવ્યું છે. તે બહુ હૃદયસ્પર્શી દષ્ટાંત છે. જેવી

---

**નોંધ** (૧) ઠાણુંગ સૂત્રના દશમાં સ્થાનમાં દશ પ્રકારનો યતી ધર્મ કહેતા યતિના ગુણ બતાવ્યા છે :–

(૧) ખંત્તિ (૨) મુત્તિ (૩) અજ્જવે (૪) મદવે (૫) લાઘવે (૬) સચ્ચે (૭) સંજમે (૮) તવે (૯) અકિંચણે અને (૧૦) બમ્ભચેર વાસે. અર્થાત્ (૧) ક્ષમા (૨) નિર્લોભતા (૩) સરળતા (૪) મૃદુતા (૫) લાઘવતા (૬) સત્ય (૭) સંયમ (૮) તપ (૯) અપરિગ્રહ ને (૧૦) બ્રહ્મચર્ય.

રીતે પાણીમાં રહેલા ચંદ્રમાના પડછાયાને પકડવો અસંભવ છે, તે જ રીતે હે પ્રભુ! આપના અત્યંત મહિમાને પણ વાણીની મર્યાદામાં વર્ણવવો અસંભવ છે. આમ બાળકની ઉપમાથી સૂચવીને આચાર્યશ્રી વાણી કે જે ભાષાના પુદ્ગલોની બનેલી છે તેની મર્યાદા અત્રે સુચવે છે.

ઉતરાધ્યયન સૂત્ર અધ્ય. ૧૯ ગાથા ૩૭માં મૃગાપુત્રને સમજાવતા તેના માતા પિતા કહે છે, "બાહાહિં સાગરો ચેવ તરિયવ્વો ગુણોદહી" અર્થાત્ (બે) હાથથી સાગરને તરવો જેમ દુષ્કર છે, તે જ પ્રમાણે સંયમીઓએ કેળવવા પડતા ગુણોના સમુદ્રને પાર કરવા પણ કઠણ છે." હવે સંયતિઓના ગુણો માટે શાસ્ત્રકાર જો 'ગુણોદહી' અર્થાત્ ગુણોનો ઉદધિ કહેતા સાગર શબ્દ વાપરે તો પછી તીર્થંકર ભગવંતોના ગુણો તો મહાસાગરથીએ વધુ હોય તેમાં શી નવાઈ?

એક હિંદી કવીએ પણ ગાયું છે:

" લઘુતાસે પ્રભુતા મિલે, પ્રભુતાસે પ્રભુ દૂર.
તારે સબ ન્યારે રહે, ગ્રહે ચંદ્ર અરૂ સૂર.''

**અર્થ**:–તારા નાના હોવાથી કોઈ તેને ગળી જતું નથી. જયારે સૂર્ય અને ચંદ્રને મોટાઈ છે તો રાહુ અને કેતુ તેમને ગ્રસે છે, તેથી મોટાઈ દૂર કરી અંતરમાં લાઘવતા આણવાથી જીવ પ્રભુતા કહેતા પરમાત્મા પદ પામી જાય છે તેમ કવિ કહે છે તે:શ્રી બાહુબલિજીના પ્રસિદ્ધ દષ્ટાંતથી પણ યથાર્થ ઠરે છે.

**સોઽહં તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ !**
**કર્તું સ્તવં વિગત—શક્તિરપિ પ્રવૃત્તઃ**
**પ્રીત્યાઽઽત્મ-વિર્યમવિચાર્ય મૃગો[1] મૃગેન્દ્રં,**
**નાઽભ્યેતિ કિં નિજ—શિશોઃ પરિપાલનાર્થમ્ ?॥૫॥**

**અન્વયાર્થ**:–**મુનીશ** ! (હે મુનીશ્વર !) **સ**: (તે–તેવો અસમર્થ) **અહમ્** (હું) **તથા** (તો) **અપિ** (પણ) **તવ** (તારી–તમારી) **ભક્તિવશાત્** (ભક્તિને વશ થઈને) **વિગતશક્તિઃ** (શક્તિહીન) **અપિ** (છતાં) **સ્તવં** (સ્તવન) **કર્તુમ્** (કરવાને) **પ્રવૃત્તઃ** (તત્પર થયો છું) **મૃગઃ** (હરણ) **આત્મવીર્યં** (પોતાની શક્તિનો) **અવિચાર્ય** (વિચાર કર્યા વગર) **પ્રીત્યા** (પ્રીતીને વશ થઈને) **નિજ** (પોતાના) **શિશોઃ** (બચ્ચાના) **પરિપાલનાર્થં** (રક્ષણ માટે) **કિં** (શું) **મૃગેન્દ્રં** (સિંહની સામે) **ન અભ્યેતિ** ? (થતો નથી). ॥૫॥

**અર્થ** :–હે મુનિશ્વર ! આ પ્રમાણે હું તમારી સ્તુતિ કરવાને તદ્દન અસમર્થ છું તો પણ તમારા પરની ભક્તિને વશ થઈને શક્તિહીન છતાં તમારી સ્તુતિ કરવાને પ્રેરાયો છું. (તે) કે એમ જેવી રીતે મૃગલો (પાઠાંતરે મૃગલી) પોતાની શક્તિનો વિચાર કર્યા વગર જ માત્ર પોતાના બચ્ચા પરની પ્રીતિને વશ થઈને તેના રક્ષણને માટે શું કેસરીસિંહની સામે નથી થતો ? (અર્થાત્ અવશ્ય થાય છે, સંસારમાં એમ થતું જોવામાં આવે છે) (૫)

**પરમાર્થ** :– અત્રે ભક્તિયોગનું સ્વરૂપ બતાવ્યું છે તે છઠ્ઠી ગાથા સાથે લીધું છે.

---

(૧) પાઠાંતરે 'મૃગી મૃગેન્દ્રમ્' પણ બોલાય છે. } બંને પાઠમાં ભાવ
(૨) " 'તચ્ચામ્ર ચારુ કાલિકા' પણ છે. } સમાન છે.

**અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસ—ધામ,**
**ત્વદ્-ભક્તિરેવ મુખરીકુરુતે બલાન્મામ્ ।**
**યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ,**
**તચ્ચારુ—ચામ્ર કલિકા નિકરૈક-હેતુઃ ॥૬॥**

**અન્વયાર્થ :- અલ્પશ્રુતમ્** (શાસ્ત્રના થોડા જ્ઞાન વાળો) **શ્રુતવતાં** (શ્રુતજ્ઞાન–શાસ્ત્રના પારગામી વિદ્વાનોની) **પરિહાસ** (હાંસી) **ધામ** (પાત્ર) **ત્વદ્** (તારી)**ભક્તિ;** (ભકિત) **એવ** (માત્ર) **બલાત્** (પરાણે) **મુખરી** (વાચાળ) **કુરુતે** (કરે છે.) **મધૌ** (વસંતઋતુમાં) **કોકિલ:** (નર-કોયલ પક્ષી) **કિલ** (ખરેખર) **મધુરં** (મધુર) **વિરૌતિ** (ટહુકા કરે છે) **તદ્** (તે) **ચ** (કેવળ) **ચારુ** (મનોહર, અત્રે મધમધતી) **આમ્ર** (આંબાની) **કલિકા** (મંજરી) **નિકર** (સમૂહ) **એક હેતુ:** (એક માત્ર કારણ છે.)...॥૬॥

**અર્થ** - (હે પ્રભો ! ) શાસ્ત્રજ્ઞાનમાં હું અલ્પજ્ઞ છું. શાસ્ત્રના પારગામી વિદ્વાનોની હાંસીને પાત્ર છું. તો પણ તમારા પરની ભક્તિ જ મને પરાણે તમારી સ્તુતિ કરવાને વાચાળ કરે છે;(તે યોગ્ય જ છે કારણ કે) વસંત ઋતુમાં કોયલ જે મધુર ટહુકા ખરેખર કરે છે. તે કેવળ આમ્રવૃક્ષની મઘમઘતી મંજરીના સમૂહનો જ પ્રભાવ છે.

**પરમાર્થ** :- પોતાને અલ્પજ્ઞ, બાળ, શક્તિહીન વગેરે કહીને પ્રભુના અપરંપાર ગુણોની સ્તુતિ કરવાનું આ ભગીરથ કાર્ય પાંચમી ગાથામાં ‘ તવ ભક્તિવશાત્’ કહીને તથા છઠી ગાથામાં ‘ ત્વદ્ ભક્તિ : એવ’ કહીને કેવી રીતે થશે તેનું રહસ્ય પ્રગટ કરે છે. હે નાથ! મારા

અંતરમાં તારા પ્રત્યે રહેલી ભક્તિ જે ઉછાળા મારી રહી છે. તે ભક્તિની શક્તિ વડે કરીને આ વિકટ કાર્ય અવશ્ય પુર્ણ થશે. આમ કહેવાનો પરમાર્થ એ છે કે આ કાર્ય પુર્ણ થવાનું બધું શ્રેય આચાર્યશ્રી પ્રભુભક્તિને આપે છે; અને પ્રભુભક્તિજ પોતાની પ્રતિજ્ઞા પુરી કરાવશે એમ સુચવે છે. આથી ઉતરાધ્યયનસુત્ર અધ્યયન ર૯માં કહ્યું છે:

"જિનેશ્વરની ભક્તિથી રાગદ્વેષાદિ ટળી જાય છે ને જીવ બોધિલાભ અને સમાધિ મરણને પામે છે."

અન્ય ધર્મોમાં, ગીતાજીમાં પણ પ્રભુને પામવાના ત્રણ માર્ગ બતાવ્યા છે:—(૧) જ્ઞાનયોગ (ર) કર્મયોગ અને (૩) ભકિતયોગ.

આ ત્રણ માર્ગમાં જ્ઞાનયોગ તે શ્રી સ્થુલિભદ્રજી અને ભદ્રબાહુ સ્વામીના દષ્ટાંતે–૫૦૦ શિષ્યો જ્ઞાન લેવા ગુરુ પાસે ગયા છે પણ ટકયા છે એક સ્થુલિભદ્રજી અને કર્મયોગ છે શ્રી ગજસુકુમાર આદિ મુનિવરોના સમભાવના દષ્ટાંતે પ્રાણાંતક કષ્ટ છતાં કેવા સમભાવમાં રહેલા છે અને સાધકમાં કેવા પ્રકારની વિશિષ્ઠ શક્તિઓની અપેક્ષા રાખે છે તે બતાવે છે. જ્ઞાનયોગમાં પ્રખર બુદ્ધિ કૌશલ્યની, યાદશક્તિની વિગેરેની જરૂર પડે છે. જ્યારે કર્મયોગમાં પ્રચંડ મનોબળની, શારિરીક ક્ષમતાની આદિની જરૂરિયાત રહે છે. પણ ભકિતયોગ તો એવો સરળ છે કે તેમાં સાધકને પ્રભુમાં શ્રદ્ધા–અતુટ શ્રદ્ધા સિવાય બીજી કોઈ વિશેષ શકિતની જરૂર પડતી નથી. કહ્યું છે ને નિર્બળ કો બળ રામ એમ નિર્બળનું બળ અને નિર્ધ-

નીઆનું ધન, જો પ્રભુમાં અપાર શ્રધ્ધા હોય તો પ્રભુજ તે સાધકનું-તે ભકતનું બળ અને ધન બની રહે છે, તેથી જીવમાત્ર માટે તે અત્યંત સરળ અને વળી પરમાત્મપદ પામવાનો સચોટ માર્ગ રહેલો છે; એમ આચાર્યશ્રી પોતાના જ દૃષ્ટાંતથી અત્રે જગતજીવોને કહેવા માગે છે.

માટે હે વાંચક! તું પણ તારા અંતરમાં આચાર્ય-શ્રીની જેમજ ભક્તિભાવનો ઉછાળો પ્રગટાવી, શુદ્ધ ભાવથી આ પ્રાર્થના કરીને તારા મનુષ્યભવને સાર્થક કર!

છઠ્ઠી ગાથામાં 'શ્રુતવતાં પરિહાસધામ' કહીને પૂર્વે થઈ ગયેલા શ્રુત કેવળી અને પૂર્વધર આચાર્યોને અહોભાવ પૂર્વક યાદ કર્યા છે. આ સ્તોત્ર રચનાનું સઘળું શ્રેય તીર્થંકર ભગવંતને અર્પણ કરીને અને શ્રુતધર પૂર્વાચાર્યોને નિવાપાં-જલી આપીને આચાર્યશ્રીએ જૈનાચારનો સર્વ પ્રથમ ગુણ 'વિનય ગુણ'ને અત્રે પ્રગટ કર્યો છે. જૈન દર્શનમાં વિનયને 'વિનયમૂલો ધમ્મો: કહીને 'ધર્મનું મૂળ' કહ્યો છે. ને તેથી જ ઉત્તરાધ્યયન સૂત્રમાં વીરપ્રભુએ પ્રથમ અધ્યયન 'વિનય'નું ફરમાવ્યું છે. આવો અણમોલ 'વિનય-ગુણ' આપણામાં પણ પ્રગટો એવી ચિંતવણા પ્રાર્થકે અત્રે કરવી.

પાંચમી ગાથામાં વાત્સલ્ય તો જનેતાનું જ હોય, છતાં પોતાના માટે હરણની ઉપમા આપવાથી નરજાતિનો 'મૃગ:' શબ્દ વાપર્યો છે. ને તેથી જ છઠ્ઠી ગાથામાં પણ કોયલને બદલે 'કોકિલ' શબ્દ વાપર્યો છે. વળી ખરેખર તો નર કોકિલ જ મધુર ટહુકા કરતો હોય છે. કોયલ નહિ.

તેથી પણ તે ઉપમા સાર્થક છે, વળી આ સ્તવન કોકિલના ટહુકા જેવું મધુર થશે એમ પણ આથી સુચવ્યું છે.

વળી વસંત ઋતુની મોસમ આવતાં આંબે મોર બેસે છે અને તેના પમરાટને કારણે કોયલ જે અત્યાર સુધી ચુપ હતી તેની પાસે જાણે વસંત ઋતુ પરાણે મધુરા ટહુકા કરાવે છે તે જ પ્રમાણે અત્યારે આચાર્યશ્રીના અંતરમાં પણ ભક્તિની વસંત પૂર બહારમાં પાંગરી છે તે વસંત જાણે તેમની પાસે પ્રભુ ગુણ ગાવા રૂપી મધુર સ્તવન પરાણે રચાવે છે.

**ત્વત્સંસ્તવેન ભવ – સંતતિ – સન્નિબદ્ધં**
**પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરીર-ભાજામ્ ।**
**આક્રાન્ત – લોકમલિનીલમશેષમાશુ**
**સૂર્યાંશુ – ભિન્નમિવ શાર્વરમન્ધકારમ્ ॥૭॥**

**અન્વયાર્થ** :– **ત્વત્** (તારા) **સંસ્તવેન** (રૂડા ભાવે કરેલા સ્તવનથી) **શરીરભાજામ્** (દેહધારીઓના) **ભવ** (ભવ) **સંતતિ** (પરંપરાના) **સન્નિબદ્ધમ્** (ગાઢા બંધાયેલા) **પાપં** (પાપો) **ક્ષણાત્** (ક્ષણમાત્રમાં) **ક્ષયં** (નાશ) **ઉપૈતિ** (પામે છે.) **આક્રાન્ત** (ઘેરી લીધેલું) **લોકં** (લોકને) **અલિ** (ભમરો) **નીલં** (કાળુ) **શાર્વરં** (રાત્રીનું) **અન્ધકારં** (અંધકાર) **સૂર્ય** (સૂર્ય) **અંશુ** (કીરણ) **ભિન્નં** (ભેદાયેલુ) **આસુ** (શીઘ્ર) **અશેષં** (સંપૂર્ણ) **ઈવ** (જેમ) (**ક્ષયં ઉપૈતિ.**) નાશ પામે છે) ॥૭॥

**અર્થ** :– આપની રૂડી સ્તુતિના પ્રભાવથી સર્વ જીવોના ભવપરંપરાથી બંધાયેલા ગાઢા પાપો ક્ષણ માત્રમાં નાશ પામે છે. (તે જેમ) લોકમાં સર્વત્ર

ફેલાએલું રાત્રિનું ભમરા જેવું કાળું ઘોર અંધારું સૂર્યના એક જ કિરણ વડે ભેદાઈને સત્વરે નાશ પામે છે તેમ. (૭)

**પરમાર્થ** :– પ્રભુ ભકિત કરવાથી ભકત જનના ભવોભવના ગાઢા બંધાયેલા અશુભ કર્મો ક્ષણ માત્રમાં નાશ પામીને ભક્ત પોતે ભગવાન બની જાય છે એવું અનુપમ ફળ પ્રભુ પ્રાર્થનાનું અત્રે બતાવ્યું છે. આજ ભાવ ઉતરાધ્યયન સૂત્ર અધ્ય. ૨૯ બોલ ૧૪ માં '**થય થુઈ મંગલ**'**થી** જીવને શું લાભ થાય તેવા ગૌતમ સ્વામીના પ્રશ્નના ઉતરમાં વીર પ્રભુએ કહ્યા છે. આચારાંગ સૂત્ર અધ્ય. ૨–ઉદ્દેશો ૨ – સૂત્ર ૫૯માં પણ '**ખણંસિ મુક્કે**' અર્થાત્ (જે સંયમમાં પસ્તાવો નથી કરતો તે જીવ) ક્ષણ માત્રમાં મુકત થાય છે" કહીને સૂત્રકારે કહ્યા છે.

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય. ૩૦, ગાથા ૬ માં પણ કહ્યું છે કે કરોડો ભવના પૂર્વ સંચિત કર્મોને સંયમી તપથી ખપાવી નાખે છે. તેથી ભક્તો સદાય એવું ઇચ્છે છે કે :

**અનન્તાનન્ત સંસાર સન્તતિચ્છેદ કારણં।**
**જિનરાજ પદામ્ભોજ–સ્મરણં શરણં મમ॥**

**અર્થ** :– શ્રી જિનરાજના ચરણ કમળોનું સ્મરણ અનંતાનંત સંસારની પરંપરાનો નાશ કરનારૂં છે. તે મને શરણભૂત થાઓ."

કર્મગ્રંથ પણ કહે છે કે ક્ષપક શ્રેણીએ ચડેલો જીવ જઘન્ય એક સમયમાં આઠમે ગુણસ્થાનેથી, નવમા ને દશમાને

સ્પર્શ કરી, બારમે ચારે ઘાતી કર્મ ખપાવીને તેરમાના પ્રથમ સમયે કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રગટાવી કેવળી પ્રભુ બની જાય છે.

અત્રે તપથી ક્ષણ માત્રમાં કર્મ ખપી જવાનું કહ્યું તેથી કશો વિરોધ નથી કારણકે એકાગ્ર ચિત્તે શુદ્ધ ભાવથી કરેલી પ્રાર્થના પણ બારે તપમાં સર્વોત્કૃષ્ટ 'ધ્યાન' તપ જ છે.

**મત્વેતિ નાથ! તવ સંસ્તવનં મયેદ**
**મારભ્યતે તનુધિયાપિ તવ પ્રભાવાત્।**
**ચેતો હરિષ્યતિ સતાં નલિનીદલેષુ**
**મુક્તાફલ દ્યુતિમુપૈતિ નનૂદબિન્દુઃ ॥૮॥**

**અન્વયાર્થ**:– **નાથ!** (હે નાથ!) **ઈતિ** (એમ) **મત્વા** (માનીને) **તનુ** (મંદ, અલ્પ) **ધિયા** (બુદ્ધિ) **અપિ** (છતાંપણ) **મયા** (મારા વડે) **ઈદમ્** (આ) **સંસ્તવનં** (રૂડા સ્તવનનો) **આરભ્યતે** (આરંભ થાય છે) **તવ** (તારા) **પ્રભાવાત્** (પ્રભાવથી) **સતાં** (સંતો, સજ્જનો) **ચેતઃ** (ચિત્તને, અંતઃકરણને) **હરિષ્યતિ** (હરી લેશે) **નલિની** (કમળ) **દલેષુ** (પાંદડા ઉપર) **ઉદબિન્દુઃ** (જળબીંદુ) **નનુ** (નિશ્ચયથી) **મુક્તાફલ** (સાચા મોતી સરખી) **દ્યુતિં** (કાન્તી) **ઉપૈતિ** (પામે છે) ॥૮॥

અર્થ :– હે નાથ! એમ માનીને હું અલ્પબુદ્ધિ હોવા છતાં પણ તમારું રૂડું, સ્તવન રચવાનો પ્રારંભ કરૂં છું. જેવી રીતે કમળપત્ર ઉપર પડેલું જળનું બિંદુ મોતીના જેવી શોભા ધારણ કરે છે, તેવી રીતે આ સ્તોત્ર આપના પ્રભાવથી સત્પુરૂષોના ચિત્તનું હરણ કરશે અર્થાત પ્રસન્ન કરશે. (૮)

**પરમાર્થ** :- સ્તોત્રનું મંગલાચરણ, તેનું મહત્ત્વ, પ્રભુની મહત્તા ને પોતાની લાઘવતા, પ્રભુ ભક્તિની શક્તિ અને તેનું અનુપમ ફળ-મોક્ષ આરંભની સાત ગાથાઓમાં કહીને, ખરેખરા સ્તવનની તો 'આરભ્યતે' કહીને આ ગાથાથી શરૂઆત કરે છે. આ સ્તોત્રમાં પ્રથમ સાત ગાથાઓ પૂર્વ ભૂમિકા રૂપે રહેલી છે; તેમ 'ઇતિ મત્વા' કહીને કહ્યું.

અત્રે કમળની ઉપમા આપીને "સત્સંગનો" મહિમા ગાયો છે.

કમળપત્રના સંગ થકી પાણીનું બિંદુ પણ મોતીની ચમકને ધારણ કરીને લોકોના ચિત્તને આકર્ષે છે. તેજ પ્રમાણે "મારી આ સામાન્ય સ્તુતિ પણ આપના સંબંધથી પ્રભાવિત થયેલી છે તેથી સંત પુરૂષોના ચિત્તને પણ પ્રફુલ્લિત કરશે." એમ કહીને પ્રભુનું માહાત્મ્ય બતાવ્યું છે. આચાર્યશ્રીની આ ભવિષ્યવાણી ખરેખર સાચી નીવડી છે. આ સ્તોત્ર રચાયાને હજાર વર્ષથી પણ વધુ વર્ષ થઈ જવા છતાં પણ દિવસે દિવસે તેનો પ્રભાવ વધતો જ જાય છે. અને કેટલાએ ભક્તોના હૃદયના હાર સમું આ સ્તોત્ર બની ગયું છે.

**આસ્તાં તવ સ્તવનમસ્ત-સમસ્ત દોષં,**
**ત્વત્સંકથાપિ જગતાં દુરિતાની હન્તિ ।**
**દુરે સહસ્ત્ર - કિરણ : કુરુતે પ્રભૈવ**
**પદ્માકરેષુ જલજાનિ વિકાશભાંજિ ॥૯॥**

**અન્વયાર્થ** :– **અસ્ત** ( નાશ કરનારૂં ) **સમસ્ત** ( સઘળા ) **દોષં** ( પાપોને ) **તવ** ( તારૂં ) **સ્તવનં** ( સ્તવન ) **આસ્તાં** ( દૂર રહો ) **ત્વત્** ( તારી ) **સંકથા** ( રૂડી કથા ) **અપિ** ( પણ ) **જગતાં** ( જગતના ) **દૂરિતાનિ** ( પાપોને ) **હન્તિ** ( હણી નાખે છે. ) **સહસ્ત્રકિરણ:** ( હજારો કિરણોવાળો સૂર્ય ) **દૂરે** ( દૂર ) **અસ્તિ** (છે) **તસ્ય** (તેની) **પ્રભા** ( ઉષા ) **એવ** ( માત્ર ) **જલજાનિ** ( સરોવરમાં રહેલા) **પદ્માકરેષુ,** (પદ્મકમળોના સમૂહને) **વિકાસભાંજી** ( વિકસિત ) **કુરુતે** ( કરે છે. ) ॥૯॥

**અર્થ** :–સમસ્ત પાપોનો નાશ કરનારું તમારુ સ્તવન તો દૂર રહો ! પણ આપના (આ ભવનાં કે પરભવના) ચારિત્રની રૂડી કથા માત્ર ત્રણે જગતના જીવોના પાપોને હણી નાખે છે. તે જેમ સૂર્ય તો દૂર હોય છે છતાં માત્ર તેની પ્રભાજ (ઉષાની કાંતિ) સરોવરમાં રહેલા પદ્મકમળોને વિકસાવે છે તેમ.

**પરમાર્થ** :– આ ગાથાથી જિન પ્રભુના ગુણગ્રામની ખરેખર શરૂઆત કરતા તેમના નામસ્મરણનું માહાત્મ્ય અને પરમાર્થથી તેમના અનોખા "વીતરાગ" ગુણનું અત્રે નિદર્શન કર્યું છે.

આચાર્યશ્રી કહે છે, :– હે પ્રભુ ! સઘળા દોષોને દૂર કરી નાખે એવો મહાન પ્રભાવ તમારા સ્તવનનો તો છે જ, પણ કદાચ કોઈ સ્વયં તેનો પાઠ ન કરી શકે, તો પણ તેણે હતાશ થવા જેવું નથી, કારણ કે જ્યાં પણ આપની રૂડી કથા એટલે કે પ્રભુના નામનો જાપ, પ્રભુ કીર્તન, પ્રભુની ચરિત્ર કથા આદિ થતા હોય, તે માત્ર

સાંભળવાનો પ્રભાવ ત્રણે લોકના સઘળા પાપોને દૂર કરવા જેટલો રહેલો છે, તો પછી જે શ્રોતાજનો સાંભળવા એકઠા થયા હોય તેમના પાપો દૂર થઈ જાય તેમાં વળી શું નવાઇ ? તે એ પ્રમાણે કે સૂર્ય તો લાખો યોજન દૂર હજી ઉગ્યો પણ જણાતો નથી, ક્ષિતિજની બરાબર તેનું એક કીરણ પણ પ્રગટયું નથી તેમ છતાં માત્ર તેની ઉષા પ્રગટતાની સાથે સરોવરમાં રહેલા પદ્મકમળો શું ખીલી ઉઠતા નથી ? અવશ્ય ખીલવા લાગે છે. તે સત્ય હકીકત જોઇને સૂર્યની ઉષા જેવો પ્રભુના નામસ્મરણનો અત્રે પ્રભાવ બતાવ્યો. આ પ્રમાણે કહીને આ સ્તોત્રની રચના કરનારને, આ સ્તોત્રનો કંઠસ્થ પાઠ કરનારને અને આ સ્તોત્રનો જયાં પાઠ થતો હોય તે શ્રદ્ધાપૂર્વક માત્ર સાંભળનારને–તે સહુને આસ્તામ્ શબ્દનું પ્રયોજન કરીને સરખો લાભ બતાવ્યો. મુખ્ય વાત "**ભાવના**"ની પરમાર્થથી અત્રે કહી છે. તેવી વાત ગ્રંથમાં પણ શ્રી બળભદ્રમુનિ, સુતાર તથા ભાવના ભાવતોહરણ–એ ત્રણે જીવ પર જયારે વૃક્ષની ડાળ પડતા એક સાથે કાળ પામીને ત્રણે પાંચમા બ્રહ્મલોક દેવલોકે સરખી ગતિના દેવપણે ઉપજયા તેમ આવે છે તેથી ટેકો મળે છે. બળભદ્ર મુનિ માસખમણના પારણે માસખમણ કરનાર તપસ્વી હતા, સુતારે માત્ર વોરાવવાના ભાવ કર્યા, હજી વોરાવ્યું ન હતું. ને હરણે પશુયોનિમાં હોવા છતાં સુતારની ભાવનાની અનુમોદના કરી તેના ફળ સ્વરૂપે ત્રણે સરખી દેવગતીને પામ્યા.

પરમાર્થથી અત્રે જિનપ્રભુના વીતરાગ ગુણનું નિદર્શન છે; સૂર્ય તો લાખો યોજન દૂર દૂર પોતાના સહજ સ્વભાવે ઉગે છે અને અંધકારને દૂર કરી જગતને પ્રકાશિત કરે છે. ત્યારે તેની ઊષાના પ્રભાવથી રાત્રિભર બીડાઈ રહેલું પદ્મકમળ ખીલવા લાગે છે અને તે જ સમયે 'કુમુદ'નું જે કમળ સારીયે રાત્રિ ચંદ્રની ચાંદનીમાં ખીલી રહ્યું હતું તે બીડાવા લાગે છે. આમ બનતું જોવામાં આવે છે તેથી શું સૂર્યને 'પદ્મકમળ' પ્રત્યે રાગ છે અને 'કુમુદ પ્રત્યે દ્વેષ છે તેમ કહી શકાશે ? અવશ્ય નહી જ કહી શકાય. પણ જેવો જેનો સ્વભાવ છે તેવી અસર સૂર્યના પ્રભાવની તેના પર થાય છે. તે જ ન્યાયે, તીર્થંકર ભગવંત પણ જ્યારે સિદ્ધદશાને પામે છે ત્યારે દૂર દૂર લોકના અગ્રભાગે સિદ્ધાલયમાં પોતાના સહજ પારિણામિક ભાવમાં બીરાજે છે, તેમ છતાં તેમની પ્રાર્થનાના પ્રભાવથી આચાર્યશ્રીના બંધનો આપોઆપ તૂટી ગયા અને દ્વષિલા દરબારીઓના મોઢા ઢીલા પડી ગયા તેથી શું એમ કહી શકાશે કે શ્રી આદિ-નાથ પ્રભુને આચાર્યશ્રી પ્રત્યે રાગ ભાવ હતો. અને દર-બારીઓ પ્રત્યે દ્વેષ હતો ? ના ! તેમ નહિ કહી શકાય.

**નાત્યદ્ભુતં ભુવન—ભૂષણ ! ભૂતનાથ !**
**ભુતૈર્ગુણૈર્ભુવિ ભવન્તમભિષ્ટુવન્તઃ ।**
**તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિં વા !**
**ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ ॥૧૦॥**

**અન્વયાર્થ** : – **ભુવનભૂષણ** (હે જગતના આભૂષણ) **ભૂતનાથ !** (હે પ્રાણીમાત્રના નાથ !) **ભૂતૈઃ** (સદ્દભુત, વિદ્યમાન)

ગુણૈઃ ( ગુણો વડે ) **ભવન્તં** ( આપની ) **અભિષ્ટુવન્તઃ** ( રૂડા ભાવથી સ્તુતિ કરનારા ) **ભૂવિ** (જગતમાં) **ભવત :** ( આપના ) **તુલ્યા :** ( સમાન) **ભવન્તિ** ( થઈ જાય છે ) **અતિ** ( અતિ ) **અદ્ભૂતં** ( આશ્ચર્ય ) **ન** ( નથી. ) **( નાથ ! ) યઃ** ( જે ) **ઈહ** ( આ લોકમાં ) **આશ્રિતં** ( આશ્રિતને ) **ભૂત્યા** ( થનારને ) **આત્મા સમં** ( પોતાના સરખા ) **ન** ( નથી ) **કરોતિ** ( કરતા ) **તેન** ( તેનાથી ) **નનુ** ( ખરેખર ) **કિં વા** ( શું લાભ ) **।।૧૦।।**

**અર્થ** :- હે જગતના આભુષણ ! હે પ્રાણીમાત્રના નાથ ! આપના વિદ્યમાન અપાર ગુણો દ્વારા આપની રૂડા-ભાવથી સ્તુતિ કરનાર જગતમાં આપના સમાન જ બની જાય તો તેમાં કોઈ આશ્ચર્ય નથી. કારણ કે આ જગતમાં પણ જે સ્વામી પોતાની નિષ્ઠાપૂર્વક સેવા કરનારને પોતાના સમાન નથી કરતા, તેવા સ્વામીની સેવાથી ખરેખર શું લાભ ? અર્થાત્ જે નિષ્ઠાપૂર્વક સેવા કરે છે, તેને સ્વામી પોતાના સમાન અવશ્ય કરે છે (૧૦)

**પરમાર્થ** :- પ્રભુના ગુણોની ભાવપૂર્વક સ્તુતિ કરવાથી સામાન્ય જીવ પણ સ્વયં પરમાત્મા બની જાય છે. તેમ કહીને જૈન દર્શનનું લાક્ષણિક સ્વરૂપ–સમગ્ર સાર આ ગાથામાં કહી દીધો છે, **"જીવે છેવટે પ્રાપ્ત કરવાનું પદ પરમાત્મા પદ જ છે. જે પ્રાપ્ત થઈ જવાથી અનંત કાળના ભવભ્રમણનો અંત આવે છે.**

જૈન દર્શનની આ આગવી વિશિષ્ટતા અન્ય દર્શનોમાં જોવા નથી મળતી. અન્ય દર્શનોમાં જીવની પરમ કૃતકૃત્યતા પ્રભુના દર્શન કરવા સુધીની સીમિત છે; જ્યારે જૈન દર્શન

જીવાત્માને પ્રભુના દર્શન પ્રભુના ગુણ દ્વારા કરાવીને તે પોતે પ્રભુ બની જાય તે છેવટની ભુમિકા સુધી પહોંચાડવાનો આદર્શ રાખનારી છે.

જ્ઞાતા સૂત્રમાં પણ કહ્યું છે કે અરિહંત ભગવાનની ગુણગાથા ગાવામાં જો ઉત્કૃષ્ટ રસ અંતરમાં આવી જાય તો જીવ પોતે તીર્થંકર નામકર્મ બાંધે છે.

આચાર્યશ્રી પોતે પણ પોતાને મંદબુદ્ધિ ઈત્યાદિ કહીને પ્રભુનુ સ્તવન પોતે રચશે જ એવો સંકલ્પ બીજી ગાથામાં કેમ કર્યો છે તેનું રહસ્ય પણ અત્રે પ્રગટ કરે છે. પ્રભુ ગુણ ગાતા ગાતા જેમ તેમના ભૌતિક બંધનો લોખંડની જંજીરો અને તાળાઓ તડાતડ તૂટી ગયા, પોતે સાવ બંધન મુક્ત બની ગયા, તેજ પ્રમાણે રાગદ્વેષ, વિષય-કષાયરૂપી કર્મરાજાના બંધનો પણ પ્રભુસ્તુતિથી અવશ્ય તૂટી જશે ને પરંપરાએ પોતે પણ અરિહંત બનીને સિદ્ધપદ "પ્રાપ્ત કરશે" એવી અવિચળ શ્રદ્ધા તેમને પ્રાર્થનામાં રહેલી છે અને તેથી જ આવી અવસ્થામાં પણ સમભાવે ઉપસર્ગ સહન કરતા કરતા પ્રભુસ્તુતિ પોતે કરતા જાય છે.

**દૃષ્ટ્વા ભવન્તમનિમેષ વિલોકનીયં**
**નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુ; ।**
**પીત્વા પય: શશિકર દ્યુતિદુગ્ધસિન્ધો:**
**ક્ષારં જલં જલનિધેરસિતું ક ઇચ્છેત? ॥૧૧॥**

**અન્વયાર્થ**:- **અનિમેષ** (મટકું માર્યા વગર) **વિલોકનીયં** (દર્શન કરવા યોગ્ય) **ભવન્તં** (આપને) **દૃષ્ટ્વા** (જોઈને) **જનસ્ય** (મનુષ્યના) **ચક્ષુઃ** (આંખો **(અન્યત્ર)** (બીજા ઠેકાણે) **તોષં** (સંતોષ) **ન** (નથી) **ઉપયાતિ** (પામે છે) **શશિકર** (ચંદ્ર) **દ્યુતિ** (ચાંદની) **દુગ્ધસિન્ધોઃ** (ક્ષીર સમુદ્રનું) **પયઃ** (પાણી) **પીત્વા** (પીઈને) **જલનિધે** : (સમુદ્રનું) **ક્ષારં** (ખારૂં) **જલં** (જળ) **અસિતું** (પીવાની) **કઃ** (કોણ) **ઈચ્છેત્** (ઈચ્છા કરે)? **॥૧૧॥**

**અર્થ** :- અનિમેષ દૃષ્ટિ વડે અવલોકવા રૂપ આપના સ્વરૂપને (એકવાર) જોયા પછી મનુષ્યના ચક્ષુઓ બીજે સંતોષ પામતા નથી. ચંદ્રની ચાંદની સમાન ઉજ્જવળ અને મધુર ક્ષીર સમુદ્રનું જળ પીધા પછી, લવણ સમુદ્રનું ખારૂં પાણી પીવાની ઇચ્છા કોણ કરે? (કોઈ જ ન કરે) (૧૧)

**પરમાર્થ** :- અત્રે પરમાર્થથી જૈન દર્શનના પાયા રૂપ, એકવાર આવ્યા પછી મોક્ષને નિશ્ચયથી અપાવનારૂ એવા સમક્તિનું સ્વરૂપ કે જેનું મહત્ત્વ આચાર્યશ્રીએ પ્રથમ ગાથાથી જ 'સમ્યક પ્રણમ્ય' કહીને બતાવ્યું છે, તે સ્પષ્ટતાથી સુચવ્યું છે. ને ઉપમાઓ તો આચાર્યશ્રીની જ !!! કેવી સાર્થક ઉપમાઓ આપે છે? અમૃત જેવું મધુર ખીર સમુદ્રનું જળ પીધા પછી જેમ ખારૂં ઝેર સરીખું લવણ સમુદ્રનું પાણી કોઈપણ શાણો માણસ પીએ નહિ; તે જ પ્રમાણે જિનેશ્વર ભગવંતોનું એક જ વાર દર્શન

(૧) પાઠાંતરે રશિતું પણ છે. અર્થ એક જ છે.

કર્યા પછી એટલે કે પરમાર્થે કેવળી પ્રરૂપિત ધર્મનો એક જ વાર આસ્વાદ ચાખ્યા પછી, તે વીતરાગ ધર્મની શ્રદ્ધા અંતરમાં પ્રગટ્યા પછી, જીવાત્માને અન્ય કોઈ પણ દેવનું દર્શન કરવાની કે તેના ધર્મની જરાપણ રૂચી થતી નથી. અરિહંત તેજ મારા દેવ, તેમના માર્ગે વીચરતા પંચમહાવ્રતધારી સંતો તે જ મારા સદ્‌ગુરૂ, ને તેમનો પ્રરૂપેલો ધર્મ તે જ મારો ધર્મ, એવી, દેવ, ગુરુ અને ધર્મની દઢ શ્રદ્ધા થવી તે વ્યવહાર સમકીત કહ્યું છે, અને નવ તત્ત્વની અર્થાત આત્માના સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા થવી તેને નિશ્ચય સમકીત કહ્યું છે. એકવાર સમકીત પાછું ચાલ્યું જાય. તો પણ એક જ વાર સમકીત પામેલો જીવ પણ વધુમાં વધુ અર્ધ પુદ્‌ગળ પરાવર્તન કાળમાં અવશ્ય મોક્ષને પામે છે. તેવું અપૂર્વ માહાત્મ્ય સમકીતનું છે.

**યૈઃ શાન્તરાગ – રુચિભિઃપરમાણુભિસ્ત્વં**
**નિર્માપિતસ્ત્રિભુવનૈક – લલામ – ભૂત !**
**તાવન્ત એવ ખલુ તેડપ્યણવઃ પૃથિવ્યાં,**
**યત્તે સમાનમપરં નહિ રૂપમસ્તિ ॥૧૨॥**

**અન્વયાર્થ :– ત્રિભૂવન-એક-લલામભૂત** (ત્રિલોકમાં એક માત્ર આભૂષણરૂપ હે પ્રભુ!) **યૈઃ** (જે) **શાન્ત-રાગ-રુચિભિઃ** (શાંત રસની પ્રભાવાળા) **પરમાણુભિઃ** (પરમાણુઓ વડે) **ત્વમ્** (તને) **નિર્માપિતઃ** (ઘડેલ છે) **તે** (તે) **અણવઃ** (પરમાણુઓ) –**અપિ** (પણ) **પૃથિવ્યાં** (પૃથ્વીને વિષે) **ખલુ** (ખરેખર) **તાવન્તઃ** (તેટલા જ) **એવ** (માત્ર) (હતા) **યત્**

(જેથી) તે (તારા) **સમાનં** (સમાન) **અપરં** (બીજા કોઈનું) રૂપં (રૂપ) **નહિ અસ્તિ** (નથી) ॥૧૨॥

**અર્થ** – ત્રણે ભુવનને વિષે એક માત્ર આભુષણ રૂપ હે પ્રભુ! શાંત રસની પ્રભાવાળા જે ઉજ્જવળ પરમાણુઓ વડે આપનું શરીર બને છે; તે પરમાણુઓ પૃથ્વીને વિષે ખરેખર તેટલા જ હતા તેથી જ આપના સમાન રૂપવંત બીજુ કોઈ (હવે) નથી. (૧૨)

**પરમાર્થઃ**– તીર્થંકર ભગવંતોનું ઔદારીક શરીર અતિશય કાંતિવાળુ અને તેમની મુખમુદ્રા, સંપૂર્ણપણે રાગદ્વેષ રહિત બનેલ હોવાથી અત્યંત પ્રશાંત હોય છે. આવું અદ્ભૂત કાંતિવાળુ અને પ્રશાંત મુખમુદ્રાવાળું બીજા કોઈપણનું શરીર ત્રણે લોકમાં હોતું નથી. તેનું કારણ પૂર્વ ભવમાં તેમના જીવે કરેલી વીસ સ્થાનકની આરાધનામાં, અને 'સર્વજીવ કરૂ શાસન રસી' એવી રૂડી ભાવના ભાવી હોય છે; તેના ફળ સ્વરૂપે તીર્થંકર નામ ગોત્રની ઉપાર્જના કરી હોય છે તેમાં રહેલું છે.

તીર્થંકર નામ ગોત્રના પ્રભાવથી તીર્થંકર ભગવાન જન્મથીજ ત્રણ જ્ઞાન[1]ને ચાર અતિશયોના[2] ધારણ કરનારા હોય છે.

---

(૧) ત્રણ જ્ઞાન મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન

(૨) ચાર અતિશય –(૧) લોકોત્તર સ્વરૂપવાન દેહ (૨) પદ્મકમળ સરખો સુગંધિત શ્વાસોશ્વાસ (૨) માંસ અને લોહીનો દૂધ જેવો શ્વેત રંગ ને (૪) કેશ અને નખ ન વધે, સુશોભિત રહે.

વળી ભરત અને ઈરવત ક્ષેત્રમાં એક સમયે એકજ તીર્થંકર હોય છે. બીજા તીર્થંકર પણ કદાપી હોય નહિ. તેથી જ તેમને એક અને અનન્ય કહ્યા. આદિનાથ પ્રભુ પણ ભરત ક્ષેત્રમાં જ થયા છે.

વળી 'શાંત રસવાળા જ પરમાણુ' કહેવાનો આશય એ છે કે કેવળજ્ઞાન પ્રગટ્યા પછી તીર્થંકર ભગવંતોને મુખ્યત્વે શાતા વેદનીય કર્મનો જ ઉદય વર્તે છે. કેમ કે હજી મન, વચન, અને કાયાના યોગો તેમને વર્તતા હોય છે, તેમ છતાં તે શાતા વેદનીય કર્મ પણ લાંબી સ્થિતિનું નથી હોતું, પણ પહેલા સમયે બંધાય બીજા સમયે વેદાય ને ત્રીજા સમયે તો ખપી જાય. તે ઉપરાંત તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન ઉપજ્યા પછી બીજા ત્રીસ અતિશયો પ્રગટે છે. તેમાંનો એક એવો અતિશય હોય છે કે જેના પ્રભાવથી તીર્થંકર ભગવાન જ્યાં વીચરતા હોય ત્યાં પચીસ જોજન સુધી સર્વત્ર શાંતિ વર્તતી હોય છે. મરકી આદિ રોગો સંપૂર્ણ-પણે નાશ પામી જતા હોય છે; તથા નોળિયો સર્પ આદિના જે જન્મ જાત વેર હોય છે તે પણ શાંત થઈ જતા હોય છે. વળી તીર્થંકર ભગવંતોના જન્મ સમયે નારકીના જીવોને પણ ઘોર ક્ષેત્રવેદનામાંય ક્ષણભર શાતા ઉપજતી હોય છે; તો પછી ત્રણે લોકના બીજા જીવોની શાંતિની વાત જ શું કરવી ?

આવા અનેક કારણોસર તીર્થંકર પ્રભુના ઔદારિક શરીરને અત્યંત શાંતિપ્રદ પરમાણુઓનું બનેલું જણાવીને

તેમનું માહાત્મ્ય સુંદર રીતે ગાયું. હવે જો જડ પુદ્‌ગલોના ઔદારીક શરીરનું પણ આટલું બધું માહાત્મ્ય હોય તો પછી પ્રભુના ચૈતન્ય સ્વરૂપનું તેમના અત્યંત નિર્મળ થયેલા આત્મ-પ્રદેશોનો પ્રભાવ તો કેટલો બધો કલ્યાણકારી હોય તે તો જાતે અનુભવ્યા વગર માત્ર શબ્દોથી વર્ણવી શકાય જ નહિ, તેવું શબ્દાતીત તેમનું માહાત્મ્ય હોય છે. અને તેથી જ તેમના સમાગમમાં આવતા હરકોઈ જીવાત્મા પર તેમની નિર્મળતાનો પ્રભાવ પડે છે, તેમના સાંનિધ્યમાં આવતા હરેક જીવના ભાવોનું ઉર્ધ્વીકરણ જ થાય, ચડતા ભાવ પર્યાયને જ પામે તેવો તેમનો પ્રભાવ રહેલો છે.

આમ આચાર્યશ્રી પોતે જાણે આ બંધન અવસ્થામાં પણ પ્રભુનું સાન્નિધ્ય જાણે ન માણી રહ્યા હોય, તેમ પોતાના ભાવોનું પ્રભુ પ્રાર્થના વડે ઉર્ધ્વીકરણ કરીને પોતાના ઉદયમાં આવેલા અશુભ કર્મોને ફેડી રહ્યા છે ને પોતાના દ્વારા સહુને સદ્‌બોધ જાણે આપે છે કે સદાય પ્રભુના ગુણોમાં લીન બનવું. એમ કરવાથી જ પ્રભુનું અનન્યપણું ભક્તજનને યથાર્થ સમજાતું જાશે અને પોતાના આત્માનો વિકાસ સાધતા સાધતા પોતે જ પરમાત્મા સ્વરૂપ બની જશે.

**વક્ત્રં ક્વ તે સુર – નરોરગ – નેત્રહારિ,**
**નિઃશેષ-નિર્જિત-જગત્- ત્રિતયોપમાનમ્ ? ।**
**બિમ્બં કલંક-મલિનં ક્વ નિશા—કરસ્ય ?**
**યદ્ વાસરે ભવતિ પાણ્ડુપલાસ–કલ્પમ્ ॥૧૩॥**

**અન્વયાર્થ: સુર** ( દેવ ) **નર** (મનુષ્ય ) **ઉરગ** ( પેટે ચાલનારા) – તિર્યંચ ( **નેત્રહારિ** ) નેત્રોને હરનારૂં ( **ત્રિતય** ) ત્રણે ( **જગત** (લોકના ) **ઉપમાનં** (ઉપમા દેવા લાયક પદાર્થોને ) **નિ:શેષ** ( સંપૂર્ણપણે ) **નિર્જિત** ( જીતનારૂં ) **તે** ( તારૂં ) **વકત્રં** ( મુખ ) **કવ** ( કયાં ) ? **કલંકમલિનં** ( કલંકથી મલિન થયેલું ) **નિશાકરસ્ય** ચંદ્રમાનું ( **બિમ્બં** ) બિંબ ( **કવ** ) કયાં ( ? **યત્** ) જે **વાસરે** ( દિવસ ઉગતાં ) **પલાશ** ( ખાખરાના પાંદડા ) **કલ્પં** ( જેવું ) **પાણ્ડુ** ( ફિકકુ ) **ભવતિ** ( થાય છે. ) **॥૧૩॥**

અર્થ :— ( હે નાથ! ) દેવ, મનુષ્ય અને નાગ આદિ તિર્યંચોના નેત્રોને હરણ કરનારૂં તથા ત્રણે જગતના સર્વ ઉપમાલાયક પદાર્થોને સંપૂર્ણપણે જીતનારું આપનું મુખડું કયાં ? અને કલંકથી મલિન થયેલું જે વળી દિવસ ઉગતા ખાખરાના પાંદડા જેવું ફિકકું પડી જનારૂં ચંદ્રમાનું બિંબ કયાં ? (૧૩)

**પરમાર્થ** : અત્રે તીર્થંકર ભગવાન સર્વથા અકષાયી બની જયારે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટાવે છે ત્યારે પ્રભુના મુખકમળની શોભા સોળે કળાએ ખીલેલા ચંદ્રમા કરતાં પણ બે કારણે વધી જાય છે. તે એમ કે ચંદ્રમામાં ડાઘારૂપી કલંક રહેલા છે અને સવારે સૂર્ય ઉગતાં ફિક્કો પડી જાય છે. અર્થાત્ તેનું તેજ હરાઈ જાય છે, જયારે તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન પ્રગટાવે છે ત્યારે તેમનામાં કષાયોનો એક કણીઓ પણ રહ્યો હોતો નથી તેથી સંપૂર્ણ નિષ્કલંકી બને છે, અને બીજું, કેવળજ્ઞાન એકવાર પ્રગટયા

પછી કદાપિકાળે ચાલ્યું જતું નથી. તેથી સૂત્રમાં 'અપ્રતિ-પાતિ' કહ્યું છે, અર્થાત્ તેનો જ્ઞાનમય પ્રકાશ હવે સદાકાળ ઝળહળી રહેવાનો છે; કારણ કે તે સ્વયં પ્રકાશિત છે, ચંદ્રની જેમ પારકા તેજે પ્રકાશતું નથી. તો પછી અત્રે સૂર્યની ઉપમા કેમ ન આપી? તેનું કારણ એ છે કે પ્રભુના અકષાયી સ્વરૂપના લીધે તેમના વદન પર જે પરમ સૌમ્યતા પ્રગટે છે તે બતાવવી છે. પ્રભુના તન અને મન એવા તો શિતળીભૂત બનેલા છે જેથી તેમના વદન પર વીતરાગ દશાની એક અપૂર્વ લહેર ઝળહળી ઉઠે છે, જે વદનના માત્ર દર્શન કરવાથી જ જોનારાના આત્માઓ જે અત્યાર સુધી સંસારના ત્રિવિધ તાપથી બળી ઝળી રહેલા છે, તે આપમેળે શાંત બને છે, ભવોભવના મિથ્યાત્વ અને અજ્ઞાનને ટાળીને આત્માભિમુખ બને છે, માર્ગાનુસારીપણાને પામે છે ને આત્મકલ્યાણ સન્મુખ થાય છે, તેથી પ્રભુનું વદન જગતને શીતળતા આપનાર પૂર્ણિમાના ચંદ્ર કરતાં પણ વિશેષ ઉપકારી છે. તેના દર્શન પ્રભુનો કેવળ મહોત્સવ ઉજવવા સમવસરણની રચના દેવો કરે ત્યારે થાય છે. તે સમવસરણમાં આવવાના ચારે ગતિના જીવોમાંથી અધિકારી કોણ? તે પ્રથમ ચરણમાં બતાવતા, દેવ મનુષ્ય અને પેટે ચાલનારા નાગ આદિ તિર્યંચો કહ્યા તે પણ શાસ્ત્ર સંમત વાત છે. કેમકે પ્રભુના સમવસરણમાં બાર પ્રકારની પરિષદ[1] આવે છે તેમ કહ્યું છે. અર્થાત્ નારકીના જીવો,

(૧) બાર પ્રકારની પરિષદઃ – વૈમાનિક, જ્યોતિષિ, વાણવ્યંતરને ભુવનપતિ એમ ચાર પ્રકારના દેવો અને તેમની દેવીઓ, મનુષ્ય ને મનુષ્યીણી અને તિર્યંચ અને તિર્યંચીણી મળીને કુલ બાર પ્રકાર.

સમકીતી હોય તો પણ ન આવી શકે. અને નિગોદાદિ સૂક્ષ્મ જીવો અને એકેંદ્રિયાદિ જીવો તો સાવ અબોધ દશામાં પડ્યા છે, તે હાજર હોય છતાં પ્રભુદર્શનનો લાભ શું પામી શકે? માટે આચાર્યશ્રી પરમાર્થથી આપણને ચેતવે છે કે હે જીવ! જો નરક નિગોદાદિ ગતિમાં જવાના ભાવ ન હોય, તો પ્રભુનું નામ લેતો રહે, પ્રભુ પ્રાર્થના કરતો રહે.

**સમ્પૂર્ણ - મંડલ - શશાંક - કલા - કલાપ**
**શુભ્રાગુણાસ્ત્રિભુવનં તવ લંઘયન્તિ।**
**યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વર! નાથમેકં,**
**કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્!॥૧૪॥**

**અન્વયાર્થ:**–**સમ્પૂર્ણ** (સંપૂર્ણ) **મંડલ** (તારા મંડલ) **શસાંક** (ચન્દ્ર) **કલા** (કળા) **કલાપ** (સમૂહ) **શુભ્રાઃ** (ઉજ્જવળ) **તવ** (તારા) **ગુણઃ** (ગુણો) **ત્રિભુવનં** (ત્રણે લોક) **લંઘયન્તિ** (ઓળંગે છે) **ત્રિજગદીશ્વર** (હે ત્રિલોકેશ્વર!) **યે** (જે) **એકં** (એક જ) **નાથં** (સ્વામિને) **સંશ્રિતાઃ** (શ્રધ્ધાપૂર્વક આશ્રયે રહેલા છે) **તાન્** (તે) **યથેષ્ટં** (સ્વેચ્છાએ) **સંચરતઃ** સંચરતા **કઃ** (કોણ) **નિવારયતિ** (રોકે)? ॥૧૪॥

અર્થ: સંપૂર્ણ મંડળવાળા ચંદ્રમાની કળાના સમૂહ જેવા ઉજ્જવળ તમારા ગુણે ત્રણે જગતને ઓળંગીને વ્યાપિ રહ્યા છે. (તેથી) હે ત્રિલોકીનાથ! જે એક જ સમર્થ સ્વામીને આશ્રયે સાચી શ્રદ્ધાથી રહેલા હોય, તેવા તે ગુણોને યથેષ્ટ વિચરતા ભલા કોણ રોકી શકે? (૧૪)

**પરમાર્થ**:-આ ગાથામાં પ્રભુના શરણે જવાનું માહાત્મ્ય બતાવ્યું વળી સાચી પ્રભુભક્તિ શરીર આશ્રિત હોય છે તેમ કહે છે.

અહીં પ્રભુનો આશ્રય લેનાર ક્ષમાદિ ગુણો છે, પછી તે ગુણોને ત્રણે જગતને ઓળંગીને યથેચ્છ વિચરતા કોણ રોકી શકે? તેનો પરમાર્થ એ છે કે કેવળજ્ઞાન પ્રગટયા પછી પ્રભુનો યશ લોકાલોકમાં વ્યાપી જાય છે.

પ્રભુને આશ્રયે રહેલા ગુણો જેમ લોકાલોકમાં વ્યાપીને રહેલા છે. તેમજ પ્રભુનું શરણ ગ્રહણ કરનાર પણ ત્રણે લોકમાં યથેચ્છ જઇ શકે છે અને ઉત્તમનો સંગ કરનારને જેમ ઉત્તમ વસ્તુ મેળવવાનીજ ઈચ્છા થાય છે, અધમવૃત્તિ આવતી જ નથી-કહ્યું છે ને સંગ તેવો રંગ અને મતિ તેવી ગતિ તે ન્યાયે પ્રભુનું શરણ લેનારને હવે ત્રણે લોકમાં ઉતમ વસ્તુ અર્થાત્ પ્રભુપદ પ્રાપ્ત કરવાની જ મહેચ્છા થાય છે. અને જ્યારે જીવમાં આવી મહેચ્છા પ્રગટે, ત્યારે આચાર્યશ્રી કહે છે કે હવે ત્રણે લોકમાં કોઈ એવી શક્તિ નથી; કર્મરાજા કે મોહરાજા સુદ્ધાંની શક્તિ નથી કે જીવને હવે ભ્રાંતિમાં નાખીને મોક્ષમાં જતાં રોકી શકે; એટલું અપ્રતિમ માહાત્મ્ય પ્રભુચરણના શરણનું અત્રે પરમાર્થથી બતાવ્યું છે.

**ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિર્**
**નીતં મનાગપિ મનો ન વિકારમાર્ગમ્!**
**કલ્પાન્ત-કાલ – મરુતા ચલિતાચલેન,**
**કિં મન્દરાદ્રિશિખરં ચલિતં કદાચિત્?॥૧૫॥**

**અન્વયાર્થ :–યદિ** (જો) **ત્રિદશાંગનાભિઃ** (દેવીઓ વડે **તે** (તમારૂ) **મનઃ** (મન) **મનાક્** (જરા) **અપિ** (પણ) **વિકારમાર્ગં** (વિકારમય) **ન** (ન) **નીતં** (બન્યુ) **અત્ર** (તેમાં) **કિં** (શું) **ચિત્રં ?** (આશ્ચર્ય). **ચલિત અચલેન** (પર્વતોને ચલાયમાન કરનાર) **કલ્પાન્ત-કાલ** (પલયકાળના) **મરુતા** (પવનથી) **કિં** (શું) **કદાચિત્** (કદાપિ) **મન્દરાદ્રિ** (મેરુપર્વત) **શિખરં** (શિખરને) **ચલિતં ?** (ચળાવી શકે ?) **॥૧૫॥**

**અર્થ :–** (હે નિર્વિકારી પ્રભુ !) દેવાંગનાઓ પણ તમારા મનને જરાપણ વિકારમય બનાવી ન શકી તો તેમાં આશ્ચર્ય શું છે ? (કારણકે) બીજા બધા પર્વતોને ચલાયમાન કરનાર પ્રલયકાળનો પ્રચંડ પવન પણ શું કદાપિ મેરૂ પર્વતના શિખરને કંપાવી શકે છે ખરો ? '

**પરમાર્થ:–** ચૌદમી ગાથામાં પ્રભુના ગુણ સમુચ્ચયનો મહિમા ગાયા પછી હવે વીતરાગ માર્ગના વિશિષ્ટ ગુણોનો ઉલ્લેખ કરીને સાધકને માટે અત્યંત આવશ્યક એવા 'બ્રહ્મચર્ય' ગુણનો મહિમા તીર્થંકર પ્રભુના દૃષ્ટાંતે પ્રગટ કરે છે.

તીર્થંકર માત્ર, પરમાર્થે વીતરાગ માર્ગના હરકોઈ સાધક એકનિષ્ટ બ્રહ્મચર્ય વ્રતની આરાધના કરીને જ પોતાના આત્મ સ્વરૂપને કેવળજ્ઞાનને પ્રગટાવતા હોય છે, તેથી જ સાધુના પંચમહાવ્રતમાં ચોથા બ્રહ્મચર્ય વ્રતને સૂત્ર સિદ્ધાંતમાં સૌથી વિશેષ મહત્ત્વનું કહ્યું છે.

દશમાં અંગ સૂત્ર પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં 'બ્રહ્મચર્ય

વ્રત'નું મહત્ત્વ બતાવતા સૂત્રકાર કહે છે કે બ્રહ્મચર્ય, "ઉત્તમતવનિયમનાણદંસણ ચરિત્તવિનય મૂલમ્" છે. અર્થાત્ ઉત્તમ તપ, અભિગ્રહાદિ નિયમ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વિનયનું મૂળ "બ્રહ્મચર્ય" છે.

વળી કહે છે કે :

**વ્રતાનાં બ્રહ્મચર્યં હિ, નિર્દિષ્ટં ગુરૂકં વ્રતમ્।**
**તજ્જન્ય પુણ્ય સંભાર, સંયોગાત્ ગુરૂરુચ્યતે॥**

**અર્થ :**– વ્રતોમાં સૌથી મોટું વ્રત બ્રહ્મચર્ય છે. કારણ કે બ્રહ્મચર્યના પાલનથી જે પુણ્યસમૂહ પ્રાપ્ત થાય છે. તેના કારણે તેને ગુરૂ અર્થાત્ 'મોટુ" માન્યું છે. અર્થાત્ બ્રહ્મચર્યનો પાળનારજ સાચો ગુરૂ મનાય છે. અન્ય કોઈ નહિ, તેથી આ એક બ્રહ્મચર્ય વ્રતની આરાધના કરવામાં આવે તો સમસ્ત ગુણો આરાધિત થઈ જાય છે, અને તેનો નાશ થતાં સમસ્ત ગુણો આપમેળે નાશ પામે છે.

પાંચેય આશ્રવ દુર્ગતિના આપનારા છે. તેમાંય "મૈથુન'ના સેવનને તો "દંસણચરિત મોહરસ્સ હેઉભૂય" કહ્યું છે. અર્થાત્ 'મૈથુન'ને દર્શન મોહનીય ને ચારિત્ર્ય મોહનીય રૂપી કર્મબંધનના કારણરૂપ કહ્યું. આઠે કર્મોમાં કર્મબંધની સ્થિતિ લાંબામાં લાંબી – દર્શન મોહનીયની ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની કહી છે તે 'અબ્રહ્મ,' જિન વચનોમાં શંકા, કાંક્ષા આદિ દોષોનું જનક હોવાથી દર્શન મોહનીય કર્મબંધનું અને ચારિત્રનું વિનાશક હોવાથી

ચારિત્રમોહનીય કર્મના બંધનનું કારણ છે. તેથી પરમપદની પ્રાપ્તિની અભિલાષા રાખનાર માટે બ્રહ્મચર્ય અનિવાર્ય મનાયું છે. કારણ કે મોહનીય કર્મ સંસારના હેતુભૂત છે અને બ્રહ્મચર્ય પાલન સંસારને નિવારીને પ્રભુપદ આપનારૂ છે.

શ્રી આચારાંગ સૂત્રના આઠમા અધ્યયનના ચોથા ઉદ્દેશામાં પણ આજ પ્રમાણે બ્રહ્મચર્ય વ્રતનું મહત્ત્વ બતાવ્યું છે.

આવા દુષ્કર બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવામાં તીર્થંકર ભગવંતો મેરુ પર્વત સમાન નિશ્ચળ હોય છે. તેમ કહીને તીર્થંકર ભગવંતો ને બ્રહ્મચર્ય વ્રતનું એમ બન્નેનું માહાત્મ્ય અત્રે પરમાર્થથી કહ્યું.

અત્રે વિજય શેઠ અને વિજયા શેઠાણી આદિના અધિકારનું ચિંતવન કરવું. હિંદુ આખ્યાયિકામાં આવતા વિશ્વામિત્ર ઋષિ ને મેનકાના પ્રસંગને સંભારીને વિશુદ્ધ બ્રહ્મચર્યની સાધકે આરાધના કરવી. અને કોશાની ચિત્ર-શાળામાં ચાતુર્માસ રહેલા મુનિ સ્થુલીભદ્રજી કે જેમને ગુરૂએ કામ વિજેતા કહેલા તેમનું સ્મરણ કરવું.

નિર્ધુમવર્ત્તિ – રપવર્જિત – તૈલપુરઃ
કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રકટીકરોષિ ।
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતાચલાનાં
દીપોઽપરસ્ત્વમસિ નાથ! જગત્પ્રકાશઃ ॥૧૬॥

**અન્વયાર્થ :–** **નાથ** ! **નિઃ** (વગરના) **ધૂમ** (ધુમાડો) **વર્તિ:** (વાટ) **અપવર્જિત** (જરૂરત વિનાના) **તૈલ** (તેલ) **પુરઃ** (પુરવાની) **ઈદં** (આ) **કૃત્સ્નં** (સંપૂર્ણ) **જગત્ત્રયં** (ત્રણે લોકને) **પ્રકટીકરોષિ** (પ્રગટ કરો છો) **ચલિત** (ડોલાવિ દે) **અચલાનાં** (પર્વતોને) **મરુતાં** (પવનથી) **ન** (ન) **જાતુગમ્યઃ** (બુઝાનારા) **ત્વં** (આપ) **જગત્પ્રકાશઃ** જગતને પ્રકાશિત કરનાર **અપરઃ** (અનેરા) **દીપઃ** (દિપક) **અસિ** (છો) ॥૧૬॥

**અર્થ :–** હે નાથ ! " ધુમાડા તથા વાટ વિનાના, તથા જેમાં તેલ પુરવાની જરૂર નથી એવા તથા આ સમસ્ત ત્રણે જગતને પ્રકાશિત કરનારા તથા પર્વતોને પણ ડોલાવી દે તેવા પવનથી પણ ન બુઝાનારા એવા આપ જગતને પ્રકાશિત કરનારા એક અનેરા દીપક છો."

**પરમાર્થ** :–પ્રભુને ત્રણે લોકના પ્રકાશનારા દીપક કહીને પરમાર્થથી અત્રે પ્રભુના કેવળજ્ઞાનનું માહાત્મ્ય પ્રગટ કર્યું છે.

સર્વ તીર્થંકર ભગવંતોને નિયમા પ્રથમ ત્રણ જ્ઞાન જન્મથીજ હોય, તે અગાઉ જોયું, ચોથું મનપર્યવ જ્ઞાન દીક્ષા લે ત્યારે થાય અને પછી સંયમ માર્ગે વિચરતાં પોતાની સાધનાના બળ વડે સર્વ ઘાતી કર્મોને ખપાવી યથા સમયે પાંચમું કેવળજ્ઞાન અવશ્ય પ્રગટાવે અને પછી ચતુર્વિધ સંઘરૂપી તીર્થની સ્થાપના કરીને તીર્થંકર નામ કર્મને વેદે. તે કેવળજ્ઞાન જગતના ભવ્ય જીવોના ભાવ અંધકારને દૂર કરનારૂ હોવાથી ઘરના દ્રવ્ય અંધકારને

દૂર કરનારા દીપક સાથે તેની યથાર્થ સરખામણી અત્રે કરી છે. પણ આચાર્યશ્રી કહેવા માગે છે કે જગતના અંધકારને દૂર કરનારાં દિવડાઓ કરતાં આ જ્ઞાન દીપક અનેક રીતે ચડિયાતો છે.

સામાન્ય દીવાને, વાટ, તેલ વિગેરેની જરૂર રહે છે ને વળી તેમાં ધુમાડો થાય છે, જ્યારે જ્ઞાનરૂપી દીપકને તેલ વિગેરેની કશી જરૂર પડતી નથી. એટલુંજ નહિ પણ હવે કર્મકલંકરૂપી ધુમાડો કે આવરણો પણ તેને થતા નથી.

સામાન્ય દીવો તેની મર્યાદાની અંદર આવતા પદાર્થોને જ બતાવી શકે છે. જ્યારે જ્ઞાન દિપક લોકાલોકના ભાવોને જાણે છે; વળી તે પ્રગટ્યુ બુઝાતું નથી. આ પ્રમાણે કેવળ જ્ઞાનરૂપી દીપક ઘણોજ ચડીયાતો ને ભવીજનોને આરાધવા યોગ્ય છે.

**નાસ્તં કદાચિદુપયાસી ન રાહુગમ્યઃ**
**સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ ।**
**નામ્ભોધરોદર – નિરૂદ્ધ – મહાપ્રભાવઃ**
**સૂર્યાતિશાયિ- મહિમાસિ મુનીન્દ્ર ! લોકે ॥૧૭॥**

**અન્વયાર્થ :- મુનિન્દ્ર !** (હે મુનિશ્વર) **લોકે** (લોકમાં) **સૂર્ય અતિશાયી** (સૂર્યથી પણ વધારે) **મહિમા** (મહિમા) **અસિ** (છે) **કદાચિત્** (કદાપિ) **અસ્તં** (અસ્ત) **ન ઉપયાસિ** (થતો નથી) **ન રાહુગમ્યઃ** (રાહુ તેને ગળી શકતો નથી) **સહસા** (શીઘ્રપણે) **યુગપત્** (એકીસાથે) **જગન્તિ** (ત્રણે લોકને) **સ્પષ્ટી કરોષિ** (પ્રકાશિત કરો છો) **ન અમ્ભોધર ઉદર નિરૂદ્ધ મહાપ્રભાવઃ** (ઘનઘોર વાદળા પણ આપના મહાપ્રભાવને ઢાંકી શકતા નથી.) **॥૧૭॥**

**અર્થ** :– હે મુનીન્દ્ર ! આ લોકમાં આપનો મહિમા સૂર્યથી પણ અધિક છે ( કેમકે કેવળદર્શનરૂપી સૂર્ય ઉગ્યા પછી ) તે કદી આથમતો નથી, રાહુ તેનું ગ્રહણ કરી શકતો નથી, ત્રણે જગતને બહુજ શીઘ્રતાથી એકી સાથે પ્રકાશિત કરી શકો છો, તેમજ કાળા વાદળાં પણ આપના દર્શનરૂપી મહાપ્રભાવને આવરી શકતા નથી.

**પરમાર્થ** :– અત્રે પ્રભુના કેવળ દર્શનની મહત્તા બતાવી છે.

દર્શન એટલે સામાન્ય પ્રકારે જોવું અને જોયેલી વસ્તુને વિશેષે જાણવી તેને જ્ઞાન કહ્યું છે તે જેમકે સૂર્યોદય થતાં ટેબલ પર પડેલા, પુસ્તકો આદિ બધી વસ્તુને જોઈએ તે દર્શન થયું કહેવાય ને બારીકાઈથી જોવાથી જાણીએ કે આતો ઉતરાધ્યયન સૂત્રાદિના ગ્રંથો છે તે જ્ઞાન થયું કહેવાય.

કેવળદર્શન થવાથી લોકાલોકમાં રહેલા પદાર્થોના ભાવને તીર્થંકર પ્રભુ સ્પષ્ટ રીતે દેખે છે. આથી કરીને કેવળદર્શનની સરખામણી સૂર્ય કે જે જગતના દ્રવ્ય અંધકારને દૂર કરે છે તેની સાથે કરી છે. કેમકે મિથ્યાત્વ અને અજ્ઞાનરૂપી ભાવ અંધકાર જયારે નષ્ટ પામે ત્યારે જ સમ્યગ્ દર્શન આવે છે. અને સમ્યગ્ દર્શન જ કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટાવવામાં પાયારૂપ છે. તેમ છતાં આચાર્યશ્રીને લાગે છે કે જગતમાં સૌથી શ્રેષ્ઠ ઉપમા સૂર્યની છે. તે પણ અગ્રે પ્રભુના કેવળદર્શનનું માહાત્મ્ય

બતાવવામાં બરાબર સાર્થક નથી નીવડતી કારણ કે કેવળ-દર્શનનો મહિમા સૂર્ય કરતાં પણ નીચેના કારણોથી અતિ ચડિયાતો છે :—

(૧) સૂર્યનો સાંજે અસ્ત થાય છે. જ્યારે કેવળદર્શન એકવાર પ્રગટ્યું પછી કદાપી અસ્ત પામતું નથી.

(૨) સૂર્યને રાહુ ગળી જાય છે. કેવળદર્શનને કોઈ ગ્રહી શકતું નથી.

(૩) સૂર્ય એકી સાથે આખા જગતને પ્રકાશી શકતો નથી. અર્ધા ભાગમાં દિવસ હોય છે ત્યારે બીજા અર્ધાભાગમાં રાત્રિનો અંધકાર હોય છે. જ્યારે કેવળદર્શનથી પ્રભુ ત્રણે લોકના ભાવોને એકી સાથે સ્પષ્ટ પણે પ્રકાશિત કરે છે,

(૪) સૂર્યના પ્રકાશને વાદળાઓ ઢાંકી દે છે, જ્યારે કેવળજ્ઞાનને હવે દર્શનાવરણીય કર્મરૂપી વાદળાઓ આવરી શકતા નથી. કારણ કે દર્શનાવરણીય આદિ ચાર ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય થયા પછી જ કેવળદર્શન પ્રગટે છે.

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૩, ગાથા ૭૮ માં કેશી સ્વામીના પ્રશ્નના જવાબમાં ગૌતમ ગણધર પણ આજ ભાવ કહે છે :

**ગાથા :** ઉગ્ગઓ ખીણ સંસારો, સવ્વન્નુ જિણ ભકખરો
સો કરિસ્સઈ ઉજ્જોયં; સવ્વ લોયમ્મિ પાણિણં ॥૭૮॥

**અર્થ** :- સંસારરૂપી અંધકારનો નાશ કરીને જેનો ઉદય થયો છે તે સર્વજ્ઞ જિન સૂર્ય ( ભાસ્કર-ભકખરો ) છે. તે લોકના સર્વ જીવોને પ્રકાશ આપશે.

આ પ્રમાણે તીર્થંકર પ્રભુનો મહિમા "સૂર્યાતિશાયી" કહીને તીર્થંકર પ્રભુના કેવળ દર્શનની અત્યંત મહત્તા પ્રગટ કરી છે.

**નિત્યોદયં દલિતમોહ-મહાન્ધકારં**
**ગમ્યં ન રાહુ-વદનસ્ય ન વારિદાનામ્ ।**
**વિભ્રાજતે તવ મુખાબ્જ મનલ્પકાન્તિ**
**વિદ્યોતયજ્જગદપૂર્વ-શશાંક બિમ્બમ્ ॥૧૮॥**

**અન્વયાર્થ** : – (યદ્=જે) **નિત્ય ઉદયં** (સદા ઉદયમાન છે) **દલિત** (દૂર કર્યો છે) **મોહમહા અન્ધકારં** (મોહરૂપી મહા અંધકારને) **રાહુ વદનસ્ય** (રાહુના મુખનો) **ન ગમ્યં** (ગ્રાસ બનતો નથી) **ન વારિદાનાં** (વાદળો ઢાંકી શકતા નથી) **જગત્** (જગતને) **વિદ્યોતયત્** (પ્રકાશ આપનારૂં) **તવ** (આપનું) **અનલ્પ-કાન્તિ** (અતિશય કાંતિવાળું) **મુખ અબ્જં** (મુખ કમળ) **અપૂર્વ** (અનેરા) **શશાંક બિમ્બં** (ચંદ્રબિંબ) **(ઈવ=સરખુ) વિભ્રાજતે** (શોભી રહ્યું છે.) ॥૧૮॥

**અર્થ** :- જે નિત્ય ઉદયમાન છે, જેણે મોહરૂપી મહાઅંધકારને દૂર કર્યો છે. જેને રાહુ કદાપી ગ્રસી શકતો નથી. કે કાળાઘોર વાદળા જેને આવરી શકતા નથી, એવું અતિશય કાંતિવાળું અને જગતને વિશેષપણે પ્રકાશ આપનારૂં, અનેરા ચંદ્રબિંબ સરિખું આપનું મુખ-કમળ શોભી રહ્યું છે.

**પરમાર્થ** :–અત્રે મોહરૂપી મહાઅન્ધકારને દૂર કરીને નિત્ય ઉદયમાનની જે વાત કરી છે તે તીર્થંકર ભગવંતોના " યથાખ્યાત ચારિત્રની " પરમાર્થથી છે. ચંદ્રના ઉદયની જેમ સિદ્ધાંતમાં ચારિત્રનો પણ ઉદય કહેવાય છે. મોહનીય કર્મની પ્રકૃતિઓ જેમ જેમ ઉપલા ઉપલા ગુણ સ્થાનકે ખપતી જાય તેમ તેમ ચારિત્રરૂપી ચંદ્રમાની વધુને વધુ કળાઓ ખીલતી જાય અને મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિનો સંપૂર્ણ ક્ષય થતાં, કેવળજ્ઞાન પ્રગટવાની સાથે જ પૂર્ણિમાના ચંદ્રની જેમજ યથાખ્યાત ચારિત્રપણ સોળે કળાએ-ઉદયમાન થાય છે, અને એકવાર ઉદયમાં આવ્યું. પછી કદાપિ જવાનું નથી તેથી અત્રે આચાર્યશ્રીએ "નિત્યોદય' કહ્યું, જ્યારે જ્ઞાન અને દર્શન ઉદય પામ્યા કહેવાત નથી. પણ જ્ઞાન " પ્રગટયું." અને દર્શન " આવ્યું ' એમ જૈનદર્શનમાં પરંપરાથી કહેવાય છે. આથી પણ અત્રે પ્રભુના ચારિત્રની જ વાત કહેવામાં આવે છે તેમ લેવુ સાર્થક છે. ક્રોધાદિ કષાયોનો સુંપૂર્ણ ક્ષય થવાથી તીર્થંકર ભગવંતનો આત્મા હવે અત્યંત શીતળ બને છે તેથી કરીને તેમની સરખામણી જગતમાં અત્યંત શીતળતા આપનાર એવા સોળે કળાએ ખીલેલા અપૂર્વ પૂનમના ચંદ્રની સાથે કરી તો ખરી પણ તે ઉપમા પણ ઘણી રીતે અધુરી નીવડે છે. તે બાબત અર્થમાં સ્પષ્ટ બતાવેલી હોવાથી અત્રે ફરી વર્ણવશું નહિ.

આ પ્રમાણે મોહનીય કર્મનો પ્રભાવ દૂર થવાથી

પ્રથમ પ્રભુનો પોતાનો આત્મા શીતળીભૂત થઈને પરમ શાંતિને અનુભવે છે અને પછી તેના પ્રભાવથી અન્ય જીવોને પણ શાંતિ પમાડે છે. એવો અવર્ણનીય યથાખ્યાત ચારિત્રનો પ્રભાવ છે.

**કિં શર્વરીષુ શશિનાઽહ્નિ વિવસ્વતા વા ?**
**યુષ્મન્મુખેન્દુ – દલિતેષુ તમસ્સુ નાથ !**
**નિષ્પન્ન – શાલિવન – શાલિનિ જીવ–લોકે**
**કાર્યં કિયજ્જલધરૈ – ર્જલભાર – નમ્રૈઃ ॥૧૯॥**

અન્વયાર્થ :– **નાથ ! યુષ્મત્** (આપનો) **મુખેન્દુ** (મુખચન્દ્ર) **દલિતેષુ** (દૂર કરે છે) **તમસ્સુ** (અંધકારને) **શર્વરીષુ** (રાત્રિએ) **શશિના** (ચન્દ્રનું) **વા** (અને) **અહ્નિ** (દિવસે) **વિવસ્વતા** (સૂર્યનું) **કિમ્ ?** (શું પ્રયોજન ?) **નિષ્પન્ન** (પાકી ગયેલ) **શાલિવન** (ખેતર) **શાલિનિ** (ડાંગર) **જીવલોકે** (જગતમાં) **જલભાર નમ્રૈઃ** (જળના ભાર વડે નમી ગયેલા) **જલધરૈઃ** (વાદળોથી) **કિયત્** (શું) **કાર્યમ્** (પ્રયોજન) **॥૧૯॥**

**અર્થ** :–હે નાથ ! આપનો મુખ–ચંદ્ર (વિશ્વના) અંધકારને જ્યારે દૂર કરે છે. પછી રાત્રે ચંદ્રનું અને દિવસે સૂર્યનું શું પ્રયોજન ? પાકી ગયેલ ડાંગરના ખેતરોથી સુશોભીત બનેલા આ જગતમાં જળના ભાર વડે નમી ગયેલા વાદળાનું શું પ્રયોજન ? કશું જ નહિ.

**પરમાર્થ** :–આ સ્તોત્રમાં શ્રી આદિનાથ પ્રભુના તીર્થંકરપણાનું ગુણાનુવાદન છે. તેથી પ્રથમ, અરિહંતપણે વીચરતા તીર્થંકર પ્રભૂના કેવળજ્ઞાન, કેવળદર્શન અને

યથાખ્યાત ચારિત્રનું મહાત્મ્ય બતાવીને, પછી જ્યારે પ્રભુ નિર્વાણ પામીને સિદ્ધદશા પામે છે ત્યારે તે સિદ્ધ પરમાત્મા કેવળજ્ઞાન સ્વરૂપ જ હોય એમ પરમાર્થથી કહીને રત્નત્રયીમાં પણ કેવળજ્ઞાનનું વિશેષ માહાત્મ્ય અત્રે બતાવ્યું છે.

ઉતરાધ્યયન સૂત્રના ૨૮મા અધ્યયનની પ્રથમ ગાથામાં પણ સિદ્ધ ભગવંતના " નાણ દંસણ લક્ખણું " કહીને જ્ઞાન અને દર્શન લક્ષણવાળા કહ્યા છે. સયોગીપણે પ્રભુ વિચરે ત્યાં સુધી જ યથાખ્યાત ચારિત્ર ઉદયમાં રહે. સિદ્ધદશામાં જપ તપાદિ ક્રિયારૂપી ચારિત્ર ન હોય. કેમકે જે ચારિત્ર વડે આત્માનું પરમાત્મા સ્વરૂપ પ્રગટાવવાનું હતું તે તો હવે પ્રગટી ચુકયું તેથી ક્રિયારૂપી ચારિત્રની જરૂર ન રહે. અને દર્શન તો સિદ્ધ દશામાં પણ હોય, પણ કેટલાક આચાર્ય દર્શનનો સમાવેશ જ્ઞાનમાં કરે છે. તેનો આધાર લઈ શ્રી માનતુંગાચાર્યે પણ સિદ્ધ-પરમાત્માનું માત્ર જ્ઞાન સ્વરૂપ જ લીધું છે. આજ કારણે આ સ્તોત્રની ૨૪મી ગાથામાં પણ પ્રભુને 'જ્ઞાન સ્વરૂપ' કહીને બીરદાવ્યા છે. કવિ તરીકે પણ આટલી છૂટ લઈ શકે માટે કશો વિરોધાભાસ આથી ન સમજવો.

બીજી રીતે પણ શ્રી તીર્થંકર ભગવાન પોતાની સાતિશયા વાણી વડે દેશના ફરમાવીને જીવોના મિથ્યાત્વ અને અનાદિના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે છે. જ્યારે સૂર્ય અને ચંદ્ર તો માત્રદ્રવ્ય અંધકારને અને તે પણ મર્યા-

દિત સમય પૂરતા જ દૂર કરે છે. ભાવ અંધકારને સૂર્ય કે ચંદ્ર જરાય કદાપિ દૂર કરી શકતા નથી, તેથી તીર્થંકર પરમાત્મા રૂપી દિવ્ય જ્ઞાન પ્રકાશ જ્યારે જગતમાં પ્રકાશી રહ્યો હોય ત્યારે પછી સૂર્ય કે ચંદ્રના પ્રકાશની જરૂર રહે ખરી? ન જ રહે, એમ અત્રે આચાર્યશ્રી દઢતાથી કહીને પ્રભુના કેવળજ્ઞાનનુ અત્યંત માહાત્મ્ય બતાવે છે.

**જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં**
**નૈવં તથા હરિ–હરાદિષુ નાયકેષુ ।**
**તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્વં**
**નૈવં તુ કાચ–શકલે કિરણા કુલેઽપિ ॥૨૦॥**

**અન્વયાર્થ** :– **કૃત અવકાશ** (આશ્રય કરીને) **જ્ઞાનં** (કેવળજ્ઞાન) **યથા** (જેવું) **ત્વયિ** (આપનામાં) **વિભાતિ** (શોભી રહ્યું છે) **એવં** ખરેખર) **તથા** (તેવું) **હરિહરાદિષુ** (વિષ્ણુ, શંકર વગેરે) **નાયકેષુ** (પ્રમુખ દેવોમાં) **ન (વિભાતિ)** (શોભતું નથી) **યથા** (જે પ્રમાણે) **સ્ફુરત્** (પ્રકાશમાન) **માણિષુ** (મણિઓમાં) **તેજઃ** (તેજ) **મહત્વં** (મહત્ત્વને) **યાતિ** (પામે છે) **એવં તુ** (ખરેખર તે પ્રમાણે) **કિરણાકુલે** (કિરણો વેરતાં) **અપિ** (પણ) **કાચ શકલે** (કાચના કકડામાં) **ન** (નથી પામતું) ॥૨૦॥

**અર્થ** :– આપને વિષે અવકાશ કરીને રહેલું જ્ઞાન જેવું શોભી રહ્યું છે તેવું હરિહરાદિ પ્રમુખ દેવોમાં શોભતું નથી કારણ કે પ્રકાશમાન મણિઓમાં તેજ જેવી પ્રબળતાને પામે છે તેવી પ્રબળતાને સૂર્ય કિરણોને વેરતા કાચના કકડામાં નથી પામતું. (૨૦)

**પરમાર્થ** :–આગલી ગાથામાં કેવળજ્ઞાનનું માહાત્મ્ય બતાવીને તેવું પરિપૂર્ણ કેવળજ્ઞાન એક માત્ર કેવળી ભગવંતોને જ હોય છે, અન્ય કોઇ પણ દેવોને પ્રગટતું નથી તેમ જણાવીને તીર્થંકર ભગવાનને જ સર્વજ્ઞ કહ્યા, અને તેમનું અનન્યપણું બતાવ્યું તેનું કારણ એ છે કે તે બધા દેવો સપત્નીક છે, તેથી સરાગી છે; અને જ્યાં રાગનો અંશ પણ હોય ત્યાં પરીપૂર્ણ કેવળજ્ઞાન કદાપિ પ્રગટે નહિ. તેથી તે દેવોને મર્યાદિત અવધિ આદિ જ્ઞાન હોય પણ પરિપૂર્ણ કેવળજ્ઞાન સંભવે નહિ. કેવળજ્ઞાન સાચા મણિ જેવું સ્વ–પર પ્રકાશક છે.

**મન્યે વરં હરિ–હરાદય એવ દૃષ્ટા,**
**દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।**
**કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ**
**કશ્ચિન્મનો હરતિ નાથ ! ભવાન્તરેઽપિ ॥૨૧॥**

**અન્વયાર્થ** :– **નાથ !** **હરિહર આદયઃ** (હરિહર આદિ દેવોને) **એવ દૃષ્ટાઃ** (ખરેખર જોયા) **વરં** (સારૂં) **મન્યે** (માનું છું) **યેષુ** (જેમને) **દૃષ્ટેષુ** (જોઈને) **હૃદયં** (હૃદય) **ત્વયિ** (આપનામાં **તોષં** (સંતોષને) **એતિ** (પામે છે.) **ભવતો** (આપને) **વિક્ષિતેન** (જોવાથી) **કિં** ? (શું લાભ ?) **યેન** (જેથી) **ભૂવિ** (લોકમાં) **અન્યઃ** (બીજા) **કશ્ચિત્** (કોઈપણ) **ભવાન્તરે** (પરભવમાં) **અપિ** (પણ) **મનઃ** (મનને) **ન હરતિ** (હરતા નથી) **॥૨૧॥**

**અર્થ** :– હે નાથ ! હું માનું છું કે વિષ્ણુ, શંકર આદિ દેવોને જોયા તે સારૂં જ થયું, કારણ કે એમને

જોયા છતાં મારૂં મન તો આપને વિશે જ સંતોષ પામે છે. અને આપને જોયા પછી હવે આ લોકમાં એકવાર પણ અન્ય કોઈ દેવ મારા મનને હરી શકશે નહિ. (૨૧)

**પરમાર્થ** :– તમને એકવાર જોયા પછી મારૂં હૃદય સંતુષ્ટ બની ગયું અને હવે મને આ ભવ અને ભવાંતરમાં પણ એકમાત્ર તમારૂં જ શરણું હોજો એમ કહીને અત્રે પરમાર્થથી ક્ષાયોપશમિક કે ક્ષાયિક સમક્તિનું સ્વરૂપ બતાવે છે અને હવે વીતરાગ પ્રભુમાં તથા જિનમાર્ગમાંજ તેમની અખંડ શ્રદ્ધા ભવોભવ રહે એવી જાણે પ્રભુ પાસે યાચના કરે છે, દરેક યુગમાં ભક્તજનોની તેમના અધિષ્ટાતા દેવ પાસે હરહંમેશા આવીજ અગાઢ શ્રધ્ધા અને આવી જ પરમ ઉત્કૃષ્ટ યાચના રહેલી હોય છે. આ શ્રદ્ધાને જ જૈન દર્શનમાં સમક્તિ કહ્યું છે.

આવા સમક્તિનું સ્વરૂપ બતાવતી ગાથા નીચે પ્રમાણે છે :–

**વેષુ દેવોऽસ્તુ નિરંજનોમે,ગુરૂર્ગુરૂષ્વસ્તુ દમી શમી મો**
**ર્મેષુ ધર્મોऽસ્તુ દયાપરો મે, ત્રીણ્યેવ તત્ત્વાનિ**
**ભવે ભવે મે ॥**

**અર્થ** :– બધા દેવોમાં મારા દેવ નિરંજન નિરાકાર સિદ્ધ પરમાત્મા જ હો ! બધા ગુરુઓમાં મારા ગુરુ તો શાંત અને દાંત એવા વીતરાગ પ્રભુના સંતો જ હો ! બધા ધર્મોમાં મારો ધર્મ દયામય જૈન ધર્મ જ હો ! આ ત્રણે તત્વો મને ભવોભવ પ્રાપ્ત થાઓ.

આચાર્યશ્રીની પણ જાણે અત્રે આજ માંગણી 'ભવાન્તરે' થી જણાય છે. સમક્તિ મુખ્યત્વે ત્રણ પ્રકારે છે:-(૧) ઔપશમિક (૨) ક્ષયોપશમિક (૩) ક્ષાયિક. ઔપશમિકની સ્થિતિ માત્ર એક અંત: મુહુર્તની છે, જ્યારે બીજાની ૬૬ સાગરોપમ ઝાઝેરી ને ક્ષાયિકની સાદિ અનંત ઉત્કૃષ્ટ સ્થિતિ છે. બીજું ને ત્રીજુ સમકીત ભવાંતરમાં પણ જીવની સાથે જાય. તેથી તેની આચાર્યશ્રીએ માંગણી કરી છે. કેમકે કોઈપણ સમક્તિનો એવો પ્રભાવ છે કે એકવાર આવ્યા પછી કદાચ ચાલ્યું જાય તોપણ વધુમાં વધુ અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળમાં જીવાત્માને મોક્ષ અપાવે. જઘન્ય તેજ ભવે મોક્ષ અપાવે.

**સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્**
**નાન્યા સૂતં ત્વદુપમં જનની પ્રસૂતા।**
**સર્વા દિશો દધતિ ભાનિ સહસ્ત્ર-રશ્મિં,**
**પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ્ ॥૨૨॥**

**અન્વયાર્થ :** – **સ્ત્રીણાં** (સ્ત્રીઓ) **શતાનિશતશઃ** (સેંકડોના સેંકડો એટલે લાખો) **પુત્રાન્** (પુત્રોને) **જનયન્તિ** (જન્મ આપે છે) **અન્યા** (બીજી) **જનની** (માતા) **ત્વત્** (આપના) **ઉપમં** (સરખા) **સૂતં** (પુત્રને) **ન પ્રસૂતા** (પ્રસવતી નથી) **સર્વાઃ** (સર્વે) **દિશઃ** (દિશાઓ) **ભાનિ** (તારાઓને) **દધતિ** (ધારણ કરે છે.) **સ્ફુરત્** (દેદિપ્યમાન) **અંશુજાલં** (કિરણોના સમૂહ વાળા) **સહસ્ત્રરશ્મિં** (સૂર્યને) **પ્રાચી** (પૂર્વ) **દિક્** (દિશા) **એવ** (જ) **જનયતિ** (જન્મ આપે છે.) ॥૨૨॥

**અર્થ** :- સ્ત્રીઓ લાખો બાળકોને જન્મ આપે છે, પણ તમારા સરખા (પનોતા) પુત્રને અન્ય કોઈ માતાએ જન્મ આપ્યો નથી. (તે એવી રીતે કે) તારાના સમૂહને તો સઘળી દિશાઓ ધારણ કરે છે. પરંતુ સ્ફુરાયમાન તેજસ્વી કિરણોવાળા સૂર્યને તો માત્ર પૂર્વ દિશા જ ધારણ કરે છે.

**પરમાર્થ** :- જિનેશ્વર ભગવાનના જન્મની વધામણીમાં એક કવિએ ગાયું છે કેઃ—

શુભ લગ્ને જિન જનમિયા, નારકીમાં સુખ જ્યોત.
સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત."

"મોક્ષ માર્ગના પ્રવર્તક એવા જિનેશ્વરના જન્મ સમયે ત્રણે લોકમાં દિવ્ય પ્રકાશ થાય છે. અને પ્રાણીમાત્ર શાતા પામે છે. તેવા પનોતા પુત્રની જન્મદાત્રી રત્નકુક્ષી માતાને સર્વ દિશામાં પવિત્ર એવી પૂર્વ દિશાની ઉપમા આપીને આચાર્યશ્રી માતાજી પ્રત્યે પોતાનો અહોભાવ પ્રગટ કરે છે- તીર્થંકર પ્રભુને સૂર્યની ઉપમા સાર્થક આપીછે.

**ત્વામામનન્તિ મુનયઃ પરમં પુમાંસ-**
**માદિત્ય-વર્ણમમલં તમસઃ પુરસ્તાત્ ।**
**ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું**
**નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર !પન્થાઃ ॥૨૩॥**

**અન્વયાર્થઃ** – **મુનીન્દ્ર** ! (હે મુનીશ્વર) **મુનયઃ** (મુનિઓ) **ત્વામ્** (આપને) **પરમં** (પરમ) **પુમાંસં** (પુરૂષ) **તમસઃ** (અંધકારની) **પુરસ્તાત્** (આગળ) **આદિત્ય વર્ણં** (સૂર્ય સમાન

તેજસ્વી) **અમલં** (નિર્મળ) **આમનન્તિ** (માને છે.) **ત્વામ્** (આપને) **એવ** (જ) **સમ્યક** (સાચી શ્રદ્ધાથી) **ઉપલભ્ય** (પામીને) **મૃત્યું** (મૃત્યુને) **જયન્તિ** (જીતે છે) **અન્ય** (બીજો) **શિવઃ** કલ્યાણકારી) **શિવપદસ્ય** (મોક્ષનો) **પન્થા** (માર્ગ) **ન** (નથી) **॥૨૩॥**

અર્થ :– હે મુનીન્દ્ર! મુનિઓ આપને પરમ પુરુષ, અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન તેજસ્વી, અને નિર્મળ માને છે; એવા આપને જ રૂડી રીતે ભજીને મૃત્યુને જીતી જાય છે. (તેથી) મુક્તિપ્રદ કલ્યાણકારી માર્ગ આપના વીતરાગ માર્ગ સિવાય બીજો કોઈ જ નથી.

**પરમાર્થ** :– અત્રે આચાર્યશ્રી પોતાની વાતના સમર્થનમાં અન્ય મુનિવરો કે જેમને મોક્ષ સુલભ છે તેવા મહાન મુનિઓ પણ તીર્થંકર ભગવાનને સૂર્ય સમાન તેજસ્વી પરમ પુરૂષ માને છે તેમ ટાંકે છે. કેમ કે પ્રભુ સ્વ–પર કલ્યાણક છે. પોતે પણ નિર્વાણપદ પામે અને તેમના માર્ગે જે ચાલે તેમને પણ નિર્વાણપદ અપાવે. નમોત્થુણંના પાઠમાં તેથી જ તેમને "તિન્નાણં–તારયાણં અને મુત્તાણં–મોયગાણં" કહ્યા છે. તે પ્રમાણે પોતે પણ સંસાર સાગરને તરી જાય અને બીજાને પણ તારે, એમ કહીને વીતરાગ પ્રભુના માર્ગને અત્રે "શિવપદસ્ય પન્થાઃ" કહીને આચાર્યશ્રીએ ભવ્ય અંજલિ આપી છે. તે માર્ગ આપણે પણ પામીએ એજ અભ્યર્થના.

**ત્વામવ્યયં વિભુમચિન્ત્યમસંખ્યમાદ્યં**
**બ્રહ્માણમીશ્વરમનન્તમનંગ –કેતુમ્ ।**

યોગીશ્વરં વિદિત - યોગમનેકમેકં,
જ્ઞાન સ્વરૂપમમલં પ્રવદન્તિ સન્તઃ ॥૨૪॥

**અન્વયાર્થ : - સન્તઃ** (સંતો) ત્વાં (આપને) **અવ્યયં** (અક્ષય) **વિભું** (ઐશ્વર્યશાળી) **અચિન્ત્યં** (અચિન્ત્ય) **અસંખ્ય** (અસંખ્ય ગુણોના ધારક) **આદ્યં** (આદિ પુરૂષ) **બ્રહ્માણં** (બ્રહ્મા) **ઈશ્વરં** (ઈશ્વર) **અનંતં** (અંત રહિત) **અનંગકેતું** (કામદેવનો નાશ કરનાર) **યોગીશ્વરં** (યોગીશ્વર) **વિદિતયોગં** (મોક્ષમાર્ગના સંપૂર્ણ જ્ઞાતા) **અનેકં** (ગુણ પર્યાયની અપેક્ષા અનેક) **એકં** (જીવદ્રવ્યની અપેક્ષા એક) **જ્ઞાનસ્વરૂપં** (કેવળ જ્ઞાની) **અમલં** (નિર્મળ) **પ્રવદન્તિ** (પોકારે છે.) ॥૨૪॥

**અર્થ**:-(હે પ્રભુ!) સંત મહાત્માઓ આપને અવિનાશી, ઐશ્વર્યશાળી, અચિન્ત્ય, અસંખ્ય ગુણોના ધારક, ધર્મની આદિના કરનાર પ્રથમ તીર્થંકર, બ્રહ્મસ્વરૂપ, ઈશ્વર કહેતા ત્રણે લોકના પરમેશ્વર, અનન્ત કહેતા કાળનો જેમણે હવે અંત કરી દીધો છે તેવા અનંત, અનંગ કેતુ કહેતા કામ વિકારનો નાશ કરવામાં કેતુ ગ્રહ સમાન, યોગીશ્વર કહેતા મન, વચન, અને કાયાના યોગોને જેમણે જીત્યા છે એવા યોગીઓના પણ આરાધ્ય દેવ, વિદિત યોગ કહેતા જ્ઞાન, દર્શન ચારિત્રરૂપી મોક્ષમાર્ગની સાધનાના પૂર્ણજ્ઞાતા, અનેક-એક કહેતા જ્ઞાન શક્તિની અપેક્ષાએ બધા જીવાત્મા સરખા છે, ફરક માત્ર એટલો જ છે, પ્રભુના જ્ઞાનનો ઉઘાડ સંપૂર્ણપણે કેવળજ્ઞાન રૂપે પ્રગટયો છે. જયારે નિગોદાદી જીવોનાં તે જ્ઞાનનો ઉઘાડ ઓછે વત્તે અંશે છે, તેથી જ્ઞાન-ગુણની અપેક્ષાએ 'એક' કહ્યા અને તેનો ઉઘાડ જુદા જુદા

અનેય જીવોમાં અનેક રીતે છે તેથી "અનેક" કહ્યા; જ્ઞાન સ્વરૂપ કહેતા પરિપૂર્ણ જ્ઞાની, કેવળજ્ઞાની; અમલ કહેતા સર્વથા કર્મમળ રહિત નિર્મળ,–આ જુદા જુદા નામે બોલાવે છે.

'અમલ' એટલે અઢાર દોષ રહિત નિર્દોષ વીતરાગ પણ કહી શકાય. અઢાર દોષ શાસ્ત્રમાં આ પ્રમાણે બતાવ્યા છે.

(૧) દાનાન્તરાય (૨) લાભાન્તરાય (૩) વીર્યાન્તરાય (૪) ભોગાન્તરાય (૫)ઉપભોગાન્તરાય (૬) હાસ્ય (૭) રતિ (૮) અરતિ (૯) ભય (૧૦) શોક (૧૧) જુગુપ્સા (૧૨) કામ અર્થાત વેદ વિકાર (૧૩) મિથ્યાત્વ (૧૪) અજ્ઞાન (૧૫) નિદ્રા (૧૬) અવિરતિ (૧૭) રાગ અને (૧૮) દ્વેષ. આ અઢારે જેમનામાં ન હોય તે "વીતરાગ પ્રભુ."

**બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત બુદ્ધિ–બોધાત્**
**ત્વં શંકરોઽસિ ભુવનત્રય શંકરત્વાત્ ।**
**ધાતાસિ ધીર ! શિવમાર્ગ –વિધેર્વિધાનાત્**
**વ્યક્તં ત્વમેવ ભગવન્ ! પુરૂષોત્તમોઽસિ ॥૨૫॥**

**અન્વયાર્થ :– વિબુધ** (દેવ) **અર્ચિત** (પૂજાએલા) **બુદ્ધિ બોધાત્** (બુદ્ધિગમ્ય બોધના દેનારા) **ત્વં** (આપ) **એવ** (જ) **બુદ્ધઃ** (બુદ્ધ) **ભુવનત્રય** (ત્રણે લોકનું) **શંકરત્વાત્** (કલ્યાણ કરનારા હોવાથી) **ત્વં** (આપ જ) **શંકરઃ** (શંકર) **અસિ** (છો) **ધીર !** (હે ધીર પ્રભુ !) **શિવમાર્ગઃ** (મોક્ષમાર્ગની) **વિધેઃ** (વિધિના) **વિધાનાત્** (બતાવનાર હોવાથી) **(ત્વં)** **ધાતા** (વિધાતા) **અસિ** (છો) **ભગવન્** (હે ભગવાન !) **ત્વં** (આપ) **એવ** (જ) **વ્યક્તં** (સ્પષ્ટ) **પુરૂષોત્તમઃ** (પુરૂષોત્તમ, વિષ્ણુ) **અસિ** (છો.) **॥૨૫॥**

**અર્થ** :–હે દેવો વડે પૂજાએલા પ્રભુ! આપમાં બુદ્ધિ કહેતા જ્ઞાનનો પરિપૂર્ણ વિકાસ થયો છે અને તેવું પરિપૂર્ણ જ્ઞાન પ્રગટાવ્યા પછી જ બોધના દેનારા છો તેથી આપ જ ખરેખર બુદ્ધ છો! ત્રણે લોકના જીવોનું કલ્યાણ કરનારા હોવાથી આપ જ ખરેખર શંકર છો! હે ધીર! આપ (રત્નત્રયીરૂપ) મોક્ષમાર્ગની વિધિના વિધાતા કહેતા ઉપદેશક હોવાથી આપ જ બ્રહ્મા છો! આથી સ્પષ્ટ થાય છે કે આપ જ પુરૂષોત્તમ કહેતા વિષ્ણુ છો!

**પરમાર્થ** :–અત્રે આચાર્યશ્રીએ બહુ જ કુશળતાપૂર્વક શ્લેષાલંકારનો ઉપયોગ કરીને બુદ્ધ, શંકર, ધાતા, અને પુરૂષોત્તમના બબ્બે અર્થ કરીને પરમાર્થથી જિનેશ્વર ભગવાન જ તે શબ્દના અર્થ પ્રમાણે બુદ્ધ, શંકર, ધાતા કહેતા બ્રહ્મા અને વિષ્ણુ ઠરે છે એમ યુક્તિપૂર્વક પ્રતિપાદન કરીને સર્વનામોનો સમન્વય જિન પ્રભુમાંજ થાય છે એમ સુંદર રીતે કોઈ પણ મતનું જરાપણ ખંડન કર્યા વગર ઘટાવ્યું છે; સિદ્ધ કર્યું છે; અને એમ કરીને જુદા જુદા ધર્મભેદોમાં અભેદપણું સ્થાપ્યું છે. વળી એમ કહેવા માગે છે કે તે તે દેવો એકેક ગુણના તેમના નામ પ્રમાણે ધારક છે. જ્યારે તમે તે બધા ગુણો ધરાવો છો તેથી સ્પષ્ટપણે તમેજ પુરુષોમાં સર્વોત્તમ છો. આમ કહીને વીતરાગ ધર્મમાં બધા ધર્મોના સિદ્ધાંતોનો સમાવેશ થઈ જાય છે, અને અન્ય દેવોને કરેલી પૂજા અર્ચા વિગેરે છેવટે તીર્થંકર ભગવાનને જ પહોંચે છે, એમ કહી તેમનું અત્યંત માહાત્મ્ય અત્રે બતાવ્યું છે.

વળી શંકરને પુરાણોમાં ભોળા શંભુ કહ્યા છે. તેથી તે રીઝે પણ ખરા અને ખીજાય પણ ખરા. પોતાના જ પુત્ર ગણેશનું મસ્તક પરશુથી ઉડાવી દીધું હતું ને? તેવું ખીજાવાનું તત્ત્વ જિનપ્રભુ અકષાયી થયા હોવાથી હવે તેમનામાં બીલ્કુલ રહ્યું નથી. તેથી જ સાચા કલ્યાણકારી વીતરાગ પ્રભુ જ હોય છે.

બ્રહ્મા-વિધાતા છઠ્ઠીના લેખમાં સુખદુઃખ બન્ને લખે છે, જ્યારે જિન-પ્રભુ તો એકાંત સુખના દેનારા છે. તેમના માર્ગે ચાલવાથી પ્રાણીના દુઃખ માત્ર ટળી જાય છે; તેથી સાચા વિધાતા જિનેશ્વર ભગવંતને જ ઠરાવે છે.

**તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ !**
**તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય !**
**તુભ્યં નમસ્ત્રિ જગતઃ પરમેશ્વરાય,**
**તુભ્યં નમો જિન ! ભવોદધિ-શોષણાય ॥૨૬॥**

**અન્વયાર્થ: નાથ! ત્રિભુવન** (ત્રણે લોકના) **આર્તિ** (દુઃખોને) **હરાય** (હરનારા) **તુભ્યં** (આપને) **નમઃ** (નમસ્કાર હો!) **ક્ષિતિ** (પૃથ્વિ) **તલ** (તળ) **અમલ** (નિર્મળ) (**ભૂષણાય** (આભૂષણ રૂપ) **તુભ્યં નમઃ! ત્રિજગતઃ** (તણે જગતના) **પરમેશ્વરાય** (પરમેશ્વર) તુભ્યં **નમઃ। જિન।** (હે જિન!) **ભવ ઉદધિ** (ભવ સાગરને) **શોષણાય** (શોષી) લેનારા **તુભ્યં નમઃ ॥૨૬॥**

**અર્થ** :–ત્રિભુવનના દુઃખોને હરનારા એવા હે નાથ! આપને મારા નમસ્કાર હો! પૃથ્વીતલને વિષે નિર્મળ આભૂષણરૂપ એવા આપને મારા નમસ્કાર હો! ત્રણે

જગતના પરમેશ્વરરૂપ એવા આપને મારા નમસ્કાર હો! ભવસાગરને શોષી લેનારા એવા હે (ઉપકારી) જિનેન્દ્ર આપને (મારા કોટી કોટી વંદન) નમસ્કાર હો!

**પરમાર્થ**:—આ ગાથાના ચારે ચરણમાં આપને હે જિન-પ્રભુ! મારા નમસ્કાર હો એમ કહીને આચાર્યશ્રીએ પુનરાવર્તન દોષ કર્યો છે. એમ ન સમજવું. પણ ભક્ત-હૃદયના અત્યંત ઉલ્લાસ પામેલા ભાવ ફરી ફરીને કહીને પ્રભુ પ્રત્યે પોતાનો પ્રબળ અહોભાવજ વ્યક્ત કર્યો છે એમ સમજવું.

ચોથા ચરણમાં તો પ્રભુને "જિન! ભવોદધિ-શોષણાય" કહીને પ્રભુ-ભક્તિના ફળની પરાકાષ્ટા બતાવી દીધી છે. "જિન" કહેતા વિષય કષાયાદિને જેમણે સંપૂર્ણપણે જીતી લીધેલા છે. એવા તીર્થંકર પ્રભુ માત્ર એકલા એકલા જ પોતાના શાશ્વતા આત્મિક સુખમાં ન રાચતા જગતના જીવોને પણ આ કલ્યાણકારી માર્ગનો બોધ કરીને તેમના ભવોને શોષી લેનારા અર્થાત્ ભવ કટી કરાવનારા પરમ ઉપકારી કહીને એમને ફરી ફરી પોતાના વંદણા-નમસ્કાર અહોભાવપૂર્વક કરે છે. આમ કહીને આચાર્યશ્રી પણ પોતાના ભવરૂપી બંધનનો અંત આવશે જ એમ શ્રદ્ધાપૂર્વક જાણે સુચવી રહ્યા છે; અને જે કોઈ પ્રભુના માર્ગને શ્રદ્ધાપૂર્વક અનુસરશે તેમના ભવો પણ શોષાઈ જશે એમ નિશ્ચયથી કહે છે. તે શ્રી બાહુ-બલિજી આદિના દષ્ટાંતો.

**કો વિસ્મયોઽત્ર યદિ નામ ગુણૈરશેષૈ**
**સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ!**
**દોષૈરૂપાત્ત – વિવિધાશ્રય – જાતગર્વૈઃ;**
**સ્વપ્નાન્તરેઽપિ ન કદાચિદ–પીક્ષિતોઽસિ॥૨૭॥**

**અન્વયાર્થ**:- **મુનીશ ! યદિ નામ** (આ બંને શબ્દ સાથે લેવાથી "અમને લાગે છે" તેવો અર્થ થાય છે) **નિરવકાશતયા** (જગ્યા ન મળવાથી) **અશેષૈઃ** (સંપૂર્ણ) **ગુણૈઃ** (ગુણો) **ત્વં** (આપનો) **સંશ્રિતઃ** (સમ્યક્ પ્રકારે આશ્રય કરીને રહ્યા છે) **અત્ર** (તેમાં) **કઃ** (શું) **વિસ્મયઃ ?** (આશ્ચર્ય ?) **વિવિધાશ્રય** (વિવિધ આશ્રયો) **ઉપાત્ત** (પામીને) **જાતગર્વૈઃ** (ગર્વિષ્ઠ બનેલા) **દોષૈઃ** (દોષો) **સ્વપ્નાન્તરે** (સ્વપ્નમાં) **અપિ** (પણ) **કદાચિત્** (કદાપિ) **ન ઇક્ષિતઃ અસિ** (જોયા નથી) (**અત્ર અપિ કઃ વિસ્મયઃ**) ॥૨૭॥

**અર્થ** :- હે મુનીવર ! અન્ય સ્થળોએ અવકાશ ન મળવાથી (વિશ્વના) સંપૂર્ણ સદ્‌ગુણો તમારો રૂડો આશ્રય કરીને રહ્યા છે તેમાં આશ્ચર્ય શું છે ? વિવિધ પ્રકારના આશ્રયો પામવાથી ગર્વિષ્ટ બનેલા દોષો સ્વપ્નામાં પણ આપને જોઈ શકતા નથી. (એમાં આશ્ચર્ય શું છે ?)

**પરમાર્થ** :- અત્રે આચાર્યશ્રીએ 'નિરવકાશતયા' શબ્દનું ખુબી પૂર્વક પ્રયોજન કર્યું છે. તેનો એક અર્થ શબ્દાર્થથી જોયો. પરમાર્થથી એમ કહેવા માગે છે કે પ્રભુના ગુણ એટલા તો અપાર છે કે તેના વડે કરીને 'આકાશ' જેવું આકાશ કે જેનું લક્ષણ ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૨૮ ગાથા ૯માં 'નહં ઓગાહ લકખણુમ્'

કહીને દરેક પદાર્થને અવકાશ આપવાનું કહ્યું, તેવું આકાશ પણ પ્રભુના ગુણોથી છલકાઈ જઈને "નિરવકાશ" બની જાય છે. કે જેથી દોષો કે જે અત્યારસુધી વિષય–કષાયાદિનો આશ્રય લઈને મદોન્મત્ત બન્યા હતા અને આત્માના ગુણોને દબાવી દીધા હતા, તેવા ગર્વિષ્ટ દોષોને હવે સારાયે આકાશ પ્રદેશમાં પગ મુકવા જેટલું પણ ઠેકાણું રહેતું નથી, તેથી આપની પાસે વાસ્તવિકપણે પ્રત્યક્ષ આવવાની હિંમત તો તે કરી શકતા નથી, પણ સ્વપ્નમાં પણ આપની પાસે ઢુંકી શકતા નથી, સ્વપ્નનું સુખ પણ માણી શકતા નથી તેટલો બધો અચિંત્ય આપનો પ્રભાવ છે. ટુંકમાં તીર્થંકર ભગવાન સકળ ગુણોના ભંડાર છે, અને સમસ્ત દોષ રહિત નિર્દોષ બન્યા છે. તેથી જે કોઈ જીવાત્મા તેમના સમાગમમાં આવે છે, તેને પણ દુર્ગુણો આપોઆપ છોડવા માંડે છે. તેથી પ્રભુના ગુણ ગ્રહણ કરીને, તેમના યથાખ્યાત ચારિત્રના પ્રભાવથી તેવા જીવો પણ શકડાલ કુંભારના દ્દષ્ટાંતે પ્રભુના માર્ગને પામે છે, પ્રભુમય બની જાય છે.

**ગાથા :–૨૮ થી ૩૫** :–પ્રભુના ગુણોનું માહાત્મ્ય સંપૂર્ણ રીતે વર્ણવીને, કેવળજ્ઞાન પ્રગટયા પછી તીર્થંકર ભગવંતોનો જે કેવળ મહોત્સવ સમવસરણાદિ રચીને દેવો ઉજવે છે. તેને "અષ્ટ મહા પ્રાતિહાર્ય" જૈનધર્મમાં કહ્યા છે. તેની સગ્રંહણી ગાથા નીચે મુજબ છે :–"

"અશોક વૃક્ષઃ સુરપુષ્પવૃષ્ટિ, ર્દિવ્ય ધ્વનિશ્ચામરમાસેનં ચ।
ભામંડલ દુન્દુભિરાતપત્રં, સત્પ્રાતિહાર્યાણિ જિનેશ્વરાણામ્॥

**અર્થ**: (૧) અશોક વૃક્ષ (૨) સુર પુષ્પવૃષ્ટિ (૩) દિવ્ય ધ્વનિ (૪) ચામર (૫) આસન (સિંહાસન) (૬) ભામંડલ (૭) દુંદુભિ (નાદ) અને (૮) ત્રણ છત્ર એ આઠ જિનેશ્વર દેવોના પ્રાતિહાર્યો છે.

ને 'અષ્ટ પ્રાતિહાર્યોનુ" હવે પછીની આઠ ગાથામાં અકેકનું સુંદર ઉપમાઓ સાથે-તે ઉપમાઓથી પ્રભુનું અનન્ય માહાત્મ્ય બતાવીને પરમાર્થથી તે ઉપમાઓ આપણને શું સુચવે છે તેનું સુંદર વર્ણન આચાર્યશ્રીએ કરેલ છે.

**ઉચ્ચૈરશોક – તરૂસંશ્રિતમુન્મયુખ –**
**માભાતિ રૂપમમલં ભવતો નિતાન્તમ્।**
**સ્પષ્ટોલ્લસત્કિરણમસ્ત — તમોવિતાનં,**
**બિમ્બં રવેરિવ પયોધર - પાશ્વવર્તિ ॥૨૮॥**

**અન્વયાર્થ**:- **ઉચ્ચૈઃ** (ઊંચા) **અશોક તરુ** (અશોક વૃક્ષ) **સંશ્રિતં** (બિરાજેલું) **ઉત્** (ઊંચે જતા) **મયુખં** (કિરણો વડે) **ભવતઃ** (આપનું) **અમલં** (નિર્મળ) **રૂપં** (સ્વરૂપ) **પયોધર** (વાદળા) **પાર્શ્વવર્તિ** (પાસે) **સ્પષ્ટ** (સ્પષ્ટ) **ઉલ્લસત્ કિરણં** (દેદિપ્યમાન) **અસ્ત તમઃ વિતાનં** (અંધકારના સમુહનો નાશ કરનાર) **રવેઃ** (સૂર્યના) **બિમ્બં** (બિમ્બ) **ઈવ** (સરખું) **નિતાન્તં** (અત્યંત) **આભાતિ** (શોભે છે) ॥૨૮॥

**અર્થ**- હે પ્રભુ, ઊંચા અશોક વૃક્ષની નીચે રહેલું, (અને) ઊંચે જતા કિરણો વડે શોભતુ આપનું નિર્મળ

સ્વરૂપ, મેઘમંડળની પાસે અત્યંત ચમકી રહેલા અને અંધકારના સમૂહનો નાશ કરનારા એવા સૂર્ય-બિંબ સમુ ઘણું શોભે છે.

**પરમાર્થ** : સૌથી પ્રમથ દેવો પ્રભુના દેહમાન કરતા બારગણા ઊંચા 'અશોક' વૃક્ષની નિયમા રચના કરે છે. અશોક વૃક્ષ નીચે સિંહાસન-પર પ્રભુ બીરાજે છે ત્યારે પ્રભુનો વર્ણ સોનેરી છે ને અશોક વૃક્ષના પાંદડા ઘેરા નીલા રંગના હોય છે તેથી કાળા ભમ્મર વાદળના સમુહ વચ્ચે જેવો સૂર્ય શોભે, તેવા જાણે પ્રભુ શોભી ઊઠે છે. વળી પ્રભુના દેદિપ્યમાન શરીરમાંથી નીકળતા કિરણો ઊંચા અશોક વૃક્ષના પાંદડા પર પડતા, પાંદડાનો ઘેરો રંગ જાણે આછો બની જાય છે. આ કુદરતી નિયમ છે, તે જાણે પરમાર્થથી એમ સુચવે છે કે જે કોઈ ભારે કર્મી જીવ પણ પ્રભુના સાન્નિધ્યમાં આવશે, તે અવશ્ય તેમના પ્રભાવથી હળુકર્મી બનીને જશે. આ પ્રમાણે પ્રભુ સમાગમનું મહત્ત્વ અત્રે સુંદર ઉપમાથી વર્ણવ્યું છે.

**સિંહાસને મણિમયૂખ શિખાવિચિત્રે,**
**વિભ્રાજતે તવ વપુ: કનકાવદાતમ્ ।**
**બિમ્બં વિયદ્ વિલસદંશુલતા-વિતાનં**
**તુંગોદયાદ્રિશિરસીવ સહસ્ત્રરશ્મે: ॥૨૯॥**

**અન્વયાર્થ**:- **મણિ** (મણિ) **મયુખ** (કિરણ) **શિખા** (ઉપર) **વિચિત્રે** (વિવિધ રંગના) **સિંહાસને** (સિંહાસન ઉપર) **તવ** (આપનું) **કનક અવદાત** (સુવર્ણ સમાન દેદિપ્યમાન) **વપુ:** (શરીર)

**તુંગ** (ઊંચા) **ઉદયાદ્રિ** (ઉદયાચલ) **શિરસિ** (શિખર ઉપર) **વિયત્** (આકાશમાં) **વિલસત્** (ઘેરાયેલું) **અંશુલતા** (કિરણો રૂપી લતા) **વિતાનં** (સમુહ) **સહસ્રરશ્મેઃ બિમ્બં ઈવ વિભ્રાજતે** (સૂર્યના બિંબની જેમ શોભી ઉઠે છે.) ॥૨૯॥

**અર્થ**:– (હે ભગવાન!) જેવી રીતે ઊંચા ઉદયાચલ પર્વતની શિખર ઉપર આકાશમાં લતાના સમુહની જેમ ફેલાતા પ્રકાશમય કિરણોથી યુક્ત સૂર્યનું બિમ્બ શોભી ઊઠે છે, તેવી રીતે ઊંચે વિવિધ રંગના કિરણો વેરતા મણિમય સિંહાસનને વિષે આપનું સુવર્ણ સમાન દેદીપ્યમાન શરીર શોભી રહ્યું છે. (૨૯)

**પરમાર્થ** :– વિશ્વમાં સૂર્ય અત્યંત તેજસ્વી છે. પણ પ્રભુનું કાંતિમય શરીર તો સૂર્ય કરતાં પણ વિશેષ દેદીપ્યમાન છે એમ કહીને પ્રભુનું માહાત્મ્ય બતાવ્યું છે. આ બીજો પ્રાતિહાર્ય છે.

**કુન્દાવદાત – ચલચામર – ચારૂશોભં**
**વિભ્રાજતે તવ વપુઃ કલધૌતકાન્તમ્ ।**
**ઉદ્યચ્છશાંક – શુચિ – નિર્ઝર–વારિધાર**
**મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાતકૌમ્ભમ્ ॥૩૦॥**

**અન્વયાર્થ**:- **કુન્દ** (મોગરાનું ફુલ) **અવદાત** (સમાન) **ચલ ચામર** (વીંઝાતા ચામર) **ચારુ** (સુંદર) **શોભં** (શોભાને) **કલધૌત** (સુવર્ણ જેવી) **કાન્તં** (કાંતિવાળું) **તવ** (આપનું) **વપુઃ** (શરીર) **ઉદ્યત્** (ઉદય પામેલા) **શશાંક** (ચન્દ્ર) **શુચિ** (નિર્મળ) **નિર્ઝર** (ઝરણા) **વારિધારં** (પાણીની ધારા) **સુરગિરેઃ** (મેરૂ પર્વત)

**શાતકૌમ્ભં** (સૂવર્ણમય) **ઉચ્ચૈઃ** (ઊંચા) **તટં** (શીખર) **ઈવ** (જેમ) **વિભ્રાજતે** (શોભી ઉઠે છે.) ॥૩૦॥

**અર્થઃ**- જેવી રીતે ઉદય પામેલા ચંદ્રની ચાંદની જેવા નિર્મળ ઝરણાના પાણીની ધારાઓથી સુવર્ણમય મેરુ પર્વતનું ઊંચું શિખર શોભી ઉઠે છે. તેવી રીતે મોગ-રાના પુષ્પ જેવા શ્વેત વીંઝાતા ચામરો વડે સુંદર શોભાને ધારણ કરનારું અને સુવર્ણ જેવી કાંતિવાળુ તમારું શરીર અત્યંત શોભી રહ્યું છે. (૩૦)

**પરમાર્થઃ**- આ ત્રીજો પ્રાતિહાર્ય છે. એવી માન્યતા છે કે પ્રભુની બંને બાજુએ બાર બાર દેવો અંતરીક્ષમાં રહીને અકેક શ્વેત પવિત્ર ચામર પ્રભુને શાતા ઉપજાવવા વીંઝે છે. એમ કુલ ચોવીસ દેવો ચોવીસ જોડ ચામર વડે પ્રભુની પર્યુપાસના કરે છે, છતાંપણ મેરુ પર્વતના શિખરની જેમ તીર્થંકર પ્રભુ તો પોતાની વીતરાગ દશામાં નિર્લેપ રહે છે. માનાદિ ભાવ તેમના મનમાંય આવતા નથી, વળી ચામરોનો સફેદ રંગ પ્રભુની પવિત્ર-તાનો અને ચામરોની નિર્મળ શોભા પ્રભુના અકષાયી શાંત સૌમ્યભાવનો જાણે દ્યોતક છે. સોનેરી વર્ણવાળા પ્રભુને સોનાના મેરુ પર્વતની અને વીંઝાતા શ્વેત ચામરોને વહેતા પવિત્ર ઝરણાની સાર્થક ઉપમા આપી છે.

ચામરો નીચે આવી ઉપર જાય છે તે જાણે એમ સુચવે છે કે જે કોઈ ભવી જીવ પ્રભુને ચરણે નમે છે. તે અવશ્ય ઉપર ઉઠે છે અર્થાત્ તેની અવશ્ય ઊચ્ચ ગતીજ થાય છે.

**છત્ર – ત્રયં તવ વિભાતિ શશાંકકાન્ત —**
**મુચ્ચૈઃ સ્થિતં સ્થગિતભાનુકર – પ્રતાપમ્ ।**
**મુક્તાફલ – પ્રકરજાલ – વિવૃદ્ધશોભં**
**પ્રખ્યાપયત્ ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્ ॥૩૦॥**

**અન્વયાર્થ:– શશાંક કાન્ત** (ચંદ્ર જેવા ઉજ્જવળ) **સ્થગિત ભાનુકર પ્રતાપં** (સૂર્યના તાપને રોકનાર) **મુક્તાફલ પ્રકર જાલ** (મોતીઓની ઝાલરનો સમુહ) **વિવૃધ્ધશોભં** (શોભા વધી છે) **ઉચ્ચાઃ** (ઊંચે) **સ્થિતં** (રહેલા) **તવ** (આપના) **છત્રત્રયં** (ત્રણ છત્ર) **ત્રિજગતઃ** (ત્રણે લોકનું) **પરમેશ્વરત્વં** (આધિપત્ય) **પ્રખ્યાપયત્** (જાહેર કરતાં) **વિભાતિ** (શોભી રહ્યા છે.) ॥૩૧॥

**અર્થ :–** ચંદ્ર જેવા ઉજ્જવળ, સૂર્યના કિરણોના પ્રભાવને રોકી રાખનારા અને મોતીની ઝુલોના સમુહથી જેની શોભા ઘણી વધી રહી છે તેવા આપના મસ્તક ઉપર રહેલા ત્રણ છત્રો, આપનું ત્રણે જગતનું આધિપત્ય દર્શાવતાં જાણે શોભી રહ્યા છે. (૩૧).

**પરમાર્થ :–**સમવસરણમાં ભામંડળની પ્રભાના કારણે તીર્થંકર ભગવાન ચતુંર્મુખ દેખાય છે એવી માન્યતા છે. તે દરેક મુખ એટલે કે મસ્તક ઉપર એકની ઉપર એક એમ દિવ્ય મોતીઓની ઝુલથી શોભતા ત્રણ છત્ર હોય છે. આને છત્રાતિછત્ર અતિશય કહેવામાં આવે છે.

બધા અતિશયોમાં આ ચોથા અતિશયની એક અનોખી વિશિષ્ટતા છે. કેટલાક અતિશયો અમુક કાળેજ જેમકે સમવસરણની રચના વખતે કે વિહાર સમયે પ્રગટે

છે અને પછી તે કાર્ય પૂરું થતાં વિલીન થઈ જાય છે. જ્યારે આ છત્રાતિછત્ર તો પ્રભુ જ્યારે કેવળજ્ઞાન પ્રગટાવી ચતુર્વિધ સંઘ રૂપ તીર્થની સ્થાપના કરે છે ત્યારથી પ્રગટ થઈ પ્રભુ નિર્વાણ પામે છે ત્યાં સુધી સતત રહે છે, તેથી જ જાણે ત્રણે જગતનું પરમેશ્વરપણું, સતત અધિપતીપણું આ ત્રણ છત્રથી બરાબર સુચવાય છે.

દરેક ગાથામાં આચાર્યશ્રીએ કેટલા બધા યથાર્થ ભાવ યથાર્થ ઉપમાઓ આપીને વિશિષ્ટ પ્રકારે ગુંથ્યા છે. તે તેમની કવિત્વશકિત સાથે સૂત્ર સિદ્ધાંતનું પારગામીપણું બતાવે છે.

આ પ્રમાણે પ્રાતિહાર્યની પ્રથમ ચાર ગાથામાં– અશોક વૃક્ષ અને સિંહાસનની રચના, ચામરનું વીંઝાવું અને ત્રણ છત્રને મસ્તકે ધારણ કરવા તે પ્રભુના પ્રબળ શાતાવેદનીય કર્મનો ઉદય સૂચવે છે. અને તેથી જ આચાર્યશ્રી આ ચાર પ્રાતિહાર્યને પ્રથમ લીધા જણાય છે.

**ગમ્ભીર તાર રવપૂરિત – દિગ્વિભાગ**
**સ્ત્રૈલોકયલોક શુભસંગમ – ભુતિદક્ષઃ**
**સદ્ધર્મરાજ – જયઘોષણ–ઘોષકઃ સન્,**
**ખે દુંદુભિર્ધ્વનતિ તે યશસઃ પ્રવાદી ॥૩૨॥**

**અન્વયાર્થ**:– **ગમ્ભીર** (ગંભીર) **તાર** (મોટા) **રવ** (અવાજ) **પૂરિત** (ગજાવેલી) **દિકવિભાગઃ** (દિશાઓ) **ત્રૈલોકય લોક** (ત્રણે લોકના લોકોને) **શુભ સંગમ** (શુભ સમાગમ) **ભૂતિ** (આપવામાં) **દક્ષઃ** (કુશળ) **સદ્ધર્મરાજ** (સદ્ધર્મના પ્રરૂપક એવા તીર્થંકર

ભગવાન) **જયઘોષણ** (જય હો! એવી) **ઘોષક:** (ઘોષણા) **સન્** (કરતો) **તે** (આપના) **યશસ:** (યશનો) **પ્રવાદી** (ઢંઢેરો પીટતો) **દુંદુભિ:** (દેવદુંદુંભિ) **ખે** (આકાશમાં) **ધ્વનતિ** (બજી રહ્યો છે) ॥૩૨॥

**અર્થ** :–ગંભીર અને મોટા અવાજ વડે જેના નાદે દિશાઓ ગજાવી મુકી છે, ત્રણે જગતના લોકોને (પ્રભુનો) શુભ સમાગમ આપવામાં કુશળ, અને સદ્ધર્મના રાજા એવા તીર્થંકર ભગવાનનો "જય હો" એવા શબ્દોની ઘોષણા કરતો આકાશમાં થતો દુંદુભિનો નાદ આપના વિમળ યશને પ્રગટ કરી રહ્યો છે. (૩૨)

**પરમાર્થ**:– આ દેવ દુંદુભી વાગવાથી જગતના જીવોને પ્રભુના સમવસરણ રચાયાની અને દેશનાના સમયની જાણ થાય છે તેથી તે દુંદુભિને પ્રભુનો સમાગમ કરાવી આપવામાં કુશળ મિત્ર સમાન કહ્યો છે.

જે દેવો ઘણી રિદ્ધિસિદ્ધિવાળા હોય છે, તેવા પણ પ્રભુની કેવા કેવા પ્રકારે સેવા ભક્તિ કરવાની સાથે પરમાર્થે અન્ય જીવોનું પણ કેવું કલ્યાણ કરે છે તે અત્રે બતાવીને પ્રભુનો અતિ મહિમા બતાવ્યો છે.

**મંદાર – સુન્દર – નમેરુ – સુપારિજાત –**
**સન્તાનકાદિ – કુસુમોત્કર – વૃષ્ટિરુદ્ધા ।**
**ગન્ધોદબિન્દુ – શુભમન્દ – મરુત્પ્રાપાતા**
**દિવ્યા દિવ: પતતિ તે વચસાં તતિર્વા ॥૩૩॥**

**અન્વયાર્થ**:– **ગન્ધ** (સુગંધિત) **ઉદબિન્દુ** (જળબિંદુ) **શુભ**

**મન્દ** ( સુખદ મંદમંદ વાતા) **મરુત્** (હવાની લ્હેર) **પ્રપાતા** (પડતી) **ઉદ્ધા** (શ્રેષ્ટ) **દિવ્યા** (દિવ્ય) **મંદાર-સુન્દર-નમેરુ-સુપારિજાત-સન્તાનક આદિ** (મંદાર આદિ નામના વૃક્ષોના) **કુસુમ-ઉત્કર** (પુષ્પ સમુહોની) **વૃષ્ટિઃ** (વર્ષા) **દિવઃ** (આકાશમાંથી) **પતતિ** (પડે છે) **વા** (અથવા) **તે** (આપના) **વચસાં** (વચનોની) **તતિઃ** (ધારા, શ્રેણી) ।।૩૩।।

અર્થ : સુગંધિત જળબિંદુઓ અને શુભ મંદ મંદ વાતી પવનની લહેરખીઓ સાથે પડતી શ્રેષ્ટ અને દિવ્ય મંદાર, સુંદ, નમેરુ સુપારીજાત અને સંતાનકાદિ ( દિવ્ય વૃક્ષોનો ) દિવ્ય પુષ્પોની વૃષ્ટિ (જે આપના ઉપર) વર્ષી રહી છે તે જાણે આપના વચનોની દિવ્યધારા કેમ વરસતી ન હોય ?

**પરમાર્થ** :-મન્દાર, સુંદર આદિ દેવલોકના દિવ્ય વૃક્ષો છે જેનું વર્ણન હિંદુ ધર્મના પૌરાણિક ગ્રંથોમાં વિસ્તારથી મળે છે. તે વૃક્ષોના ફૂલો પણ તેજ નામથી ઓળખાય છે. તે ફૂલો અચેત હોય છે તેવી માન્યતા છે, દેવો તે દિવ્ય પુષ્પોની ભગવાન ઉપર વૃષ્ટિ કરે છે, તે જાણે પ્રભુના મુખકમળમાંથી ખરતા વચનરૂપી પુષ્પોની વૃષ્ટિ કેમ ન હોય ! કેવા ઉદાત્ત અને સાર્થક કલ્પના ચિત્રો આચાર્યશ્રીએ દોર્યા છે.

**શુમ્ભત્પ્રભાવલય - ભૂરિ - વિભા વિભોસ્તે**
**લોકત્રય દ્યુતિમતાં દ્યુતિમાક્ષિપન્તી ।**
**પ્રોદ્યદ્ - દિવાકર - નિરન્તર - ભૂરિસંખ્યા**
**દીપ્ત્યા જયત્યપિ નિશામપિસોમ-સૌમ્યામ્ ।।૩૪।।**

**અન્વયાર્થ**:-**તે વિભો** (આપ પ્રભુની અર્થાત્ હે પ્રભુ! આપની) **શુમ્ભત્** (શોભાયમાન) **પ્રભાવલય** (ભામંડળ) **ભૂરિ** (અતિશય) **વિભા** (પ્રભા, તેજ) **લોકત્રય** (ત્રણે લોકના) **દ્યુતિમતાં** (તેજસ્વી પદાર્થોના) **દ્યુતિં** (તેજને) **આક્ષિપન્તી** (તિરસ્કાર કરતી) **પ્રોદ્યત્** (પ્રકાશતા) **દિવાકર** (સૂર્ય) **નિરન્તર** (સતત) **ભૂરિ** (ઘણી) **સંખ્યા** (સંખ્યા) **દિપ્ત્યા** (તેજથી) **અપિ** (પણ) **સોમ** (ચંદ્ર) **સૌમ્યાં** (શિતળ) **નિશાં** (રાત્રીને) **અપિ** (પણ) **જયતિ** (જીતી જાય છે) ॥૩૪॥

**અર્થ**:-હે વિભુ! આપના શોભાયમાન ભામંડળની અતિશય પ્રભા ત્રણે લોકના તેજસ્વી પદાર્થોના તેજને પણ ઝાંખુ પાડી દે તેવી છે. (આપના ભામંડળની જ્યોતિર્મયી પ્રભા) નિરંતર પ્રકાશતા અનેક સૂર્યોની સમાન તેજસ્વી હોવા છતાં પણ પૂર્ણિમાના ચંદ્રની સૌમ્ય પ્રભા વડે (અતિ)શીતળ બનેલી રાત્રિને પણ જીતી જાય છે. (૩૪)

**પરમાર્થ**:- તીર્થંકર ભગવંતને કેવળજ્ઞાન પ્રગટે અને તીર્થ પ્રવર્તાવે ત્યારથી માંડીને તેઓ સિદ્ધ થાય ત્યાં સુધી તેમના મસ્તક પાછળ એક અદ્ભુત તેજનું વર્તુળ રચાય છે તેને "ભામંડળ" કહે છે. તે રાતદિવસ નિરંતર પ્રકાશે છે. આ ભામંડળના તેજ કિરણો પર દેવો દિવ્ય રત્નો જડીને તેની કાંતિમાં ઓર વધારો કરે છે, તેથી દેવો ભામંડળની શોભા-રચનામાં તેટલા અંશે નિમિત્ત કારણ બને છે એટલે આ અતિશયને પણ દેવકૃત ગણ્યો છે. આ સાતમો પ્રાતિહાર્ય છે.

આ ભામંડળનો પ્રભાવ એવો રહેલો છે કે જે

કોઈ ભવી જીવ તેના દર્શન કરી શકે, તેને મર્યાદિત જાતિ-સ્મરણ જ્ઞાન થાય. પૂર્વના સાત ભવ જાણે-દેખે, પ્રભુની દેશના સાંભળી વૈરાગ્યવાસિત બને ને સંયમમાર્ગને અંગીકાર કરી મુક્તિમાર્ગનો યાત્રી બની અંતે નિર્વાણપદને પ્રાપ્ત કરે; એટલે કે જે કોઈ હળુકર્મી અને નિકટભવી જીવ હોય તે જ આ ભામંડળના દર્શન કરી શકે. સમોસરણમાં ગયેલા બધા ભવી જીવો પણ તેના દર્શન કરી શકતા નથી તેમ માન્યતા છે.

ભામંડળની બીજી વિશિષ્ટતા એ છે કે અસંખ્ય સૂર્યોના તેજ કરતાં પણ અતિ તેજસ્વી હોવા છતાં પણ પૂર્ણિમાની શીતળ ચાંદની કરતાંય વિશેષ શીતળ આ ભામંડળ હોય છે. તેથી એમ ઠર્યું કે તેજની સાથે જે ગરમી અને ચાંદનીની સાથે રહેલી સૂર્યોદય સમયની જે ઝાંખપ તે બંને અશાતા ઉપજાવનારા ગૌરવહીન તત્ત્વો આ ભામંડળમાં હોતા નથી. તેથી પ્રચંડ તેજની સાથે અતિશય શીતળતા જેવા પરસ્પર વિરોધી ગુણો સમાનતાથી એકી સાથે પ્રભુના આશ્રયે રહી શકે છે એમ કર્યું આ વિશેષ-તાનેજ પ્રભુના અતિશયો કહેવામાં આવે છે, જે એકમાત્ર તીર્થંકર ભગવંતોને જ હોય છે તેમ કહીને એકેએક ગાથામાં પ્રભુનું અત્યંત માહાત્મ્યજ પરમાર્થથી બતાવ્યું છે.

**સ્વર્ગાપવર્ગગમમાર્ગ – વિમાર્ગણેષ્ટઃ**
**સદ્ધર્મ – તત્વકથનૈક – પટુસ્ત્રિલોકયામ્ ।**
**દિવ્યધ્વનિ ર્ભવતિ તે વિશદાર્થ સર્વ—**
**ભાષા—સ્વભાવ—પરિણામ—ગુણૈઃ પ્રયોજ્યઃ ॥૩૫॥**

**અન્વયાર્થ**:-**સ્વર્ગ** (સ્વર્ગ) **અપવર્ગ** (મોક્ષ) **ગમ માર્ગ** (માર્ગ બતાવવામાં) **વિમાર્ગણેષ્ટ**: (સૌથી વિશિષ્ઠ) (**ત્રલોકયાં** (ત્રણે લોકમાં) **સદ્ધર્મતત્ત્વ કથન** (સદ્ધર્મ અને વસ્તુનું સ્વરૂપ કહેવામાં) **એક પટુ**: (એકમાત્ર કુશળ) **વિશદાર્થ** (વિશાળ અર્થવાળો) **સર્વ ભાષા સ્વભાવ પરિણામ ગુણૈઃ** (સઘળી ભાષાઓના સ્વભાવ, પરિણામ ગુણ આદિનું નિરૂપણ કરવામાં) **પ્રયોજય**: (સહજપણે પરિણમતો) **તે** (આપનો) **દિવ્યધ્વનિઃ** (દિવ્ય ધ્વનિ) **ભવતિ** (હોય છે.) ॥૩૫॥

**અર્થ**:-સ્વર્ગ અને મોક્ષનો માર્ગ બતાવવામાં સૌથી વિશિષ્ઠ, સદ્ધર્મ અને વસ્તુનું સ્વરૂપ કહેવામાં ત્રણે લોકમાં એકમાત્ર કુશળ, વિશાળ અર્થવાળો અને સમસ્ત ભાષા, સ્વભાવ પરિણામાદિમાં સહજપણે પરિણમતો આપનો દિવ્ય ધ્વનિ હોય છે. (૩૫)

**પરમાર્થ**:- શ્રી તીર્થંકર પ્રભુ જ્યારે પ્રથમ દેશના ફરમાવે છે ત્યારે સમવસરણમાં આવેલ પશુ પંખી સહિત બારે પ્રકારના જીવાત્માઓ પ્રભુની દેશનાને, ધર્મબોધને પોતપોતાની ભાષામાં જ જાણે સાંભળતા હોય તેમ સમજી શકે છે. આવો અદ્‌ભૂત પ્રભાવ પ્રભુના દિવ્ય ધ્વનિનો રહેલો છે. એવી મહાપ્રભાવિક વાણીને સાંભળવાથી જીવાત્મા જો ચરમ શરીરી હોય તો ગણધર આદિની જેમ તેજ ભવે મોક્ષે જાય અગર હજી ભવ બાકી હોય તો સ્વર્ગે જાય એમ અત્રે પરમાર્થથી કહ્યું છે, તે યોગ્ય જ છે. કેમકે અગાઉ જોયું તેમ પ્રભુને શ્રધ્ધાપૂર્વક સાંભળવાથી જીવ હળુકર્મી જ બને, પછી તેને શુભ ગતિ જ હોય.

અશુભ ગતિના બંધ ટળે એવો મહાન પ્રભાવ પ્રભુના ધ્વનીનો છે. વળી સહુ સાંભળે એક સરખું છતાં દરેકને પોતાની યોગ્યતા પ્રમાણે પરિણમે તેવો પણ તેનો પ્રભાવ છે.

પ્રભુની વાણીના પ્રભાવ વિશે કહે છે:- જીવનરૂપી ખેતરમાં સમકીતરૂપી બોધબીજ વાવીને વીતરાગ વાણીરૂપી જળથી સિંચન કરીએ તો મોક્ષરૂપી ફળની અવશ્ય પ્રાપ્તિ થાય."

(અત્રે અષ્ટ પ્રાતિહાર્યનું કથન પૂરું થયું. શ્રી કલ્યાણ મંદિર સ્તોત્રની ૧૯ થી ૨૬ મી ગાથામાં પણ આનુજ કથન છે.)

**ઉન્નિદ્ર—હેમનવ—પંકજ—પુંજ—કાન્તિ —**
**પર્યુલ્લ સન્નખ — મયૂખ — શિખાભિરામૌ**
**પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર! ધત્તઃ**
**પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયન્તિ ॥૩૬॥**

**અન્વયાર્થ**:-**જિનેન્દ્ર !** (જિનેશ્વર !) **ઉન્નિદ્ર** (ખીલેલા) **હેમ નવ પંકજ પુંજ કાન્તિ** (સોનેરી નવા કમળના પુંજની કાંતિ સમાન) **પરિ** (ચારેકોર) **ઉલ્લસત્** (ઝળહળતા) **નખમયુખ** (નખના કિરણોના) **શિખા** (પ્રકાશ) **અભિરામૌ** (મનોહર) **તવ** (આપના) **પાદૌ** (ચરણકમળ) **યત્ર** (જ્યાં) **પદાનિ** (પગલાં) **ધત્તઃ** (માંડે છે) **તત્ર** (ત્યાં) **વિબુધાઃ** (દેવો) **પદ્માનિ** (પદ્મકમળની) **પરિકલ્પવન્તિ** (રચના કરે છે.) **॥૩૬॥**

**અર્થ**:- નવા ખીલેલા સોનેરી કમળના સમુહની કાન્તિ સમાન, ચારેબાજુ ઝળહળતા નખના કિરણોના

પ્રકાશથી મનોહર, તમારા ચરણો જ્યાં જ્યાં પગલાં માંડે છે. ત્યાં ત્યાં દેવો પદ્મકમળની રચના કરે છે.

**પરમાર્થ**:- આ પણ એક દેવકૃત અતિશય છે. તેથી જૈન ધર્મના પાયારૂપ 'અહિંસા' ધર્મનું સુંદર ઉપમાથી સ્વરૂપ કહ્યું છે.

તીર્થ પ્રવર્તાવ્યા પછી પ્રભુ જ્યારે વિહાર કરે છે, ત્યારે દેવો પ્રભુના ચરણકમળને કઠોર ભૂમિનો સ્પર્શ ન થાય તે માટે પ્રભુના પગલે પગલે અચેત સૂવર્ણ કમળની રચના કરતા જાય છે. આગળનું કમળ રચાતું જાય ને પાછળનું વિલીન થતું જાય તેમ માન્યતા છે.

દેવોના અંતરની ભાવના પ્રભુની પર્યુપાસના કરવાની હોય છે, જ્યારે પ્રભુના અંતરની ભાવના પૃથ્વીકાયના જીવોની – ઉપલક્ષણે જીવમાત્રની દયા પાળવાની હોય છે. અર્થાત્ અહિંસા ધર્મનું પરિપૂર્ણ પાલન કરવાની ભાવના રાખીને જ પ્રભૂ વિચરે છે. સુયગડાંગ સૂત્ર અધ્ય ૧૧ ગાથા ૧૦ માં પણ કહ્યું છે :-

"એવં ખુનાણિણો સારં, જંન હિંસઇ કિંચણં ।
અહિંસા સમયં ચેવ, એતાવત્તં વિયાણિયા ॥૧૦॥

**અર્થ** :- જ્ઞાનીના જ્ઞાનનો સાર એ જ છે કે (એ) કોઈ પણ પ્રાણીની હિંસા ન કરે. એટલું જ જાણવું બસ થશે કે અહિંસા વડે જ સમતા આવે. એ પ્રકારે વિચારીને જ્ઞાની કોઈ પણ જીવને પીડા ન ઉપજાવે.

આવા દયામય અને સમતામય અહિંસા ધર્મનું પાલન કરીને આપણે પણ મોક્ષગામી બનીએ.

ઈત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેન્દ્ર !
ધર્મોપદેશન વિધૌ ન તથા પરસ્ય !
યાદૃક્ પ્રભા દિનકૃત: પ્રહતાન્ધકારા,
તાદૃક્ કુતો ગ્રહ—ગણસ્ય વિકાશિનોઽપિ॥૩૭॥

અન્વયાર્થ:-જિનેન્દ્ર ! ઈત્થં (આ પ્રકારે) **ધર્મ ઉપદેશન વિધૌ** (ધર્મ દેશનાના સમયે) **યથા** (જેવી) **તવ** (આપની) **વિભૂતિ:** વિભૂતિઓ) **અભૂચ** (પ્રગટ થઈ હતી) **તથા** (તેવી) **ન** (નથી) **પરસ્ય** (બીજા કોઈની) **દિનકૃત:** (સૂર્યની) **પ્રભા** (પ્રભા, ઉષા) **યાદૃક** (જેવી રીતે) **પ્રહત અન્ધકારા** (અંધકારને હણે છે. **તાદૃક** (તેવી રીતે) **વિકાસિન:** (વિકસિત થયેલા) **ગ્રહગણસ્ય** (ગહોનો સમુહ) **અપિ** (પણ) **કૃત:** (શું કરી શકે છે) ॥૩૭॥

અર્થ :- હે જિનેન્દ્ર ! આ પ્રમાણે આપની ધર્મ દેશનાના સમયે (ઉપરોક્ત અતિશયોની) વિભુતિઓ પ્રગટ થઈ તેવી બીજા કોઈને થતી નથી. સૂર્યની ઉષા (માત્ર) જે રીતે અંધકારનો નાશ કરે છે, તેમ શું વિકસિત થયેલા ગ્રહોનો સમૂહ પણ કરી શકે છે ?

**પરમાર્થ** :- આકાશમાં રહેલા તારા ને ગ્રહોના સમૂહોનો એકત્રીત પ્રકાશ પણ રાત્રિના અંધકારને દૂર કરી શકતો નથી, પણ સૂર્યની માત્ર ઉષા પ્રગટતા જ જેમ અંધકાર દૂર થાય છે, તેજ ન્યાયે વિશ્વમાં તારા મંડળ સમાન ઓછા જ્ઞાન વાળા તો ઘણાએ મતો રહેલા છે, સિદ્ધાંતમાં અન્યદર્શનીઓના ૩૬૩ મત બતાવ્યા છે, પણ તે કોઈ જીવોના અનાદિના મિથ્યાત્વ અને અજ્ઞાનરૂપી ભાવ અંધકારને સંપૂર્ણપણે દૂર કરવા સમર્થ નથી. પણ

સૂર્યસમાન એકમાત્ર તીર્થંકર પરમાત્માજ તેને પરિપૂર્ણ દૂર કરવા સમર્થ થાય છે. આમ કરીને અતિશયોની ગાથાઓના સુંદર ઉપસંહારરૂપે પ્રભુનુ ને પ્રભુના વીતરાગ માર્ગનું આથી અનન્યપણુ કહ્યું.

દિગંબર આચાર્ય શ્રી સમંતભદ્ર પણ અષ્ટસહસ્ત્રીમાં કહે છે:– ' હે પ્રભુ ! આ બધી અતિશયરૂપી સમૃદ્ધિઓ તો માયાવી પુરૂષોમાં પણ દેખાય છે, તેથી એના પ્રગટવાથી અમે તમને મહાન નથી માનતા પણ આ બધી સમુદ્ધિ પ્રગટતી હોવા છતાં પણ તમે તેનાથી જે રીતે નિર્લેપ રહો છો તેવી આપની વીતરાગ દશાથી અમે આપને સૌથી મહાન માનીએ છીએ."

**ગાથા ૩૮ થી ૪૬** :– આ નવ ગાથામાં કર્મ પ્રકૃતિનું સ્વરૂપ અને સર્વ કર્મો દૂર કરવાનો સચોટ ઉપાય બતાવ્યો છે.

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય. ૩૩માં કર્મનું સ્વરૂપ બતાવતાં વીર પ્રભુ કહે છે:–મુખ્ય કર્મ આઠ છે. તેની કુલ પ્રકૃતિઓ ૧૪૮ છે. તેના મુખ્ય બે ભેદ છે ઘાતી (૨) અઘાતી.

આત્માના ગુણોની ઘાત કરે તે કર્મને " ઘાતી " કહ્યા છે. તે ચાર છે. (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) મોહનીય ને (૪) અંતરાય આ ચારેમાં મોહનીય મુખ્ય છે. તેના વળી બે ભેદ છે (૧) દર્શન મોહનીય જે સમકીતને આવતા રોકે છે અને (૨) ચારિત્ર

મોહનીય જે મોક્ષને રોકે છે. ચારિત્ર મોહનીયના વળી બે ભેદ છે-(૧) કષાય ચારિત્ર મોહનીય ને (૨) નોકષાય ચારિત્ર મોહનીય. આમાં પણ મુખ્યતા કષાયની છે. જે ચાર અનુક્રમે ક્રોધ, માન, માયા અને લોભ કહ્યા છે. તે દરેકના ચચ્ચાર ભાંગા કહ્યા છે. જે મળીને કુલ સોળ થાય. નોકષાય નવ કહ્યા છે. તે કષાયના સહચારી કહ્યા છે, તેથી મુખ્યત્વે તો ચાર મૂળ કષાય ખપી જતાં નવે નોકષાય અને બાકીના ત્રણે ઘાતી કર્મ પર દૂર થઈ જાય છે. અને જીવાત્મા પોતાના નિધાન સમુ કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટાવીને અરિહંત ભગવાન બને છે. તેથી આચાર્યશ્રીએ આ મહાપ્રબળ ચારે કષાયોને કેવી રીતે દૂર કરવા તેનું કથન અકેક કષાયને લઈને ૩૮ થી ૪૧ ગાથા સુધીમાં કર્યું છે. આ ઘાતી કર્મો દેહને સ્પર્શતા નથી તેથી ચારે ગાથાના દૃષ્ટાંતમાં દેહને જરાય ઈજા પહોંચશે નહિ પણ આત્મા સંપૂર્ણ કંપી ઉઠશે.

બાકીના ચાર કર્મ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર જે મુખ્યતાએ દેહને સ્પર્શે છે અને આયુષ્ય હોય ત્યાં સુધી અવશ્ય વેદવા પડે છે, તે ઘાતી કર્મની જેમ જપ તપાદિ સંયમની આરાધનાથી પણ દૂર થતા નથી, તેથી તેને "અઘાતી કહ્યા છે, તેમ છતાં ઘાતી કર્મ ખપી જતાં, તે ચારે શક્તિહીન બની જાય છે. અર્થાત્ હવે જીવાત્માને નવા કર્મ બંધાવી સંસાર ચક્રમાં રખડાવવામાં સમર્થ થતા નથી. તેમાં સ્થિતિની અપેક્ષાએ

આયુષ્ય કર્મ મુખ્ય છે. જ્યારે શાતા અશાતાની અપેક્ષાએ વેદનીય મુખ્ય છે. તે વેદનીયનું સ્વરૂપ હવે પછીની પાંચ ગાથામાં ૪૨ થી ૪૬ સુધીમાં બતાવીને તે દરેક ગાથામાં શરીરને કષ્ટ ભોગવાવીને "પ્રભુના સ્મરણથી" તે પીડા અવશ્ય દૂર થાય તેમ કહીને પરમાર્થથી આઠે કર્મ કેમ ખપાવવા તે કહ્યું છે.

**શ્ચ્યોતન્ મદાવિલ-વિલોલ-કપોલ-મૂલ-**
**મત્તભ્રમદ્-ભ્રમરનાદ-વિવૃદ્ધ કોપમ્ ।**
**ઐરાવતાભમિભમુદ્ધતમાપતન્તં**
**દૃષ્ટ્વા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્ ॥૩૮॥**

**અન્વયાર્થ:** – **શ્ચ્યોતન્** (ઝરવાથી) **મદ આવિલ** (મદથી મલિન) **વિલોલ** (ડોલતો) **કપોલ મૂલ** (ગંડસ્થળ) **મત્ત** (ઉન્મત) **ભ્રમદ્** (ભમી રહેલા) **ભ્રમર** (ભમરો) **નાદ** (ગુંજારવ) **વિવૃદ્ધ** (વધેલો) **કોપં** (ક્રોધ) **ઐરાવતા** (હાથી) **ભમ્** (સરખો) **ઉદ્ધતં** (નિરંકુશ) **આપતન્ત** (સામે ધસી આવતા) **ઈભં** (હાથીને) **દૃષ્ટ્વા** (જોઈને) **ભવત્** (આપના) **આશ્રિતાનાં** (આશ્રિતોને) **ભયં** (ભય) **નો ભવતિ** (પામતા નથી). ॥૩૮॥

**અર્થ** :–ઝરતા મદથી ખરડાયેલો તથા ડોલી રહેલા ગંડસ્થળ પર ભમી રહેલા મસ્ત ભ્રમરોના ગુંજારવ વડે જેનો કોપ અત્યંત વૃદ્ધિ પામ્યો છે એવા ઐરાવત સરખા હાથીને સામે ધસી આવતા જોઈને પણ તમારા આશ્રિતજનો ભય પામતા નથી.

**પરમાર્થ** :- જૈન દર્શનમાં બાહુબલિજીના દષ્ટાંતે હાથીને "માન"નું પ્રતિક ગણેલ છે તેથી અત્રે હાથીના દષ્ટાંતે "માન" ને કેમ જીતવું તે કહ્યું છે. જો કે કષાયના અનુક્રમમાં "માન" બીજું છે, અને જૈન સિદ્ધાંતમાં અનુક્રમનું ખાસ મહત્વ કહ્યું છે. કારણકે ખાસ હેતુ વગર અનુક્રમમાં ફેરફાર કરવાથી વીતરાગ વાણીની આશાતના થાય. તેમ છતાં **"મનુષ્ય પર્યાયમાં માન વિશેષ હોય છે"** ને રાજા ભોજને પણ પહેલાં માન આવ્યું છે તેથી માનકષાયને પ્રથમ લીધો છે.

ભોજરાજાને ઐરાવત હાથીની, કુબુદ્ધિવાળા દરબારીઓને કાળા ભમરાની ને પોતાના માટે આચાર્યશ્રીએ પ્રભુના આશ્રિતની સાર્થક ઉપમાઓ આપી છે.

હાથીઓમાં 'ઐરાવત' શ્રેષ્ટ ને જાતવંત છે, તેમ ભોજરાજા રાજાઓમાં શ્રેષ્ટ ને ગુણવંત છે : તેથી ગુરૂ પધાર્યા જાણી દર્શને જવાના ભાવ થયા છે. તેવો કુલિન હાથી પણ મદમાં આવે ત્યારે ભાન ભૂલી જાય છે, તે જ પ્રમાણે મુની રાજસભામાં ન પધારવાથી રાજાને પણ માન આવ્યું છે ને વિનય ભુલ્યો છે; વળી ગાંડા બનેલા હાથીના કાનમાં કાળા ભમરાઓ ગુંજારવ કરે છે તેથી હાથી વધુ કોપે છે ને જે કોઈ સામે આવે તેની સામે ધસી જાય છે. તે પ્રમાણે બદ ઈરાદાવાળા દરબારીઓએ પણ રાજાના કાન ભંભેર્યા છે તેથી રાજા અતિ ક્રોધે ભરાઈ આચાર્યશ્રી પર જાણે ધસી ગયો છે ને દર્શનાતુર એવો રાજા, મુનિને જંજિરો ને તાળાથી જકડી જેલની અંધારી કોટડીમાં પુરવાની

આજ્ઞા કરીને રાજમહેલે ચાલ્યો જાય છે. તેવી દેખીતી અસહાય સ્થિતિમાં પણ જો કોઈ શુદ્ધ ભાવથી પ્રભુનું નામ સ્મરણ કરી તેમનો આશ્રય લે છે, તો મદમાતો હાથી પણ શાંત બની જાય છે, ને સામેની વ્યક્તિ નિર્ભય બનીને પોતાના સ્વસ્થાને હેમખેમ પહોંચી જાય છે, તેવી શ્રદ્ધા આચાર્યશ્રી આપણને આ પ્રસંગથી જ એક પણ શબ્દ ઉપદેશનો કહ્યા વગર અગર તો પોતાના વીતરાગ પ્રણીત સંયમ માર્ગેથી જરાપણ ચલિત થયા વગર બતાવે છે. આવો કઠીન ઉપસર્ગ (ભય) આવવા છતાં આચાર્યશ્રી તો પોતાના કલ્પ પ્રમાણે ધ્યાનમાં સ્થીર રહે છે. ને બીજા દિવસે પ્રભાતે પ્રતિક્રમણ કરીને પ્રભુનું આ રૂડું સ્તવન પોતે રચતા જાય છે ને પોતાના કંઠથી ગાતા જાય છે જેના પ્રભાવથી ભોજ રાજા ને પ્રજાની હાજરીમાંજ આચાર્યશ્રીની જંજિરો ફટાફટ તૂટી જાય છે. જેથી રાજા કે જે અત્યારસુધી મુનિને ભય પમાડવા મથી રહ્યો હતો, તે પોતે ભયભીત બનીને, મુનિશ્રીના ચરણમાં નમી પડે છે; ને મુનિશ્રી નિર્ભય બનીને રાજાની કશી રોકટોક વગર વિહાર કરીને હેમખેમ સ્વસ્થાને ચાલ્યા જાય છે.

"માનકષાયને જીતવાથી આત્મામાં નમ્રતાનો ગુણ પ્રગટે છે."

**ભિન્નેભ કુમ્ભગલદુજ્જવલ–શોણિતાક્ત–**
**મુક્તાફલ – પ્રકરભૂષિત – ભૂમિભાગ:–**
**બદ્ધક્રમ: ક્રમગતં હરિણાધિપોઽપિ,**
**નાક્રામતિ ક્રમયુગાચલ – સંશ્રિતં તે ॥૩૯॥**

**અન્વયાર્થ** :– **ભિન્ન** (ભેદાયેલા) **ઇભ** (હાથી) **કુમ્ભ** (ગંડસ્થળ) **ગલત્** (ઝરતા) **ઉજ્જવલ** (શ્વેત, ધોળા) **શોણિત** (લોહી) **અક્ત** (ખરડાયેલા) **મુક્તાફલ** (મોતીઓના) **પ્રકર** (સમૂહ) **ભુષિત** (શોભિતા) **ભુમિભાગઃ** (ભુમિભાગ) **બદ્ધક્રમઃ** (છલાંગ મારવાને તૈયાર) **હરિણ અધિપઃ** (હરણનો અધિપતિ, સિંહ) **અપિ** (પણ) **ક્રમગતં** (પંજામાં આવેલ) **તે** (આપના) **ક્રમયુગ** (ચરણ યુગલ) **અચલ** (પર્વત) **સંશ્રિતં** (રૂડા ભાવથી આશ્રય લે છે) **ન આક્રામતિ** (આક્રમણ કરી શકતો નથી). **॥૩૯॥**

**અર્થ** :– હાથીના કુંભસ્થળને ભેદીને તેમાંથી પડતા લોહીથી ખરડાયેલા શ્વેત મોતીના સમુહ વડે જેણે પૃથ્વીના ભાગને વિભૂષિત કરેલ છે એવા છલંગ મારીને આવતા સિંહની ફાળમાં આવેલ જન પણ જો આપણા ચરણ યુગલરૂપી પર્વતનો આશ્રય લે છે તો સિંહ પણ તેના પર આક્રમણ કરી શકતો નથી.

**પરમાર્થ** –અત્રે પહેલાં "ક્રોધ" કષાયનું સ્વરૂપ બતાવ્યું છે. "રાજાને" કેસરી સિંહની ઉપમા આપી છે. રાજા પોતાનું અહમ ઘવાવાથી બરાબરનો કોપાયમાન બન્યો છે તેથી સારાસારનું ભાન ભૂલી ઉજ્જવળ મોતી સરખા પવિત્ર આચાર્યશ્રીના સદ્દુપદેશનો લાભ લેવાને બદલે તેમને કારાગૃહમાં પૂરીને પોતેય લાભ લેતો નથી અને અન્યને પણ લેવા દેતો નથી. તે સિંહ જેમ હાથીનું કપાળ ચીરીને અમુલ્ય મોતીઓ કે જે ભુમિને પણ શોભાવે તેવા કિંમતી છે. તેને પોતે પણ ઉપયોગમાં લેતો નથી અને લોહીવાળા કરીને ધુળમાં રગદોળી નાખે છે; જેથી અન્યના ઉપયોગમાં

પણ આવે નહિ. આ પ્રમાણે રાજા પણ સિંહની જેમ ક્રોધના લીધે વિવેક સદંતર ભૂલ્યો છે.

વિવેક અને ક્રોધ સહચારી નથી. એક હોય ત્યાં બીજો ન જ હોય. આવી વિવેકસંપન્નતા નિરંતર આપણામાં રહે અને ક્રોધનો કદાપિ ઉદય ન થાય તે માટે શું કરવું? આચાર્યશ્રી કહે છે પ્રભુના ચરણોનું શરણુ લો. તેથી ભોજરાજા જેમ નમી પડયો તેમ કર્મરાજા પણ નમી પડશે.

**"ક્રોધ દૂર થવાથી અંતરમાં ક્ષમા-ગુણ પ્રગટે છે જેથી પરમ શાંતિ અનુભવાય છે."**

કલ્પાન્તકાલ - પવનોદ્ધત - વહ્નિકલ્પં,
દાવાનલં જ્વલિત મુજ્જવલમુત્સ્ફુલિંગમ્
વિશ્વં જિઘત્સુમિવ સન્મુખમાપતન્તં
ત્વન્નામ-કીર્તનજલં સમયત્યશેષમ્ ॥૪૦॥

**અન્વયાર્થ :-** **કલ્પાન્તકાલ** (પ્રલયકાળ) **પવન ઉદ્ધત** (પવનથી અતિ ઉગ્ર બનેલા) **વહ્નિનકલ્પં** (અગ્નિ સરખો) **જ્વલિતં** (ધખકતો) **ઉજ્જવલં** (ધુમાડા વગરનો ઉજ્જવળ) **ઉત્સ્ફુલિંગં** (ઊંચે ચીનગારીઓ ઉડાડતો) **વિશ્વં** (વિશ્વને) **જિઘત્સુ** (ભરખી જવા તત્પર બનેલો) **ઈવ** (તેવો) **સન્મુખં** (સામે) **આપતન્ત દાવાનલં** (ધસી આવતો દાવાનળ) **ત્વત્** (આપના) **નામ કિર્તન જલં** (નામ કીર્તન રૂપી જળ) **અશેષં** (સંપૂર્ણ) **શમયતિ** (શાંત કરી દે છે). ॥૪૦॥

**અર્થ :-** પ્રલયકાળના પવનથી અતિ ઉગ્ર બનેલા અગ્નિની

જેમ અતિ પ્રજ્વલિત થયેલો, ઉજ્જવળ, ઊંચે જવાળા ફેલાવતો તથા તણખા ઉડાડતો અને જાણે આખાયે વિશ્વને ભરખી જવા તત્પર બનેલો હોય તેવો દાવાનળ સામે ધસી આવતો હોય તોપણ આપનું **નામ-કીર્તન રૂપી જળ** તેને સંપૂર્ણ રીતે શાંત કરી દે છે." (૪૦)

**પરમાર્થ**-: અત્રે "દાવાનળ"નું દષ્ટાંત આપીને ત્રીજા "માયા' કષાયનું વ્યાપક સ્વરૂપ બતાવ્યું છે. માયાનો પાર પોતાના આત્મા સિવાય બીજું કોઇ પામી શકતું નથી. તે વિનયરત્ન મુની, તેમના ગુરૂ અને કોણિકપુત્ર રાજા ઉદાયનના દષ્ટાંતે. તેથીજ શ્રીમદે પણ "**માયા પ્રત્યે માયા સાક્ષી ભાવના કહી છે.**" આવી માયા પ્રથમ કોઈ દ્વેષીલા રાજદરબારીના અંતરમાં અત્રે પ્રગટી છે અને પછી તે માયા રાજા સહિત સારાયે ધારાનગરીને વ્યાપિ જાય છે. તે એક તણખામાંથી દાવાનળ બને છે તે ન્યાયે. તેથી રાજા દાવાનળ સરખો બનેલો છે. અને વાયુના સુસવાટા તે દરબારીઓની ભંભેરણીઓ ને પ્રભુકીર્તન કરનાર તે આચાર્યશ્રી પોતે, જે આવી કસોટીમાંય સમતાભાવથી જરાય ડગતા નથી ને અતુટ શ્રદ્ધાથી પ્રભુ કિર્તન કરે છે તો દાવાનળ સરિખો કોપેલો રાજા પણ સર્વાંશે શાંત થઈ જઈ આચાર્યશ્રીના ચરણોમાં ઝુકી જાય છે, આવા પ્રભુકીર્તનથી જીવોના બાહ્ય અને અભ્યંતર બંને તાપ શમી જાય છે.

**"માયાને તજવાથી સરળતાનો ગુણ પ્રગટે છે."**

રકતેક્ષણં સમદકોકિલકંઠનીલં
ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણમાપતન્તમ્ ।
આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક
સ્ત્વન્નામનાગદમની હૃદિ યસ્ય પુંસઃ ॥૪૧॥

**અન્વયાર્થ :-** **યસ્ય** (જે) **પુંસઃ** (પુરૂષના) **હૃદિ** (હૃદયમાં) **ત્વત્** (આપના) **નામ** (નામરૂપી) **નાગદમની** (નાગદમની) **(સઃ)** (તે) **રકત-ઈક્ષણં** (લાલચોળ આંખોવાળા) **સમદ** (મદોન્મત) **કોકિલ કંઠ નીલં** (કોકિલ પક્ષીના કંઠ જેવા કાળા ભમ્મર) **ક્રોધ ઉદ્ધતં** (ક્રોધથી ઉન્મત) **આપતન્તં** **ઉત્ફણં** (ઊંચી ફેણ-વાળા) **ફણિનં** (સર્પને) **ક્રમયુગેન** (બે પગ વડે) **નિરસ્તશંકઃ** (શંકા (ભય) વગર) **આક્રામતિ** (ઓળંગી જાય છે). ॥૪૧॥

**અર્થ :-** જે પુરૂષના હૃદયમાં તમારા નામરૂપી નાગ-દમની રહેલી છે તે પુરૂષ શંકા (ભય) રહિતપણે, લાલ આંખોવાળા, મદોન્મત્ત, કોકિલ પક્ષીના કંઠ જેવા કાળા, ક્રોધથી ઉધ્ધત બનેલા સામે ધસી આવતા ઊંચી ફેણવાળા સર્પને પણ પોતાના બંને પગો વડે ઓળંગી જાય છે. (૪૧)

**પરમાર્થ :-** આ ગાથામાં સર્પના દષ્ટાંતે "લોભ કષાય"નું સ્વરૂપ કહ્યું છે. લોભી મરીને સર્પયોનીમાં જાય છે તે તો જગપ્રસિદ્ધ હકીકત છે. સર્પ બનીને પણ તે લોભી ધનનું રક્ષણ કરે છે, કોઈને વાપરવા દેતો નથી. તે રીતે રાજા પણ સર્પ સમાન બન્યો છે. આચાર્યશ્રી નિધાન સમા છે. રાજા જાણે તેમને કારાગ્રહમાં પૂરી માત્ર તેમની રખેવાળી કરે છે, ચમત્કાર જોવાના લોભના કારણે બીજા કોઈને પણ ગુરૂનો લાભ લેવા દેતો નથી.

સર્પની બંને આંખો લાલઘુમ બનેલી હોય છે ને કાંઠલો કાળો હોય છે. તે બે આંખો એટલે મિથ્યાત્વ અને અજ્ઞાન, તે જ્યારે જીવાત્માને ગાઢીરીતે ઘેરી વળે છે, ત્યારે તે કાળી ઘોર કૃષ્ણ લેશ્યાને જ પામે છે. અને તેથી જીવ નરકનો જ વાસી બને છે. ભોજ રાજાની દશા પણ એવીજ બની છે. મિથ્યાત્વ અને અજ્ઞાન ઘેરી વળ્યું છે, તેથી ક્રોધથી બંને આંખો લાલ બની છે, તેવા રાજાએ ચમત્કાર જોવાના લોભને વશ બની વગર વાંકે આચાર્યશ્રીને સજા કરી છે, તેમ છતાં આચાર્યશ્રી તો સમભાવમાં રહી પોતાના સાધુપણાના આચારને જરાય દૂષિત કર્યા વગર પ્રભુનામસ્મરણથી પોતાના બંધનને દૂર કરે છે, એટલું જ નહિ પણ રાજાના અજ્ઞાન અને મિથ્યાત્વને દૂર કરી પ્રભુ ભકિતનું માહાત્મ્ય વગર ઉપદેશે જાણે સમજાવે છે. અને ચમત્કારના લોભને વશ ન થતા પ્રભુસ્મરણ કરીને ઉદયમાં આવેલા લોભને જીતવાનું રાજા ભોજને અને પરમાર્થથી આપણને સહુને સુચવે છે.

**"લોભને જીતવાથી સંતોષ ગુણ પ્રગટે છે."**

ગાથા – ૩૮ થી ૪૧ – સમન્વય :-

આ ચારે ગાથાના દૃષ્ટાંતોથી આપણે જોશું કે હાથી વિગેરેના ભયથી આત્માના પ્રદેશો થરથરી ઉઠશે. પણ તેવા કસોટીના સમયે પ્રભુનામનો આશ્રય લેવાથી તે બધા ભયો દૂર થંભી જશે એટલે કે કંપી ઉઠવા છતાં સાધકના શરીરને જરાપણ ઈજા પહોંચતી નથી,

અને સાધક પોતાના નિર્ધારીત લક્ષો સરળતાથી પહોંચી જાય છે. પરમાર્થથી ચારે ઘાતી કર્મનું સ્વરૂપ આથી કહ્યું છે. તે ઘાતી કર્મ આત્માના ગુણની ઘાત કરે છે પણ દેહને સ્પર્શતા નથી. અને એક જ વ્યક્તિને સ્પર્શે છે, સમુહને નહિ. તેથી અત્રે દષ્ટાંતમાં પણ અકેક ભય બતાવ્યો છે ને દરેક ભય માટે એકવચનનો ઉપયોગ કર્યો છે. ઘાતી કર્મ આમ દેખીતા પ્રબળ છે છતાં તેવા પ્રબળ કર્મોને પણ જપ તપથી દૂર કરી શકાય છે; ને સદેહે ઘાતી કર્મોથી મુક્ત બની શકાય છે.

ચારે કષાયોમાં ક્રોધ ભોળો છે. તે આત્મપ્રદેશોને તરત આવરી લે છે ને તરત જણાઈ આવે છે, માન તેનાથી સુક્ષ્મ છે; તુરત જણાઈ ન આવે પણ વિશેષ પ્રયત્ને જણાય તો ખરૂં જ. વળી તે બંને સ્વલક્ષી છે. પોતાને થાય છે. તેથી સામી વ્યક્તિને અસર થાય કે ન પણ થાય પણ પોતાને તો તરત જ નુકશાન પહોંચાડે છે. માયા, ક્રોધ, અને માનથી પણ સુક્ષ્મ છે. વિશેષ પ્રયાસથી પણ જાણી શકાય નહીં. અતિ ગાઢ માયાવીને તો જ્ઞાની પરમાત્મા કે તેના પોતાના અંતરાત્મા સિવાય બીજું કોઈ પામી શકે નહિ. તે પરલક્ષી છે ને સર્વવ્યાપિ છે. પોતે પોતાની સાથે માયા ન કરે પણ અન્યને લક્ષમાં રાખીને કરે તેથી પરલક્ષી ને માયાવી સારાએ જગતની આંખમાં ધૂળ નાખી શકે તેથી સર્વ વ્યાપી. જ્યારે લોભ સ્વ અને પર બંનેને લક્ષમાં રાખીને થાય છે. લોભી

પોતાની જાતને માટે પણ લોભ કરે અને અન્ય માટે પણ, તેથી જ તેને "**સવ્વવિનાશણો**" કહ્યો છે. કર્મગ્રંથ કહે છે કે આ દરેકના દલિકો (કર્મ–પુદ્ગળો) એકેક કરતા વધારે ને વધારે સૂક્ષ્મ થતા જાય છે. આ બધા કર્મ દલિકોનો આત્માને ખરેખર ભાર લાગે છે. શુદ્ધ આત્મા જ્યારે આ બધા દલિકોથી મુક્ત બની જાય છે ત્યારે ખરેખર હળવોફુલ બનીને પોતાનું '**અગુરૂલઘુ**' સ્વરૂપ પ્રગટાવે છે. ( જુઓ પુચ્છિસ્સુણં–ગાથા ૨૬ )

આ ચારે કષાયની દશવૈકાલિક સૂત્ર અ. ૮ ગાથા ૩૮ છે. તેમાં તેના લક્ષણ કહ્યા છે. તેને કેમ જીતવા તે ગાથા ૩૯માં કહ્યું છે :–

**કોહો પીઇ પણાસેઇ, માણો વિણયનાસણો ।**
**માયા મિત્તાણિ નાસેઇ, લોહો સવ્વવિણાસણો ॥ ૩૮ ॥**

**અર્થ**: ક્રોધ પ્રીતિનો, માન વિનયનો, માયા મિત્રતાનો ને લોભ તો સર્વનો નાશ કરે છે.

**ઉવસમેણ હણે કોહં, માણં મદ્દવયા જીણે ।**
**માયમજ્જવભાવેણ, લોભં સંતોષઓ જિણે ॥ ૩૯ ॥**

**અર્થ** : ક્રોધને ઉપશમ એટલે સમતાથી, માનને મૃદુતાથી, માયાને સરળતાથી અને લોભને સંતોષથી જીતો.

**વલ્ગત્ - તુરંગ - ગજ-ગર્જિત - ભીમનાદ**
**માજૌ બલં બલવતામપિ ભૂપતીનામ્ ।**

ઉદ્યદ્ દિવાકર - મયૂખશિખાપવિદ્ધં,
ત્વત્કીર્તનાત્તમ ઇવાશુ ભિદામુપૈતિ ॥૪૨॥

**અન્વયાર્થ :-** વલ્ગત્ (ઉછળતા) તુરંગ (ઘોડા) ગજગર્જિત (હાથીઓની ગર્જના વડે) **ભીમનાદં** (ભયંકર અવાજ) **આજૌ** (યુદ્ધમાં) **બલવતાં** (બળવાન) **ભુપતિનાં** (રાજાઓની) **બલં** (સેના) **અપિ** (પણ) **ઉદ્યત્** (ઉગતા) **દિવાકર** (સૂર્ય) **મયુખ** (કિરણ) **શિખા** (અગ્રભાગ) **અપવિદ્ધં** (વિંધેલા) **તમ:** (અંધકાર) **ઈવ** (જેમ) **ત્વત્** (આપના) **કીર્તનાત્** (કીર્તનથી) **આશુ** (શીઘ્ર) **ભિદાં** (નાશને) **ઉપૈતિ** (પામે છે.) ॥૪૨॥

**અર્થ :-** જેમાં ઉછળી રહેલા ઘોડા અને હાથીઓની ગર્જનાઓ વડે ભયંકર અવાજ થઈ રહ્યો છે, એવા યુદ્ધમાં બળવાન રાજાઓની સેના પણ ઉદય પામી રહેલ સૂર્યના કિરણોના અગ્રભાગ વડે અંધકાર નાશ પામે તેમ તમારા નામ સ્મરણરૂપી કીર્તનથી શીઘ્ર નાશ પામે છે.

કુન્તાગ્રભિન્નગજ - શોણિત વારિવાહ-
વેગાવતાર - તરણાતુર યોધભીમે ।
યુદ્ધે જયં વિજિત દુર્જયજેયપક્ષાસ્-
ત્વત્પાદ પંકજ - વનાશ્રયિણો લભન્તે ॥૪૩॥

**અન્વયાર્થ :-** **કુન્ત** (ભાલા) **અગ્ર** (અણી) **ભિન્ન** (ભેદાયેલા) **ગજ** (હાથી) **શોણિત** (લોહી) **વારિવાહ** જળ-પ્રવાહ) **વેગ અવતાર** (ઝડપથી ઉતરીને) **તરણ આતુર** (તરવાને આતુર) **યોધભીમે** (યોદ્ધાઓથી ભયંકર બનેલ) **યુદ્ધે** (યુદ્ધમાં) **ત્વત્** (આપના) **પાદ પંકજ વન** (ચરણકમળરૂપી વનનો)

**આશ્રયિણ:** (આશ્રય લેનાર) **વિજિત** (જીતી લઈને) **દુર્જય જેય પક્ષઃ** (દુર્જય જે પક્ષ છે) **જયં** (જય) **લભન્તે** પામે છે.) ॥૪૩॥

**અર્થ:**– ભાલાની અણીથી વિંધાયેલા હાથીઓના લોહીરૂપ જળપ્રવાહમાં ઝડપથી ઉતરીને તરવાને આતુર એવા સુભટોથી ભયંકર બનેલ યુદ્ધમાં પણ જેઓ તમારા ચરણકમળ રૂપી વનનો આશ્રય લે છે તેઓ દુર્જય શત્રુ પક્ષને જીતી લઈને વિજયને પામે છે. (૪૩)

**અર્થ** :-( ૪૨-૪૩ ) :– આ બે ગાથામાં ભીષણ યુદ્ધોના દૃષ્ટાંતે **જડ અને ચેતન** વચ્ચે અનાદિ કાળથી ચાલી રહેલા સંસાર સંગ્રામનું સ્વરૂપ બતાવ્યું છે. આત્મા તે ચેતન છે; જ્ઞાનસ્વરૂપી છે; અજર, અમર, અવિનાશી, અરૂપી, અશરીરી જીવ તત્ત્વ છે; અને જ્યાં સુધી સર્વ કર્મનો નાશ કરી મોક્ષ ન પામે ત્યાંસુધી મોહનીયકર્મની પ્રબળતાને લીધે જુદા જુદા દેહ ધારણ કરી ચાર ગતિને ચોરાસી લાખ જીવાયોની રૂપ સંસારમાં ભમ્યા કરે છે; અને દેહના સંયોગ સંબંધે કરીને દેહમાં રહેવું પડે છે. દેહ જડ છે; પુદ્ગલ પરમાણુનો બનેલો છે અને રૂપી છે. અને આત્માથી તદ્દન ભિન્ન તેનું સ્વરુપ છે; છતાં આત્મા તેમાં વસે છે, ત્યાંસુધી જીવ સરખો ચેતનમય દેખાય છે. અને મોહરાજાની ખુબી એ છે કે બીજા તો ઠીક પણ આત્મા પોતે દેહ તે "હું" આત્મા જ છું એમ અજ્ઞાનદશાને લીધે માને છે, તેથી જ શ્રીમદ્ રાજચંદ્રે આત્મસિદ્ધિમાં કહ્યું છે કે આત્મા પોતે પોતાના સ્વરૂપની

શંકા કરીને દેહનેજ પોતાનું સ્વરૂપ માને છે તે મોટું આશ્ચર્ય છે. આ ભ્રમ દર્શનમોહનીય કર્મ કરાવે છે, તેથી આત્મા પોતાના ક્ષમાદિ સ્વાભાવિક ગુણોને ભુલી, દેહાસક્ત બને છે અને રાગદ્વેષ, વિષય કષાયાદિમાં સમ્યક્‌દૃષ્ટિ ન આવે ત્યાંસુધી નિરંતર પ્રવૃત્તિ કરી નવા નવા કર્મ બાંધે છે. અને અનંતો સંસાર ઊભો કરે છે. જ્ઞાનીઓએ આને આત્માના સ્વાભાવિક ગુણો અને વૈભાવિક કર્મ પ્રકૃતિઓ વચ્ચેનો અનાદિ કાળનો ચાલી રહેલો સંગ્રામ કહ્યો છે.

૪૨મી ગાથામાં રાગદ્વેષ રૂપી પ્રબળ રાજાઓની સેના વચ્ચે નિર્દોષ સ્વભાવી આત્મા ફસાઈ જાય છે અને બંને બાજુના પ્રહાર તેના પર પડે છે ત્યારે જો પ્રભુ કિર્તનનો આશ્રય લે છે, તો તેવી ખુંખાર સેનાઓ વચ્ચેથી પણ સ્વસ્થપણે પોતે નીકળી જાય છે અને ૪૩મી ગાથામાં મોહરાજાની આ સેનાને દુર્જય કહી, પણ અજેય ન કહી તેમાં પણ હેતુ એ છે કે મોહરાજા જીતવા દુષ્કર અવશ્ય છે, પણ અજેય નથી. અજેય હોત તો તો કોઈ જીવ મોક્ષ પામત જ નહિ. એવા દુર્જય મોહરાજાને પણ હારવાની અણી પર આવેલો સાધક આત્મા પ્રભુચરણનું શરણ લેવાથી જીતી જાય છે અને સંસાર સંગ્રામનો, દેહને કષ્ટ તો પડે છતાં, અંત લાવે છે તેમ કહ્યું તે શ્રી બાહુબલિજીના દ્રષ્ટાંતે.

અમ્ભોનિધૌ ક્ષુભિત ભીષણ નક્રચક્ર,
પાઠીન–પીઠ–ભયદોલ્બણ – વાડવાગ્નૌ ।
રંગ–ત્તરંગ–શિખર–સ્થિત–યાનપાત્રા–
સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજન્તિ ॥૪૪॥

**અન્વયાર્થ** :– **ક્ષુભિત** (ક્ષુબ્ધ) **ભીષણ** (ભયંકર) **નક્રચક્ર** (મગરમચ્છ વગેરે) **પાઠીન-પીઠ** (પાઠીન ને પીઠ નામના મહામત્સ્યો) **ભયદ્** (ભય દેનારી) **ઉલ્બણ** (ભભૂકતી) **વાડવાગ્નૌ** (વડવાગ્નિ) **અમ્ભોનિધૌ** (સમુદ્રમાં) **રંગત્** (ઉછળતા) **તરંગ** (મોજા) **શિખર સ્થિત** (ટોચ પર રહેલા) **યાન** (વહાણ) **પાત્રાઃ** (મુસાફરો) **ભવતઃ** (આપના) **સ્મરણાત્** (નામ સ્મરણથી) **ત્રાસં** (ત્રાસને) **વિહાય** (છોડીને) **વ્રજન્તિ** (પહોંચી જાય છે.) ॥૪૪॥

**અર્થ** :–ભયંકર નક્રચક્રાદિ મગરમચ્છો, પાઠીન અને પીઠ નામના મહામત્સ્યો અને ભયંકર રીતે બળતા વડવાનલના કારણે ક્ષુબ્ધ બનેલા મહાસાગરના ઉછળતા મોજાઓના શિખર પર રહેલા વહાણના પ્રવાસીઓ પણ તમારા નામ-સ્મરણથી ડુબી મરવાના ભયનો ત્યાગ કરી સહીસલામત સ્વસ્થાને પહોંચી જાય છે.

**પરમાર્થ** :–અત્રે સંસારના ભૌતિક સુખો છે તે નક્રચક્રાદિ મગરમચ્છો છે, સંસારની ગતિઓ તે સમુદ્ર છે; દેહરૂપી નાવ છે, મનરૂપી ઉછળતા મોજાઓ છે. અને આત્મારૂપી યાત્રિક અનંતના પ્રવાસે નીકળેલો છે. '**અનંત**' તે મોક્ષધામ છે સંસારસમુદ્રને ઓળંગતા આત્મા જો કે પર્વત જેવડા દારૂણ કષ્ટોમાં ધકેલાય છે તો પણ જે

જીવાત્મા પ્રભુને માત્ર યાદ કરે છે તે હેમખેમ પોતે નિર્ધારેલ સ્થાને–મોક્ષધામે પહોંચી જાય છે. ટુંકમાં સંસારના ભૌતિક સુખો વચ્ચે રહેવા છતાં પણ **જે સદા પ્રભુનું સ્મરણ કરે છે તે પોતે પ્રભુ બની જાય છે.**

આ ભાવની ગાથા શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના 'કેશી-ગોતમિય' નામે ૨૩મા અધ્યયનની ૭૩મી છે. :–

**સરીરમાહુ નાવત્તિ. જીવો વુચ્ચઇ નાવિઓ ।**
**સંસારો અણ્ણવો વુત્તો, જં તરન્તિ મહેસિણો ॥**

**અર્થ** :–આ શરીર નાવ છે, જીવ–નાવિક છે, સંસાર સમુદ્ર છે જેને મહર્ષિઓ તરી જાય છે."

દેહરૂપી નાવ તો માનવભવમાં સહૂને સરખી મળે છે, પણ મહાત્માઓ તે નાવને પ્રાપ્ત કરી સંસાર સાગરને તરી જાય છે, પરમાત્મા બની જાય છે, અને આપણે? વિચારો.

**ઉદ્‌ભૂત – ભીષણ – જલોદર – ભારભુગ્નાઃ**
**શોચ્યાં દશામુપગતાશ્ચ્યુત જીવિતાશાઃ ।**
**ત્વદ્‌પાદ – પંકજ રજોઽમૃત દિગ્ધ દેહા,**
**મર્ત્યા ભવન્તિ મકરધ્વજ તુલ્યરૂપાઃ ॥૪૫॥**

**અન્વયાર્થ** :- **ઉદ્‌ભૂત** (થવાથી) **ભીષણ જલોદર ભારભુગ્નાઃ** (ભારથી વાંકા વળેલા) **શોચ્યાં** (શોચનીય) **દશાં** (દશાને) **ઉપગતાઃ** (પામ્યા છે) **ચ્યુત** (છોડી છે) **જીવિત** (જીવવાની) **આશાઃ** (આશા) **મર્ત્યાઃ** (મનુષ્યો) **ત્વત્** (આપના)

**પાદ પંકજ** (ચરણકમળ) **રજઃ અમૃત** (રજરૂપી અમૃત) **દિગ્ધ દેહા** (શરીરે લેપ કરવાથી) **મકરધ્વજ** (કામદેવ) **તુલ્ય** (સરખા) **રૂપાઃ** (રૂપવંત) **ભવન્તિ** (થાય છે.) **॥૪૫॥**

**અર્થ** :- જેઓ જલોદરના ભીષણ રોગના ભારથી વાંકા વળી ગયા છે, જે શોચનીય દશાને પામ્યા છે, અને જીવવાની આશા જેમણે તજી દીધી છે એવા અસાધ્ય રોગના દર્દી પણ આપના ચરણકમળની રજરૂપી અમૃતથી પોતાના શરીરને લેપ કરે છે, તો કામદેવ સરખા અત્યંત રૂપવંત થાય છે. (૪૫)

**પરમાર્થ** :- અત્રે ખરેખર અશાતા વેદનીય કર્મનું સ્વરૂપ રોગીના દૃષ્ટાંતે કહ્યું છે.

રોગમાત્ર દુઃખદાયી છે, ને દેહને પીડા ઉપજાવે છે. પણ તેમાંયે જલોદર તો ખૂબ દુઃખદાયી છે, વેદનાથી પીડા આપે છે ને શરીરના અંગો પેટના પાણીના ભારથી વળી જાય છે તેથી શરીર વિકૃત પણ બની જાય છે. તે જ પ્રમાણે કર્મમાત્ર દુઃખદાયી છે, પણ તેમાંય વેદનીય કર્મના ઉદયના લીધે મૃત્યુ નજીક આવેલો રોગી પણ જો પ્રભુ નામરૂપી લેપ પોતાના શરીરે કરે છે તો તેનો રોગ તો મટી જાય છે એટલું જ નહિ પણ કામદેવ સરખું રૂપાળું તેનું શરીર બની જાય છે અર્થાત્ શરીરની વિકૃતિ ને બીમારી બન્ને મટી જાય છે. તેજ પ્રમાણે આ ચારે અઘાતી કર્મો જે જીવાત્માને જુદી જુદી ૮૪ લાખ યોની-ઓની વિકૃત દશામાં ઉપજાવીને અત્યંત દુઃખો ભોગવાવે

છે તેવો જીવાત્મા પણ તેના કોઈક પુણ્યોદયે પ્રભુ ચરણનો આશ્રય લે છે તો તેનો પણ ભવરોગ તો મટી જાય છે અને સાથે સાથે જુદા જુદા દેહ ધરવા રૂપી વિકૃતિઓ ટળી જઈને કામદેવની માફક અશરીરી દશાને પ્રાપ્ત કરે છે અર્થાત્ નિરંજન નિરાકાર એવા સિદ્ધપદને પ્રાપ્ત કરી લે છે.

**આપાદકંઠમુરૂશૃંખલ – વેષ્ટિતાંગા**
**ગાઢં બૃહન્નિગડકોટિ–નિઘૃષ્ટ જંઘા: ।**
**ત્વન્નામમન્ત્રમનિશં મનુજા: સ્મરન્તઃ**
**સદ્ય સ્વયં વિગતબન્ધભયા ભવન્તિ ॥૪૬॥**

**અન્વયાર્થ :** – **આપાદકંઠં** (પગથી ગળા સુધી) ઉરુ (મોટી) **શૃંખલ** (સાંકળોથી) **વેષ્ટિત** (જકડાયેલા) **અંગાઃ** (અંગો) **ગાઢં** (ગાઢા) **બૃહત્** (મોટી) **નિગડ** (લોઢાની બેડી) **કોટી** (અણી) **નિઘૃષ્ટ** (ઘસાઈ રહી છે) **જંઘાઃ** (જાંઘો) **મનુજાઃ** (મનુષ્યો) **ત્વત્** (આપના) **નામમંત્ર** (નામ સ્મરણથી) **અનિશં** (નિરંતર) **સ્મરંતઃ** (સ્મરણ કરવાથી) **સદ્ય** (તુરતજ) **સ્વયં** (પોતે) **વિગત બન્ધ ભયા** (બંધનના ભયથી મુક્ત) **ભવન્તિ** (બને છે.) ॥૪૬॥

**અર્થ**– પગથી છેક ગળા સુધી જેના અંગો મોટી મોટી સાંકળો વડે જકડાયેલા છે અને જેની જાંઘો લોખંડની મોટી બેડીઓની અણીઓ વડે છોલાઈ રહી છે એવા મનુષ્યો નિરંતર તમારા નામનું સ્મરણ કરે તો બંધનોના ભયથી પોતાની મેળે તુરત જ મુક્ત થઈ જાય છે.

**પરમાર્થ** :- આ ગાથા કર્મ-પ્રકૃતિના સાર રૂપ છે તેથી...અત્યંત મનનીય છે.

ભોજરાજાએ આચાર્યશ્રીને પગના અંગુઠાથી ગળા સુધી લોખંડની જંજીરોથી ખરેખર બાંધીને કારાગ્રહમાં પુરેલ તેનો અત્રે સ્પષ્ટ ઉલ્લેખ કરીને પરમાર્થથી સંસારી જીવમાત્ર-નિગોદથી માંડીને દેવો સુધી બધા કર્મરાજાના સંસારચક્રરૂપી કારાગ્રહમાં ૧૪૮ કર્મ પ્રકૃતિની બેડીથી બંધાઈને જુદીજુદી જાતની બંધન અવસ્થામાં પડેલ છે. તેમ છતાં કર્મરાજાના કેદી છે તેવું ભાન પણ કર્મરાજાના સેનાપતિ મોહરાજા જીવાત્માને થવા દેતા નથી. લીલી-પીળી ગોળીઓ આપીને જેમ બાળકોને આપણે ફોસલાવીએ છીએ, તેમજ લાલપીળા કામભોગો બતાવીને મોહ-રાજા જીવમાત્રને ભ્રમણામાં રાખીને પોતાને વશ રાખે છે. તેથી કર્મરાજાની કેદ કદાપિ ખાલી થતી નથી. તે ભ્રમણામાંથી છુટવાનો, પોતાના સઘળા બંધનોને પોતાની જાતે તોડીને પોતાનું શુદ્ધ સ્વરૂપ-પરમાત્મા પદ પામવાનો સરળ અને સચોટ ઉપાય પ્રભુના નામનું અનિશં નિરંતર સ્મરણ કરવું તેમ પોતાના દૃષ્ટાંતથી અત્રે આપણને બતાવે છે.

વળી આચાર્યશ્રીના શરીર પરના બધા અંગો બાંધી શકાયા છે પણ મસ્તક ખુલ્લું રહ્યું છે. તેમાં પણ પરમાર્થથી આત્માના જ્ઞાન ગુણનું સ્વરૂપ બતાવ્યું છે. આત્મા અને જ્ઞાન સહચરી હોય છે. રાજા જેમ મસ્તકના ભાગને જકડી ન શકયો અને તેથી તો આચાર્યશ્રી પ્રાર્થના

કરી શક્યા ને બંધનમુક્ત પોતાની મેળે થઈ શક્યા, તેજ પ્રમાણે કર્મરાજા પણ આ જ્ઞાન ગુણને સંપૂર્ણપણે કર્મ-પુદ્ગલથી આવરી શકતો નથી. તેથી તો નિગોદના જીવોને અક્ષરના અનંતમાં ભાગે જ્ઞાન ઉઘાડું રહે છે. અને તેટલા જ્ઞાનના ઉઘાડને લીધે જ ધીરેધીરે અકામ અને સકામ નિર્જરાએ કરી ભવી જીવાત્મા પોતાના સંપૂર્ણ જ્ઞાનનો ઉઘાડ કરી શકે છે, કેવળજ્ઞાન પ્રગટાવી શકે છે, એમ આચાર્યશ્રી અત્રે પરમાર્થથી સુચવે છે.

**મત્તદ્વિપેન્દ્ર – મૃગરાજ – દવાનલાહિ –**
**સંગ્રામ – વારિધિ–મહોદર બન્ધનોત્થમ્ ।**
**તસ્યાશુ નાશમુપયાતિ ભયં ભિયેવ,**
**યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે ॥૪૭॥**

**અન્વયાર્થ**: **યઃ** (જે) **જાતિમાન્** (પ્રજ્ઞાવંત) **તાવકં** (આપનું) **ઇમં** (આ) **સ્તવં** (સ્તવન) **અધીતે** (ભણે છે) **તસ્ય** (તેના) **મત્ત** (મદમાતા) **દ્વિપેન્દ્ર** (હાથી) **મૃગરાજ** (સિંહ) **દવાનલ** (અગ્નિ) **અહિ** (સર્પ) **સંગ્રામ** (યુદ્ધ, લડાઈ) **વારિધિ** (સમુદ્ર) **મહોદર** (જલોદર) **બન્ધન** (જેલવાસ) **ઉત્થં** (ઉપજતા) **ભયં** (ભયો) **ભિયા** (ભય પામી) **ઈવ** (જાણે) **આશુ** (ઝટ) **નાશં** (નાશ) **ઉપયાતિ** (પામે છે.) ॥૪૭॥

**અર્થ** :- જે બુદ્ધિમાન આપના આ સ્તોત્રનો (ભક્તિપૂર્વક) પાઠ કરે છે, તેના મદમાતા હાથી, સિંહ, દાવાનલ, સર્પ, સંગ્રામ, સમુદ્ર અર્થાત્ જળ, જલોદર અર્થાત્ રોગમાત્ર અને બન્ધનથી ઉપજતા ભયો જાણે પોતે ભય પામીને ઝટ નાશ પામે છે. (૪૭)

**પરમાર્થ** :- અગાઉની નવે ગાથાના ભયોનું અત્રે ઉપસંહાર કરતા સમુચ્ચય કથન કરીને તે બધા ભયો જાણે પોતે ભયભીત બનીને હે! પ્રભુ તારા નામ સ્મરણરૂપી આ સ્તોત્રના પઠનથી અવશ્ય દૂર થાય છે તેમ કહીને પ્રભુ-સ્તુતિનું અત્યંત માહાત્મ્ય બતાવ્યું; અને પ્રભુના શરણે જનારના આઠે પ્રકારના કર્મો તુરતજ નાશ પામે છે અને સર્વથા કર્મમુક્ત બની નિર્ભય થઈ કેવળજ્ઞાન પ્રગટાવી અરિહંત પદ પામીને જગતના સર્વ જીવોને અભયદાન આપે છે, અને યથાકાળે સિદ્ધ દશાને પામે છે; એમ પરમાર્થથી કહેવા માગે છે.

"ભયં ભિયા ઈવ"નો વાક્ય પ્રયોગ બહુ સુંદર રીતે કર્યો છે.

**સ્તોત્ર-સ્રજં તવ જિનેન્દ્ર! ગુણૈર્નિબદ્ધાં**
**ભક્ત્યા મયા રુચિરવર્ણ-વિચિત્ર-પુષ્પામ્।**
**ધત્તે જનો ય ઈહ કંઠ-ગતા-મજસ્રં,**
**તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ ॥૪૮॥**

અન્વયાર્થ :- **જિનેન્દ્ર! મયા** (મારા વડે) **ભક્ત્યા** (ભક્તિપૂર્વક) **ગુણૈઃ** (ગુણ રૂપી ધાગા વડે) **નિબદ્ધાં** (ગુંથેલી) **રુચિર** (મનોહર) **વર્ણ** (અક્ષરરૂપી) **વિચિત્ર** (વિવિધ રંગોવાળા **પુષ્પાં** (પુષ્પોવાળી) **તવ** (આપની) **સ્તોત્ર સ્રજં** (સ્તોત્રરૂપી માળા) **ઈહ** (આ જગતમાં) **યઃ** (જે) **જનઃ** (મનુષ્ય) **અજસ્રં** (નિરંતર) **કંઠગતાં** (કંઠે) **ધત્તે** (ધારણ કરે છે) **તં** (તેની પાસે) **માનતુંગ** (પ્રતિષ્ઠિત) **લક્ષ્મીઃ** (લક્ષ્મી) **અવશા** (વિવશ બનીને) **સમુપૈતિ** (ભાવપૂર્વક જાય છે.) ॥૪૮॥

અર્થ :- હે જિનેન્દ્ર! તમારા જ્ઞાનાદિ ગુણરૂપી સૂત્રે કરી ગુંથેલી તથા મનોહર અક્ષરરૂપી રંગબેરંગી પુષ્પોવાળી આ તમારા સ્તોત્રરૂપી માળા જે ભવીજન હંમેશા કંઠે ધારણ કરે છે અર્થાત્ કંઠસ્થ પાઠ કરે છે, તે સન્માનના શિખરે પહોંચેલા પુરુષની સમીપે લક્ષ્મી પોતે વિવશ બનીને રૂડા પ્રકારે જાય છે. (૪૮)

**પરમાર્થ** :- ૪૭મી ગાથામાં પ્રભુસ્મરણથી સર્વ પ્રકારના અશુભ ઉદય દુર થાય તેમ કહીને આચાર્યશ્રી આ અંતિમ ગાથામાં કહે છે :- જે કોઈ ભવીજન આ સ્તોત્રરૂપી માળાને કંઠમાં ધારણ કરે છે અર્થાત્ કંઠસ્થ નિત્ય પાઠ કરે છે તેને અવશ્ય આ લોકમાં ઊંચામાં ઊંચું સન્માન પ્રાપ્ત થાય છે અને માનતુંગી લક્ષ્મી કહેતાં મોક્ષરૂપી લક્ષ્મી વિવશપણે વરે છે; એટલે કે સર્વકર્મથી મુક્ત બની સિધ્ધપદ પામી સિદ્ધાલયમાં શાશ્વતા કાળને માટે શાશ્વત સુખોને પામે છે, આમ 'ભક્તામર' શબ્દનો પરમાર્થ તે ભક્ત "અમર" બની જાય છે તે અત્રે પ્રગટ કર્યો. ઉપરાંત આ સ્તોત્રના રચયિતા તરીકે પોતાનું 'માનતુંગ' નામ પણ આચાર્યશ્રીએ આ રીતે કુશળતાપૂર્વક બતાવ્યું છે. – શ્રી આદિનાથ ભગવાનની જય હો.

**સારાંશ** :- પ્રભુ પ્રાર્થનાનું પરમ ફળ પરમાત્મપદની પ્રાપ્તિ છે. માટે હે વાંચક! આજથી નિયમિત આ સ્તોત્રનો નિરંતર પાઠ કરજે.

**-ઇતિશ્રી ભક્તામર સ્તોત્રનું**
**પંચાંગી વિવરણ સમાપ્તમ્,**

# સંતોના અભિપ્રાયો

જ્ઞાનનું મંથન બહુ ઝીણવટથી કર્યું છે.
અનેકને ઉપયોગમાં આવે એવી શૈલી અપનાવી છે.
ઘણા જીવોને લાભનું કારણ એ જ પોતાના લાભનું કારણ થાઓ.

શ્રી ખંભાત મુકામે ચંપકમુનિ
આસો વદ ૧૪ સં ૨૦૩૪. (આચાર્યશ્રી–બરવાળા સંપ્રદાય)

મહાવીરનગર,
ચિંચણી, તા. ૨૩–૧૧–૭૮

## (મુનિશ્રી સંતબાલજીના પત્રમાંથી ઉતારો)

'સામાન્ય રીતે ભક્તામર સ્તોત્રમાં ઉત્તમોત્તમ મંત્રોનો સમાવેશ છે અને ચમત્કારની વિશેષતાઓ આ સ્તોત્રની આસપાસ ઘેરી વળેલી છે એવો ખ્યાલ તો ઘણા જૈનોને હોય છે. અને તમે જાણતા હશો જ કે "એક યા બીજા હેતુએ હવે મુંબઈ જેવી મહામોહમયી નગરીના પ્રાય: દરેક પરામાં પ્રભાતે નિયમિતપણે ભક્તામર સ્તોત્ર નિત્ય ગવાવું ચાલુ થઈ ગયું છે. તેવેજ સમયે ઉપર્યુક્ત તમારા પત્ર શબ્દોમાં જૈનધર્મની વિશેષતા સૂચક જે મહત્ત્વભર્યા મુદ્દાઓ નજરે ચઢે છે તે વાંચી તમોને અંતઃકરણના ધન્યવાદ આપવાનું સહેજે બની રહે છે." અને એમ કહેવાનું પણ મન થાય છે કે તમે અડતાલીસેય ગાથાનો અર્થ વ્યવસ્થિત રીતે લખી નાખો કારણ કે ચમત્કારની વાતો તો આ જૈન તત્ત્વજ્ઞાનના પાયાના મુદ્દાઓ

જોતાં ગૌણ બની જશે. જેની આજે ખાસ અનિવાર્ય જરૂર છે."

સંતબાલ.

વડોદરા. તા. ૨૨-૪-૭૮

તા. ૧૨-૩-૭૮ના વિજય સોસાયટીમાં ઉતરેલા તે વખતે રસિકભાઈ છગનભાઈ શેઠનો પરિચય થયો. તેમની ધર્મશ્રદ્ધા અપૂર્વ છે. પોતે ૩૨ આગમની વાંચણી કરી છે. અમારી શિષ્યાઓને ભક્તામર સ્તોત્રનું વાંચન, અર્થ અને ભાવાર્થ સહિત કરાવ્યું, અર્થ કરાવવાની તેમની પધ્ધતિ ખુબજ સુંદર, વિદ્યાર્થીઓના દિલમાં તેનો ભાવ ઠસી જાય એવું સુંદર સ્તોત્રનું મહત્ત્વ-ગાંભીર્ય સમજાવ્યું....

વડોદરા સાધ્વી દમયંતી

આદિ સતીજી ગણ.

(લીંબડી સંપ્રદાયના કવિવર્ય ગુરૂદેવ શ્રી પૂ. નાનચંદ્રજી મહારાજ સાહેબના તથા શાંતમૂર્તિ પૂ. રતનબાઈ સ્વામીના સુશિષ્યાઓ.)

રસિકભાઈએ તેમનો કીંમતી સમય આપી અમોને ભક્તામર સ્તોત્રના અર્થ પરમાર્થ સુંદર રીતે સમજાવ્યા. તેમની સમજાવવાની શૈલી ખૂબ સુંદર અને મગજમાં બેસી જાય તેવી સરળ છે. તેઓશ્રીને આગમનું પણ સુંદર જ્ઞાન અને દૃઢ શ્રદ્ધા છે જે ખરેખર પ્રશંસનીય છે. (ખંભાત સંપ્રદાયના મહાન પૂ. ગુરૂદેવની આજ્ઞાથી વૈરાગી પૂ. આચાર્ય શ્રી કાન્તિ (બા બ્ર, અરવિંદ મુનિ) ઋષિજી મ. સા. ના સુશિષ્યો) ચેતન મુનિ.

## માતૃશ્રી ડાહીબાઈ ગ્રંથમાળાના
## લેખકના પુસ્તકો

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ભક્તામર સ્તોત્ર પંચાગી વિવરણ - | રૂા. ૫ : ૦૦ |
| (૨) | ,, કલ્યાણ મંદિર ,, ,, | રૂા. ૨ : ૫૦ |
| (૩) | ,, પુચ્છિસ્સુણં ,, ,, | રૂા. ૨ : ૫૦ |
| (૪) | ,, સુબોધ વચનામૃતો | રૂા. ૩ : ૫૦ |
| (૫) | ,, નમસ્કાર મહામંત્ર | રૂા. ૫ : ૦૦ |
| (૬) | ,, મોટી સાધુ વંદણા (બીજી આવૃત્તિ) - | અલભ્ય |
| (૭) | ,, સવાઓ ગાથા વિવરણ | રૂા. ૭ : ૦૦ |
| (૮) | ,, ભાવના ભત્ર નાશિની | રૂા. ૭ : ૦૦ |
| (૯) | આચાર એજ પરમ ધર્મ | રૂા. ૫ : ૦૦ |
| (૧૦) | શ્રી સામાયિક ચિંતનિકા | રૂા. ૫ : ૦ |

આ પુસ્તકોના પ્રકાશનનો લાભ કોઈ ને લેવો હોય તો લેખકને લખવા કે મળવા વિનંતિ.

**સુજ્ઞ વાંચક શ્રી,**

**આજના અતિવિલાસી ટી. વી. યુગમાં ઉગતી પ્રજાના સંસ્કારો જાળવી રાખવા ઘરમાં સદ્‌ગ્રંથો નિયમિત વંચાય તે ખાસ જરૂરી છે.**

તે હેતુ લક્ષ્યમાં રાખી આ ગ્રંથમાળા ચાલુ કરી છે આપને લાગે કે સંસ્કાર જાળવણીના આ સત્કાર્યમાં આ જ્ઞાનયજ્ઞમાં આપે પણ આપનો સહયોગ પાઠવવો જોઇએ તો કોઈપણ પ્રકારે આપનો સહકાર આપશોજી.

૧૮, પટેલ કોલોની,
સિધ્ધનાથ રોડ,
વડોદરા (૩૯૦ ૦૦૧) રસિકલાલ છગનલાલ શેઠ